કુમાર

અંક ૬૪

ચૈત્ર ઉગતી પ્રજાનું માસિક '૮૫



કુમાર


ચૈત્ર ૧૯૯૫

અંક ૬૪

ચેતવણી

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે ગોપના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.
લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બનો શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



જ્ઞાની કવિ અખો ભગત

(ચિત્રકાર : રવિશંકર રાવળ)

સંસારાનુભવે ચોખ્ખા શોધ્યા શબ્દ અખો વદે,
ચઢેલું હેમવેદાન્ત કસોટી માંહ્ય સો ટચે.

'કુમાર' ચૈત્ર ૧૯૮૫ના અંકનું મુખચિત્ર



કુમાર

ચૈત્ર
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

પ્રાણધૂપ

(મંદાક્રાંતા)

ધીમે ધીમે નયન ઉઘડે વિશ્વની સંસ્કૃતિનાં,
ગાજી ઉઠે દિશ સકલની ચેતના પ્રાણવાન:
યાચે છે કો' અલખ પડઘો દેશમાં પ્રાણદાન,
ઉજાળે છે અમર વીરતા પંથ ભાવિ પ્રજાના.

આદેશોથી ગગન ભરતો કોઈ કર્મણ્ય આત્મા,
સંભાળે છે યુગજીવનની સંસ્કૃતિનું સુકાન:
વાંછે છે એ જગતભરની ક્રાંતિનું દષ્ટિપાન,
આદર્શોથી ઘટ ચીતરતો વિશ્વનો કો' કલાત્મ.

યજ્ઞે યજ્ઞે બલિ પ્રકટશે ભાવનાને સ્વરૂપ,
શ્વાસે શ્વાસે નિત પમરશે નિર્મળા પ્રાણધૂપ.

ઈન્દુલાલ ગાંધી



યુવાનો જ્યાં જ્યાં મળે છે ત્યાં ત્યાં બળવાની જ વાતો કરે છે. એક આખા યુગની આંટીઓ અને પીડાઓનો બોજો તેમના હૃદયને બેચેન કરી રહ્યો છે. કોઇ દુશ્મન તેમનું લોહી પી રહ્યો હોય, કોઇ જીવલેણ વ્યાધિ તેમને આખે શરીરે પીડી રહ્યો હોય, એવી દશામાં તેમનું મગજ તરફડાટ મારી રહ્યું હોય એમ સ્પષ્ટ દેખાય છે. તેમની જુવાની સંસારના તાપે પ્રજળી જતી લાગે છે; વિદ્યાભ્યાસ માત્ર વૈતરું બની ગયો છે; હાથપગની અશક્તિએ તેમના ધંધો અને ઉદ્યોગ છિન્નભિન્ન કરી નાખ્યા છે. વ્યવસ્થિત કટ્ટર રાજતંત્ર અને ઉંડી ઘરેડ નાખી પડેલો સંસારવ્યવહાર તેમની ગતિ અને દિશાઓ રૂંધી બેઠાં છે; ધર્મ ને સમાજ તેમની આકાશગામી ભાવનાઓને વંધ્ય કરી નાખે છે; દારિદ્રય દુષ્કાળ ને મૃત્યુ તેમનો ઉપહાસ કરી રહ્યાં છે; તેની નજરમાં ક્યાં યે આરામ કે રાહત દેખાતાં નથી. એ તે શું કરે? દુઃખની હાય મારે? પોકાર કરે? કે સમગ્ર સૃષ્ટિમાં આગ લગાવે?... પણ યુવાન બળવાની વાતો જ કરે છે?

તે પોતાના દુશ્મનને જોઇ શકતો નથી; પોતાના વ્યાધિનું નિદાન કરી શકતો નથી; આંટીઓ ઉકેલી શકતો નથી. તેનામાં સામર્થ્ય રહ્યું નથી: ભોગ આપવાની તાકાત નથી, તૈયારી નથી: એટલે દુઃખની બરાડ માત્ર પાડી રહ્યો છે. કોઇને સ્પષ્ટ દિશા દેખાતી નથી, કોઇને ઈલાજ જડતો નથી, કોઈ પ્રયત્નમાં માનતું નથી.

આવે વખતે યુવાન કર્તવ્યશૂન્ય થઇ જાય એમાં શી નવાઇ? કર્તવ્યનાં ક્ષેત્રો સાવ સુનાં પડ્યાં છે. યુવાનો માત્ર ભાષણના માચડા તરફ ધસે છે. દરેક માને છે કે ત્યાંથી સંદેશ આવશે, ત્યાંથી પ્રેરણા મળશે, ત્યાંથી કોઇ પયગમ્બર દોરશે. ક્યાંકથી પણ એ રસ્તો શોધી રહ્યો છે. પરંતુ કોના હાથમાં ભાવીનું દૂરબીન આવ્યું છે એ કોઇ કહેશે?

જુવાન, સર્વ નૂતનનો સર્જનારો, સર્વ સાહસોનો આચરનારો, વ્યોમવિહારી જુવાન એ જાણે જીવતું વીરકાવ્ય છે. જુવાની એ માનસિક દશા છે; એ જિંદગીનો કોઈ કાળ નથી. વીસ વર્ષનો તે જુવાન, અને સાઠ વર્ષનો તે વૃદ્ધ, એ જુવાનીની વ્યાખ્યા નથી. જેણે જિંદગીની તાઝગી ન ગુમાવી હોય, જે આદર્શોના વ્યોમમાં ઉન્મુક્ત કલ્પનાવિહાર કરી શકતો હોય, જેનું મસ્તક સદા ઉન્નત રહેતું હોય, જેનું હૃદય સાહસના સાગરો અને ગિરિગુહાઓ ખેડવા ઉછળતું હોય, જેની ઈચ્છાશક્તિ અજેય હોય, જેના જીવનમાં ભીરૂતાનાં તત્ત્વો ઉપર શૌર્યનાં બળોનો વિજય સ્થપાયો હોય, જે અસમાનતા અને ભેદભાવની રચના વિદારવા કટિબદ્ધ હોય, તે જુવાન છે. તમારો આત્મવિશ્વાસ જેટલો અગાધ તેટલી તમારી જુવાની અપરિમિત; તમારો આશાવાદ જેટલો જ્વલંત તેટલી તમારી જુવાની તેજસ્વી; જ્યાં સુધી તમે આકાશના તારાઓની વાણી સમજી શકો, જ્યાં સુધી તમારું દિલ ન કબુલી શકે એવી કોઇ વાત સામે તમે પડકાર ફેંકી શકો, જ્યાં સુધી જુલ્મ અને જુલ્મગાર સામે તમારી આંખોમાંથી રોષજ્વાળાઓ છૂટે છે અને આ દુનિયાને કદરૂપ, કંગાલ ને કલેશપીડિત બનાવતાં એ તત્ત્વોના નાશ માટે તમે ઝંખો છો, ત્યાં સુધી તમે જુવાન છો.

તમારી એ જુવાની અમર હો.

(બળવંતરાય મહેતા)

યુવાન! જરા વાર સબુર કરી વિચાર કરી જો! કર્તવ્યના માર્ગો શોધવા દૂર ન જા. તારી આસપાસ નજર કરી લે. તેમાંથી કર્તવ્ય અને સેવાનું ક્ષેત્ર ન મળે તો પછી દુનિયાના છેડા સુધી જવાને તું મુખત્યાર છે. તારી સ્થિતિ છિન્નભિન્ન કરી નાખનારાં કારણોનું મુળ કોઇ માણસ કે વ્યક્તિ નથી. તું ધારે તો તારા પ્રયત્નની આડે કોઈ રાજતંત્ર કે સમાજ પણ આવી શકે તેમ નથી. પણ તારી ક્રિયાઓ, તારી ઉપાસનાઓ પરિપાક પામે તે પહેલાં તેમને પ્રકાશમાં મુકવા તું અધીરો બને, તારી સેવાઓની જાહેર કદરદાની માટે તલપે, તો જરૂર જાણજે કે પરિણામો વધુ ને વધુ દૂર જવાનાં. જાહેર પ્રકાશની રોશની તારી આંખો ઝંખવશે ને કદાચ તું સામે પડેલું કર્તવ્ય જોઇ નહિ શકે.

એકાંતે જરા વિચાર કર. દેશમાં વ્યાપેલી નિરક્ષરતા, વ્યાધિઓ અને નિરૂદ્યમ શાને આભારી છે? યુવાનોનાં દળમાંથી જ અનેક શિક્ષકો બન્યા છે, વિદ્યાધિકારીઓ બન્યા છે, અમલદારો બન્યા છે, વેપારીઓ બન્યા છે. તે બધા ય દેશના શાપના નિવારણ અર્થે કંઇ જ ન કરે તો, યુવાન, તું બીજાને દોષ ન દઈશ. યુવાનના ઉલટા સંસ્કારો જ યુવાનને પીસી રહ્યા છે. યુવાન કે યુવતી સંસારમાં પ્રવેશ કરતાં કેવા પાઠ ભજવે છે? બહારના દુશ્મનોને જીતવા નીકળનારા અંદરની ફાટફુટ જોઇ શકે તો કેવું સારું? શાળા કે કોલેજમાંથી નીકળેલો યુવાન કે સ્ત્રી જગતની પુનર્ઘટનામાં શો ફાળો આપે છે?

કુટુંબ સાથે ધીરજ અને સબુરી રાખી વસતાં કેટલાંને આવડ્યું છે? કેટલાંઓએ ગરીબ ને અનાથ બનેલાંઓની સંભાળ કે સારવાર કરી છે?

પોતામાં અગાધ જ્ઞાન કે શક્તિ છતાં સમાજમાં ભળી જઇને પોતાના વિવેક અને ચારિત્ર્યની ફોરમ કેટલા યુવાનોએ પ્રસારી છે? યુવાન, તારા એકલાથી બને તેવાં કાર્યો અને પ્રયત્નોમાં શિથિલ રહીને તું રાષ્ટ્રના સૈન્યનો યોગ્ય સૈનિક શી રીતે બનીશ?

રાષ્ટ્રદળની દીક્ષા સ્વીકારતાં પહેલાં વ્યવસ્થા અને સંયમ, (વાણીનો અને વર્તનનો) દરેક જણ કેળવે એ કેટલું જરૂરનું છે? આપણે પાંચ જણની નાની મંડળીમાં વખતસર અને મુદ્દાસર મળી શકતા નથી કે ચર્ચા કરી શકતા નથી, એમાણે આખા ય રાષ્ટ્રની જવાબદારી વાળી જગ્યાનો અધિકાર ધારણ કરતાં પહેલાં વિચાર કરવો ન ઘટે? આપણી મિજલસો અને નાસ્તા-પાર્ટીઓ.માં કે ઉજાણીઓમાં સુવ્યવસ્થા અને વિનયશીલ વર્તન લાવી શકતા નથી, છતાં આપણે સમાજવ્યવસ્થા અને મોટાં રાજતંત્રોની ઝાટકણી કાઢવા તૈયાર થઇ જઇએ છીએ. આપણી નાનકડી ફતેહને જગતના મહાન વિજયનું રૂપ આપી આગળ પડેલા કામ તરફ બેદરકાર બની જઇએ છીએ.

અલબત્ત, રાજતંત્રો અને સામાજિક સત્તાઓના ત્રાસ અને સિતમ અસહ્ય છે, પણ તેની સામે ઝુઝવાને જરૂરનાં સામર્થ્ય ને ચારિત્ર્યબળ એકાંત પ્રયત્નો અને દીર્ઘ ઉપાસના વિના કદિ જ નહિ મળે. જગતની કોઇપણ સભાનો ઠરાવ એ બળ નહિ આપી શકે. યુવાનો પોતાના કાર્યમાં એકસૂર થવાની તાલીમ પામે, યોજનાબદ્ધ ગતિ મેળવે, મુંગાં મોંએ સહન કરવાના તથા ઝુઝવાનાં સંયમ અને શક્તિ સાધે તે પહેલાં હુમલો કરવાની કે કુચ કરવાની દરેક જાતની ઉતાવળ તેમને વધુ પાછા નાખવા સિવાય કાંઇ ફળ નહિ આપે.

યુવાનો અને વિદ્યાર્થીઓ, યુવતીઓ અને કુમારીઓ! તમારી આસપાસ ઘણું કામ પડ્યું છે. એકાદ કામ તો તરત ઉપાડી લ્યો. નિરક્ષરોને વાંચતા કરો, સુંદર અને બળપ્રેરક સાહિત્ય જાતે વાંચી તે ફેલાવો, બાળકોને વિદ્યા કળા ઉદ્યોગ અને કસરતનો શોખ લગાડો, હુન્નર ઉદ્યોગની સંસ્થાઓ વધારો, રાત્રે-દિવસે જ્યારે જેટલો વખત મળે તે પ્રમાણે અનાથ અપંગ નિરાશ્રિતની ખબર લ્યો, તેમને માર્ગે ચડાવો અને સમાજનું સંગઠન સાધો, તમારી પર આવતા આરોપો અને હુમલાઓ ધીરતાથી ખમી લ્યો. અકળાઇને જવાબ આપવાનો વ્યર્થ પ્રયત્ન ન કરતાં સુંદર કામથી જ પ્રતિવાદીને તમામ હેતુની ખાતરી કરી આપો. જ્યાંજ્યાં કચરો અને મલિનતા જુઓ ત્યાંત્યાં બાંય ચડાવી કામે લાગો. સંસારને સ્વચ્છ અને તંદુરસ્ત બનાવો. એથી જ રાષ્ટ્રમાં તાકાત આવશે, પ્રકાશ આવશે, શક્તિ અને સત્તા પ્રગટશે.

તે જુવાન હતો

સાંજ મટી. રાત પડી હતી. દીવે વાટ ચડી ગઇ હતી. ગાડીઓ અને મોટરોની આવજા પુર જોશમાં હતી.

વિજળીની બત્તીનો પ્રકાશ ત્યાં પડતો ન હતો. ત્યાં વાંક હતો અને બત્તી તો પુલની પેલી મેર ઘણે દૂર હતી.

બીચારો પડ્યો પડ્યો' ઓ...મા... ઓ...બા...' કરતો હતો. ક્યારે ગાડીની હડફેટમાં આવી ગએલો અને ક્યારનો પડેલો એ કોણ જાણે!

સાઇકલ વાળો પસાર થયો; 'એ... બાપ...' સાંભળ્યું; પણ તે ઉતાવળથી ક્લબમાં જતો હતો. પસાર થતી મોટરમાં બેઠેલા શેઠને કંઇક સંભળાયું: પણ શેઠને સ્ટેશને કોઇની સામે જવું હતું.

ફડાકા મારતા બે કૉલેજિયનો પસાર થય. 'ઓ...બાપ રે' એવું કંઈક કાને પડ્યું: પણ તેઓ શેક્સપીઅર અને કાલિદાસમાં ગુલતાન હતા.

દીવાન સાહેબનાં ઘરનાં ત્યાં થઇને દર્શને ગયાં; પણ 'ઓ બાપરે...'નું કણાતું તેમને કાને ય પડ્યું ન પડ્યું.

અંધારૂં વધતું હતું; ખુણા ઉપર સડકની બાજુમાં એ બીચારો પડ્યો હતો.

વળી એક આદમી ત્યાંથી નીકળ્યો. 'કોક પડ્યું લાગે છે' કહી ચાલ્યો ગયો.

બે મજુરો નીકળ્યા. 'કોણ માણું કરાંજતું લાગે છે?' બોલી આગળ ગયા.

બે પ્રોફેસરો ગયા. જતાંજતાં વાતો કરતા ગયા: 'ક્યાંક કોઇકને વાગ્યું હોય ને પડ્યું હોય એમ લાગે છે.'

રાત વધતી જતી હતી. વાળુ વેળા વીતી ગઇ હતી.

એક સાદો માણસ નીકળ્યો. 'અરે, આ અહીં કોણ કણાય છે?' ખીસામાંથી દીવાસળી કાઢીને સળગાવી. આમતેમ ફરીને જોયું. ક્યાંકથી માણસનો અવાજ આવે છે! સડક ઉતરીને પુલના ખુણા પાસે ગયો. બીચારો ડોસો પડ્યો હતો.


બાબાને ઉભા કર્યા અને દોર્યા. બીચારા આંધળા હતા. લાકડી લઇને જતા હશે, ત્યાં કોઇ ગાડીની હડફેટે આવી ગએલા. કેડમાં ખુબ વાગ્યું હતું.

એ જુવાન માટી ડોસાને દવાખાને મુકી આવ્યો. મોડો ઘેર ગયો. છાશ રોટલો ખાધાં. ભગવાનના નામની બે માળા ફેરવી. હા...શ કરીને સુતો.

સવાર પડી ને ગોધલા જોડી ખેતરે ગયો. એ કણબીનો છોકરો હતો. ભણ્યો નો'તો, ગણ્યો નો'તો; ધરમ ધ્યાન જાણતો નો'તો; પણ એ જુવાન હતો. એના દિલમાં દયા હતી. (દ. મૂ. દૈનિક)

માણસ ચીતરવાનું સહેલ છે

[એકસઠમા અંકને અનુસંધાને આગળ : બીજો હપતો]



મનુષ્યના માથાનો હિસાબ આખા શરીર જોડે શો છે એ એક વાર મગજમાં ઉતરે તો પછી લંબાઇ મુકવાની ભુલ નહિ થાય. પછી તો શરીર કયાકયા ભાગોમાંથી વળે છે તે વિચારવાનું આવે છે.

ઉપર આકૃતિ નં. ૧માં, માણસ બેસે છે ત્યારે મુખ્ય અવયવો ક્યાંક્યાં વળે છે તેના વિભાગ દેખાડયા છે. દરેક વિભાગની અંદરનું હાડકું, તેના બીજા છેડે બીજા હાડકા સાથે, મિજાગરાની પેઠે ફરતું કે વળાતું હોય છે. હાડકાની લંબાઇ સાચવીને આ હાલચાલ ગમેતેમ ફેરવવાથી પ્રમાણ બગડતું નથી. હાથના અને પગના પંજાની લંબાઇ મુકવામાં ખાસ ધ્યાન રાખવાનું છે.

નં. ૨ની આકૃતિમાં ચહેરાની મુખ્ય નિશાનીઓ માત્ર મુકી છે અને આખા બેઠક ફક્ત એક મુકીને સુચવી છે. છતાં આખો પિંડ માપસર હોવાથી પલાંઠી વાળી બેઠેલા માણસનો ખ્યાલ બરોબર આપે છે.

આકૃતિ નં. ૩માં બેઠેલા માણસનો એક બાજુથી બતાવેલો દેખાવ છે. તેમાં બરડાની રેખા, ગોઠણ અને ચહેરાનો હિસાબ બતાવ્યો છે. નં. ૪માં મુખ્ય પ્રમાણોની લીટીઓ મુકીને જ આકૃતિ બતાવી છે. આવી આકૃતિઓની અનેક વિવિધતા કરી શકાશે. એ જ મુજબ નં. પાંચમામાં પણ ઉભી આકૃતિને અવયવોના વિભાગ સાથે દોડતી બનાવી છે. એવાં ચિત્રોમાં પ્રમાણો ઉપરાંત ગતિ અને શરીરનું તોલ પણ સાચવવું પડશે.

છઠ્ઠી આકૃતિ સાદામાં સાદી રેખાઓ પ્રમાણ પર ખેંચવાથી બનેલું સ્વરૂપ બતાવે છે. આવી લીટીઓ દોરવાને હાથમાં અનુભવ અને માપ ઉતારવાં જોઇએ. આકૃતિ નં. ૭ પણ એ જ વિચાર સિદ્ધ કરે છે; ઉપરાંત સ્ત્રીની આકૃતિ પુરુષ આકૃતિથી સરખામણીમાં કેટલી જુદી પડે છે તે એ બતાવે છે. નં. ૮, ૯ અને ૧૦, એ ચોકની પ્રમાણસર રેખાઓથી આકૃતિ કેટલી જલદીથી બાંધી શકાય તેના નમુના છે.

ખુબ દોરશો તેમ વધુ સહેલું થશે.

અખો ભગત

[શુમારે વિ. સં. ૧૬૬૦-૭૦થી ૧૭૩૦-૪૦ જયંતિ : ચૈત્ર સુદ ૯]

સંસ્કૃત કહેવત છે કે પવન દીવાને હોલવી નાખે છે પણ દવાનળને ફેલાવે છે. સંકટનું કાર્ય પણ ઘણી વાર એવું બને છે. ઉપરાઉપરી સંકટો આવે એટલે પોચો માણસ હતાશ થાય છે, ઘણી વાર નાસ્તિક બને છે, 'ભલાની દુનિયા છે જ નહિ' એમ કહી ભલાઇનો ત્યાગ કરે છે. એ જ સંકટો જ્યારે કોઇ મહાન વિભૂતિ ઉપર આવી પડે છે ત્યારે એ સંકટોને લીધે જ તે ઉંડામાં ઉતરે છે, જીવનરહસ્યના સાગરમાં ડુબકી મારે છે-અને તેમાંથી અસાધારણ તેજવાળા અનુભવના સિદ્ધાન્તો શોધી કાઢી દુનિયાને તેની ભેટ આપે છે. આવા મરજીવા વિરલ માનવીઓમાં અમદાવાદનો સોની કવિ અખો ગુજરાની સાહિત્યક્ષેત્રમાં અસાધારણું સ્થાન ભોગવે છે.

ગુજરાતના કવિઓમાંથી કેટલાકે પૌરાણિક આખ્યાનો કહ્યાં છે; મોટા ભાગના કવિઓએ વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન અને કૃષ્ણ–ગોપીનાં ભક્તિ–શૃંગારનાં પદો ગાયાં છે; શામળ જેવાએ સંસ્કૃત તથા પ્રાકૃત લૌકિક સાહિત્યમાંથી વસ્તુ લઇ આપણને વાર્તારસ ચખાડ્યો છે. પરંતુ હાથમાં બે ધારી તલવાર લઇ દંભ, પાખંડ અને વહેમ સામે ઝુઝનાર તો જ્ઞાની કવિ અખો જ છે. ગુરુઓ, ધર્માચાર્યો તથા સંન્યાસીઓનાં ધતીંગોનો છચોક વિરોધ કરી તેમની પ્રપંચજાળથી મુક્ત રહેવા સમાજને તેણે હાક પાડીને ચેતવ્યો છે. જ્ઞાનનો ઇજારો રાખી બેઠેલા પંડિતોને એણે બતાવી આપ્યું છે કે મનુષ્યની ઉન્નતિ પાંડિત્યના આડંબર વિના પણ થઇ શકે છે. પોતાનો ઉપદેશ સમજાવવા તેણે જે ઉપમાઓ અને દૃષ્ટાંતો આપ્યાં છે તે એના વિશાળ અનુભવ અને બારીક નિરીક્ષણમાંથી સુઝેલાં હોઇ તે દ્વારા સમાજના ખોટા રિવાજો ઉપર કરેલી એની ટકોરે તેમનું અનિષ્ટપણું બહુ સચોટ વ્યંગમાં સૂચવ્યું છે. ટુંકામાં, જ્યાં જ્યાં તેને સડો દેખાયો છે ત્યાં ત્યાં તેની સખત ઝાટકણી કાઢીને સમાજને તેણે જાગૃત કર્યો છે.

અખાનું પ્રમાણભૂત જીવનચરિત્ર મળી આવતું નથી, પણ તેના જીવનના જે થોડાક પ્રસંગો સાંભળવામાં આવે છે તે ઉપરથી તેના ચરિત્રની આછી રેખા અંકાઇ રહે છે.

અખો ન્યાતે સોની હતો. પ્રથમ તે અમદાવાદની નજીકમાં આવેલા જેતલપુર ગામમાં રહેતો, પરંતુ પંદર સોળ વર્ષની વયે જ એને અમદાવાદમાં આવીને રહેવાનું મન થયું. દેસાઇની પોળમાં તે રહેતો એમ કહેવાય છે. વીસ વર્ષની વય પહેલાં તો પિતાનો સ્વર્ગવાસ થયો. ને ત્યાર પછી થોડા જ વખતમાં એકની એક વ્હાલસોયી બહેન ચાલી ગઇ. તે જ અરસામાં તેની પત્ની પણ ગુજરી ગઇ. આમ નજીકનાં સગાંનાં ઉપરાઉપરી મરણથી સંસારની ક્ષણભંગુરતાનો તેને અનુભવ થયો અને તે નિમિત્તે વૈરાગ્યનાં બીજ તેના હૃદયમાં વવાયાં.

અખાને વિષે એક દંતકથા એવી ચાલે છે કે એક બાઇને તે પોતાની ધર્મભગિની ગણતો અને તેના ઉપર સગી બહેનના જેટલું હેત રાખતો. તેણે એક વખત સોનાની કંઠી કરી આપવા અખાને ત્રણસો રૂપિયા સોંપ્યા. ઉદાર દિલના અખાએ પોતાની પદરના સો રૂપિયા તેમાં ઉમેરી ચારસો રૂપિયાની કંઠી કરી આપી. 'સોની સગી માનું ય કાઢી લે' એ લોકકહેવતને પ્રભાવે પેલી બાઇના મનમાં અણવિશ્વાસ પેદા થયો. કંઠી ચોકસીને દેખાડી. કાપ મુકી સોનું કસી જોઇ કંઠીની કીમત તેણે રૂપિયા ચારસોની આંકી. બહેનને પશ્ચાત્તાપ થયો, પણ અખા આગળ સીધી રીતે વાત કબુલ કરવાની તેની હીમત ન ચાલી. છતાં કંઠી ફરી ગંઠાવવા તે અખા પાસે જ ગઇ. અખાને વાતમાં શક પડ્યો અને ફોસલાવી પટાવી બાઇ પાસેથી સાચી

હકીકત તેણે કઢાવી લીધી. આ પ્રસંગથી સંસારના સંબંધ કેવા જુદા અને સ્વાર્થી છે તે અખાને દિલમાં સચોટ વસી ગયું.

અખાને વિષે બીજી એક દંતકથા એવી ચાલે છે કે અમદાવાદની ટંકશાળનો તે ઉપરી હતો. કોઈએ તેની વિરૂદ્ધ બાદશાહને ફરિયાદ કરી કે અખો તો ચાંદી સોનાના સિક્કામાં બીજી હીણી ધાતુ ભેળવે છે. બાદશાહે તપાસ ચલાવી. અખો નિર્દોષ ઠર્યો, પણ આ પ્રસંગથી તેના ચિત્ત પર વૈરાગ્યની છાપ સજ્જડ પડી.

અખાએ પોતાના સોનીના ધંધાને તિલાંજલિ આપી અને સત્યની શોધમાં તે લાગ્યો. અમદાવાદમાં ઘણા સાધુસંતોનો સમાગમ કર્યો પણ તેથી તેના મનનું સમાધાન થયું નહિ. છેવટે તીર્થયાત્રાએ નીકળી જવાનો તથા કોઇ સંતમહંત મળી જાય તો તેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરી, માલમિલ્કત વેચી નાખી ઘર બહાર નીકળી પડ્યો. ગોસાંઇજીનાં દર્શન કરવાના ઇરાદાથી પ્રથમ શ્રી નાથજી વગેરે સ્થળોએ તે ગયો.



અખાની વાણી

ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ને ચોમાસું મ્હાલ્યો, કરડકણી કુતરીને હડકવા હાલ્યો;
મરકટ ને વળી મદિરા પીએ, અખા એથી સૌ કો બીએ.

એક અફીણ, બીજું આળસ, એ બેમાં છે કેવો રસ;
જેમ જેમ અદકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો મુકે તો કારજ સરે, નહિ તો અખા તે ખાતો મરે.

જેમ કોઇ જન ઉંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો;
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલી ને ઠાલી રહે કુખ;
એમ જ અખો કહે નિરધાર, ભણતર મિથ્યા વગર વિચાર.

સુખીઆં દુઃખીઆં દીસે બહુ, પણ માયાના દીસે સહુ;
સુખીઆં પલકે દુઃખીઆં થાય, ધન, તન, લક્ષ્મી ફીટી જાય;
રંક હતા તે બનીઆ રાય, અખા એ જ માયા મહિમાય.

પલકે રિધ સિધ આવે ઘણી, જીવ જાણે હું સહુનો ધણી;
જેમ વરઘોડે મળ્યા બહુ વના, પલકે રહીને થાય તે ફના;
અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત.

'ગુરુ કીધા મેં ગોકુળનાથ' આ વાક્ય ઉપરથી તેણે ગોસાંઇજીની કંઠી બાંધી હશે એમ અનુમાન થાય છે. માલદાર હોવાથી તેને ગોસાંઇના મંદિરમાં બહુ સારો સત્કાર મળ્યો. પણ આ સત્યશોધક જિજ્ઞાસુને પુષ્ટિમાર્ગી મહારાજોના મોજશોખ અને વિલાસ જોઇ બહુ જુગુપ્સા ઉત્પન્ન થઈ. ત્યાંથી તે કાશી તરફ ચાલી નીકળ્યો. ત્યાં ફરતાં ફરતાં એક દિવસ રાત્રે બ્રહ્માનંદજી નામના કોઇ સંન્યાસી પોતાના મઠમાં બીજા અધિકારી સંન્યાસીને વેદાન્તનો ઉપદેશ આપતા હતા તે તેણે છુપી રીતે સાંભળ્યો. એમાં તેને બહુ રસ પડ્યો, એટલે રોજ ત્યાં જઇને ગુપ્ત રીતે કથા સાંભળવા માંડી. પોતાને થએલા કડવા અનુભવથી અખો બહુ વહેમી બની ગયો હતો, એટલે આ સંન્યાસીની પણ દિવસને વખતે તેણે અનેક રીતે કસોટી કરી જોઈ. પણ કોઇ રીતે એ મહાત્મા ચળ્યા નહિ, એટલે એની ખાતરી થઇ. આમ ગુપ્ત રીતે કથા સાંભળતાં એક વરસ વહી ગયું. એક રાતે સાંભળનાર સંન્યાસીને નિદ્રા આવી જવાથી હોંકારો દેવાયો નહિ એટલે અખાએ હોંકારો દીધો. હોંકારો અન્ય સ્થળેથી આવ્યો તેથી બ્રહ્માનંદજીને આશ્ચર્ય થયું. તપાસ કરી તો અખાને બહાર છુપાઇને બેઠેલો જોયો. અખાએ માફી માગી અને સર્વ હકીકત વિદિત કરી. અખાના અધિકાર વિષે પરીક્ષા કરી લઇ બ્રહ્માનંદજીએ એને વેદાન્ત ગ્રન્થોનો અભ્યાસ કરાવવા માંડ્યો.

કેટલાંક વર્ષો કાશીમાં ગાળી એ પાછો ગુજરાતમાં આવી રહ્યા હતો. પાછા ફરતાં ગોકુળનાથનાં દર્શન કરવાની ઇચ્છાથી એ જયપુર તરફ ગયો. પણ આ વખતે તો તે પહેલાંનો માલદાર અખો નહોતો, એટલે મંદિરમાં કોઇએ તેનો ભાવ ન પુછ્યો. આ પ્રસંગને ઉદ્દેશીને તેણે ગાયું છે કે

'ગુરુ કીધા મેં ગોકુળનાથ, ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે ધોખો નવ હરે, એ ગુરુ કલ્યાણ શું કરે?'

સંસારના વિવિધ અનુભવ ઉપરથી તથા દુનિયાની દગબાજી જોઇને ઇશ્વર જ સત્ય છે, જગત મિથ્યા

છે એવી અખાને પ્રતીતિ થઇ ગઈ હતી અને પોતાનાં કાવ્યોમાં સુંદર દૃષ્ટાન્તોથી તે દર્શાવી અજ્ઞાન નિદ્રામાં સુતેલા જગતને જગાડવા તેણે પ્રયત્ન કર્યો છે.

એનાં કાવ્યોના ત્રણ વિભાગ થઇ શકે: વેદાન્તના ગ્રન્થો, દુનિયાના દંભ ને વહેમો પર કટાક્ષના છપ્પા તથા ભજનો ને પદો. વેદાન્તનું જ્ઞાન અખાને સારૂં હતું ને એ વિષય પર એણે પ્રૌઢ પંડિતમાન્ય ગ્રન્થો લખ્યા છે. એનાં ભજનો ને પદોમાં જ્ઞાનની ખુમારી દેખાઇ આવે છે. એક જ દૃષ્ટાન્ત:

વાંકું વસમું જાણું ત્યાં હરિ, હું તો મારે બેઠો ઠરી,
ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાં ય:
ઝીંકું ખોળતાં લાધી પોળ, હવે અખો કર ઝાકમઝોળ!

પરંતુ અખાની ખાસ ખુબી—જે એની માર્મિક ને હૃદયમાં સોંસરી ઉતરી જતી વાણીમાં છે—તે તો તેના છપ્પામાં દીપી ઉઠે છે. થોડાં દૃષ્ટાન્ત જોઇએ:

અનેક ધર્મગ્રન્થો અને વિવિધ મતમતાન્તરોની નિરર્થકતા બતાવી તે સીધો માર્ગ આમ બતાવે છે:

સૂતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરીને લહે:
વેશ ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી.
ખટદર્શનનાં જુજવાં મતાં, માંહોમાંહે ખાધા ખતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અદકો ગણે;
અખા એ જ અંધારો કુવો, ઝગડો ભાંગી કોઇ ન મુઓ.
(વેશ-નિંદા અંગ)

અસ્પૃશ્યતા વિષે સીધી વાત કહે છે:

આભડછેટ અંત્યજની જાણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ધણી;
બારે માસ ભોગવે એ બે, સૌને ઘેર આવી ગઈ રહે;
અખા હરિ જાણે જડ જાય, નહિ તો મનસા વાચા પેશી રેય.
પોતાનાં પડખાં નવ જુએ, હાડ ચામડાં મૂરખ ધુએ.
(આભડછેટ અંગ)

અજ્ઞાની અને દંભી ગુરુને ઠપકો આપે છે:

ગુરુ થઈ બેઠો હોંશે કરી, કંઠે પહાણ કયમ શકે તરી?
પોતે હરિ નહિ જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ:
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મુકે ભવ પાર?
તું તારૂં સમજીને બેસ, કાં ચોળે ડીલ ઝાઝી મેશ?'
(ગુરુ અંગ)

વિદ્વત્તાનો ગર્વ કરનારા પંડિતોને એ સંભળાવી દે છે:

ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર:
સંસ્કૃત બોલ્યે તે શું થયું? કાંઇ પ્રાકૃતમાંથી નાસી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર.
(ભાષા અંગ)

વગર સમજ્યે ધર્મના માત્ર બાહ્ય આચારને વળગી રહેનારા મૂઢ ભગતોને ચેતવે છે તે જુઓ:

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપ માળાનાં નાકાં ગયાં:
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તો ય ન પહોંચ્યા હરિને શર્ણ:
કથા સુણી સુણી ફુટ્યા કાન, અખા તો ય નાવ્યુ બ્રહ્મજ્ઞાન.
એક મુરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ:
પાણી દેખી કરે સનાન, તુલસી દેખી તોડે પાન:
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત?
(કુટકળ અંગ)

અભિમાનથી માણુસ કેવો પડે છે એ બતાવે છે:

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર:
ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો:
(અખા) એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મુળગું તે ખોય.
(કુટકળ અંગ)

'હજારો વર્ષોથી આમ ચાલતું આવ્યું છે તે શું ખોટું છે?' એવી દલીલ કરીને જરાપણ નવી વાત કરનારાને દબાવી દેનારા તથા પોતાની મોટાઈના ગુમાનમાં તણાઇ જનારા લોકોને વિષે અખો કહે છે:

જ્યાં જોઇએ ત્યાં કૂડેકૂડ, સામસામાં બેઠાં ધૂડ:
કોઇ આવી વાત સુરજની કરે, તે આગળ લઇ ચાંચ જ ધરે:
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા?
અખા મોટાની તો એવી જાણ, મુઠી દીશે ઉપાડ્યો પાણ.
(કુટકળ અંગ)

આવાં સેંકડો ઉદાહરણો અખાએ રચેલાં 'અંગો' માંથી મળી શકે તેમ છે. હાલની પદ્ધતિ પ્રમાણે જે અર્થમાં માણુસ ભણેલો કહેવાય છે તે અર્થમાં અખો ભણેલો ન હતો; પરંતુ તેનું અનુભવજ્ઞાન વિશાળ હતું અને તે બહુશ્રુત પણ હતો. વળી સદ્ધર્મ અને સદાચાર તરફ તેના મનનું સ્વાભાવિક વલણ હોવાને લીધે દુનિયામાં ચાલી રહેલી કુટિલતા અને પાખંડ પ્રત્યે તેને તિરસ્કાર છુટયો. અને સોની જેવી કેળવણીની બાબતમાં પછાત કોમનો હોવા છતાં, ઉચ્ચ ગણાતી કોમના મોટામોટા વિદ્વાનોના વિચાર તથા આચાર તેણે ઝાંખા પાડયા. ધાર્મિક સંપ્રદાયોમાં દાખલ થએલા સડા તેને દીવા જેવા સ્પષ્ટ દીસી આવ્યા હતા, તેથી તેણે સ્વતંત્ર વિચારનો આશ્રય લઇને ધાર્મિક ચિંતન કર્યું છે અને તેના ફળ રૂપે માર્મિક છપ્પા લખીને આપણી ભાષાના સાહિત્યમાં મૂલ્યવાન વધારો કર્યો છે.

નરહરિ દ્વારકાદાસ પરીખ

સાંધાવાળો



વાદળી રંગનો કોટ પહેરી, માથે વાદળી રંગના ફેંટામાં પોતાના મોટા ગુંચળાવાળા વાળનાં ઓળિયાં ઢાંકી, હાથમાં લાલ અને લીલી ઝંડીઓ લઇને દેવજી જાળીલાના સ્ટેશનમાં, રોજ સવારે હું ફરવા જતો ત્યારે મને મળતો.

પચાસ વરસ પુરાં કરી 'વન'માં પગલાં માંડતો દેવજી આધેડ ઉમરનો છતાં ખડતલ લાગતો. તેના ચહેરા પર લાલ લોહી દેખાતું ને આંખો જુવાનીના તેજથી ચમકતી. પોતાની નોકરી એ જ એને મન સર્વસ્વ હતું. જાળીલા સ્ટેશન ઉપર શંટિંગ પોર્ટરનું કામ કરવા બદલ એને માસિક આઠ રૂપિયા પગાર મળતો, એમાં તો એ સ્વર્ગનું સુખ પામતો.

જાળીલા પત્થરની ખાણોનું મથક છે. સ્ટેશનથી ખાણો સુધી પાટા પાથરીને સાઇડિંગ બનાવવામાં આવી છે. દરરોજ સવારે એક એન્જિન, માલગાડીનાં ખાલી વૅગનો એ ખાણો ઉપર મુકી આવતું. દેવજી તે વખતે સાથે હોય જ. કોઈ વખત બ્રેકવાનમાં તો કોઇ વખત એન્જિનની સુપટી ઉપર. તો વળી કોઇ વાર વૅગનના બફર ઉપર તે બેઠો હોય. જરૂરિયાત પ્રમાણે ચાલતી ટ્રેઇનેથી તે બિલાડાની ચપળતાથી કુદી પડતો અને ધારેલી જગ્યાએ વાદરાની પેઠે ચોંટી જતો. આ એના અંગની ચપળતા આટલી ઉમરે પણ જુવાનને શરમાવે એવી હતી. એના પગના તળિયાં એટલાં તો બરડ અને ખરબચડાં થઇ ગયાં હતાં કે એને પગરખાંની તો જરૂર જ પડતી નહિ. ગમે તેવા ધારવાળા પત્થરની ગડગડ વેરાએલી હોય તેના ઉપર થઇને દોડાદોડ તે ચાલી શકતો. વૅગનો જોડવાં અથવા જુદાં પાડવા માટે બહુ જ નચિંત મને, ફાવે ત્યારે તે બફર ઉપર બેસતો. વૅગનના બફર ઉપર શંટિંગ વખતે બેસવું એ મોતને મુઠીમાં લઇને બેસવા જેવું ગણાય. સહેજ ધક્કો વાગે ને સરત ન રહે તો નીચે જ જાય ને ભુકેભુકા ઉડી જાય. પણ દેવજીને એ જાનનો ભય લેશમાત્ર નહોતો. પોતાના કામમાં તે એવો તો પાવરધો હતો કે એને મન એ રમત વાત હતી. પોતાના ટુંકા ધોતિયાને છેડે તે દાળિયા બાંધી રાખતો અને ભુખ લાગતી ત્યારે મુઠી ખાઈ લેતો; કારણકે મોડા બપોર સુધી એને શંટિંગ કરવું પડતું.


વૅગનો ભરાઈ ગયાં હોય, તે બધાંને લાઇનબંધ એકઠાં કરી સળંગ ગાડી તૈયારી કરવી હોય, અને ગાર્ડ કાંઈ ખાનગી કામે આઘોપાછો ગયો હોય તો દેવજી પોતાની હોશિયારીથી બધું કામ પુરૂં કરી નાખતો અને ગાર્ડ આવીને જુએ તો એમાં જરા ય ભુલ ન હોય! ઘણી વખત સાઇડિંગમા લાંબો વખત થઈ જવા છતા યે વૅગનો વખતસર પુરાં ભરી શકાતાં નહિ, ત્યારે ખાણના મજુરો અને માલિકો એન્જિનને ઘડીક મોડું લાવવા દેવજીને વીનવતા. દેવજી આવે વખતે ટાળાથી આંખમીચામણાં કરતો. મરજીમાં આવે તો સાભળે, નહિતો વળી ઇચ્છા પ્રમાણે કરે. પોતાના ધંધા અને જાળીલામા જ દુનિયા સમાઇ ગએલી માનતો મનસ્વી દેવજી લહેરી લાલા હતો. એ કોઇની પરવા કરતો નહિ. વખતની પણ એને કીમત નહિ. કલાકોના કલાકો એ કેટલાક વાર વૅગનના છાંયડે ઉંઘવામાં ગાળતો અથવા તો ચોતરફ રખડતો અને ખાણોના મજુરો પાસે બેસી આજુબાજુનાં સ્ટેશનોની વાતો કહેતો કે દુહા લલકારતો. આનંદી સ્વભાવનો દેવજી મજુરોમા પ્રિય હતો અને એને જોતાંવેંત, વર્તમાન-પત્ર વાચવા જેમ બધા ઇંતેજાર હોય છે એમ મજુરો એની પાસેથી નવીનવી વાતો સાંભળવા તત્પર થઇ જતા. નીરવ શાન્તિમાં ફક્ત કોદાળા અને ત્રીકમના ધબાકા સંભળાતા, અને દેવજી સહેજ હસતો હસતો ઉપરાઉપરી અનેક નવીનવી વાતો કહી આશ્ચર્ય, આનંદ અને ગમ્મત સાથે ગંભીર વાતાવરણ ઉપજાવતો. મજુરોમાં નવું જોમ આવતું અને ધડાકાબંધ કામ થઇ જતું. મજુરોને મહેનત દેખાતી નહિ અને માલિકોનું કામ થતું આમ દેવજી બંને પક્ષે પ્રિય હતો.

આગના માલિકો વારંવાર દેવજીને રેલ્વેની નોકરી મુકી દઈ ખાણ ઉપર મજુરોની દેખરેખ રાખવા કહેતા, પણ દેવજીને તે ગમતું નહિ. એ કહેતો, 'મારા બાપે



ચંદ્રોદય

(ચિત્રકાર : રસિકલાલ પરીખ)



મોરબીનું મણિમંદિર

સૌરાષ્ટ્રનું સિક્રી

કોઈ પ્રતાપી રાજકર્તા જ સ્થાપત્યમાં પોતાની યાદગીરી પ્રગટાવી શકે છે. તાજમહાલ શાહજહાંના અદ્ભુત માનસનું દર્શન કરાવે છે; ફતેહપુર સિક્રીમાં અકબરે પોતાની જાહોજલાલી અને કલાસંસ્કારની અમર મૂર્તિ પ્રગટાવી છે. ક્રિયા-શક્તિ અને કૌશલ્યનો જ્યારે એકસૂરો તાલ જામે છે ત્યારે જ ભવ્ય પ્રાસાદો, દેવાલયો કે કીર્તિસ્તંભો રચાય છે. એ તાલ સમજે, એમાં રાચે, એની પાછળ માગે તેટલો ભોગ આપી શકે એવા દાતા અને વિધાતા વિના એની મૂર્તિ ઘડાતી નથી. મોરબીનું મણિમંદિર એવી જ કોઈ વિરલ ઊર્મિઓમાંથી ઘડાયું છે એમ એનો ઇતિહાસ કહે છે. કોઈ માને પણ નહિ કે સૌરાષ્ટ્રમાં એવું નિર્માણ કરનાર કારીગર આ યુગમાં યે હયાત હશે. અજબ વસ્તુસંકલના અને સુરૂપતા સાચવીને, જોનાર આગળ એક કાલ્પનિક દૃશ્ય ખડું કરી આપતું આ મંદિર આજે તો તેના દેવતા વિના સૂનું છે. સર્વ ધર્મોનું એક સ્થાન રચી મનુષ્યને જીવનની એકતાનતા અને એકેશ્વરતા સહજ સમજાવવા માટે યોજેલો આ કલાયત્ન તાજની કથા જેવી જ સૌરાષ્ટ્રની એક પ્રેમકથા છે. મોરબીના સ્વ. રાજવી શ્રી વાઘજી ઠાકોરે પોતાના પ્રણયપત્ની મણિબાઈની યાદગીરીમાં પોતાના હૃદયની સર્વ કોમળતા અને ઉદારતા આખી જ ઠાલવી છે.

'કુમાર' : ચૈત્ર '૯૫

તથા મેં રેલવેની નોકરી કરી છે અને તેના બદલામાં અમને પેટપુરતું મળી રહ્યું છે. બીજી મારે શી પંચાત છે? ક્યાં છૈયાંપુતાં મોટાં કરવા છે?' સંતોષી જીવન ગાળતો દેવજી ખરેખર સુખી હતો.

પણ બે વર્ષમાં દેવજીનું શરીર ખળભળી ગયું. એના અંગેઅંગમાં શિથિલતા દેખાવા લાગી. છતાં ય હજુ તે કામ ઉપર તો સ્થેપસ્થે જ રહેતો.

ઉનાળાની શરૂઆત હતી. વસંતનો વા વાઈ રહ્યો હતો. મજુરો ખાણુમાં ધુબાકાબંધ કામ કરતા. ચોમેર પાકે લચી પડતાં ખેતરોમાં ખેડુતો પાકની કાપણી કરતા; તેમનાં નાનાં બાળકો ખેતરને શેઢે બેસી રમતાં તથા દાડિયા ઝીણે સાદે ગીત લલકારતાં. આમ જંગલમાં નાના શા ગોકુળિયા જેવો કલ્લોલ મચી રહેતો. દેવજી પણ ઘણોખરો અહીં જ પડી રહેતો.

સવારનો પહોર હતો. વસંત હોવા છતાં આજ કંઇક વાતાવરણમાં બધે સુનકાર ગમગીની લાગતી હતી. ખાલી વૅગનોનું લાંબુ લંગર ખેંચી જતી ટ્રેઇનમાં દેવજી ખાણ પર જતો હતો. ખેતરમાં દાતરડાંથી કપાતા અનાજનો ચચરાટ, અને ખાણોમાં ત્રીકમ ને કોદાળાથી ખોદાવાના તથા વારેવારે સુરંગના અવાજથી ઉડી પડતા પત્થરોના અવાજો ચોતરફ સંભળાતા હતા. કોઇને કાંઈ ઉતાવળ ન હોય એમ લાગતું. દેવજી સિવાય ગાર્ડ અને ડ્રાઇવર બંનેના ચહેરા ઉપર ન સમજાય એવા વિષાદની છાયા હતી. એન્જિન કલાકે બાર માઇલની ઝડપથી આગળ વધતું જતું હતું, અને રામજી ડ્રાઇવર એક હાથ લીવર પર રાખી બીજા હાથમાં કેંચી છાપ સીગરેટ ધરીને કંઈક ઉંડા વિચારમાં બેઠો હતો. છેલ્લા ડબામાં ગાર્ડ પણ એક હાથ લમણે મુકીને શોકાગ્ર ચિત્તે ધ્યાન ધરી ગયો હતો. કુદરતી વાતાવરણ તરફ સૌની આંખો જાણે ખીલો થઇ ગઇ હોય એમ સ્થિર બની હતી.

અચાનક શંટિંગ કરવાનું આવ્યું. દેવજી તો પોતાના કાર્યમાં લીન જ હતો. એણે એકદમ ગાડી ઉભી રખાવી ને આંચકો વાગ્યો. ગાર્ડ ધ્રુકેલાઇ પડયો. દેવજીએ બફર ઉપર બેસી હુક ઉઘાડયો, સાંધો ફેરવીને આઠ વૅગન કાપ્યાં અને આગલા વૅગનના બફર ઉપર બેસી ફરી શન્ટિંગ લીધું. એન્જિનના ધક્કાથી ચાલ્યાં જતાં વૅગનોને નિયત સ્થળે પહોંચે કે તરત બ્રેક દાબીને સ્થિર કરવાનાં હોવાથી દેવજી પણ આ દોડયાં જતાં વૅગનોની સાથે જ હતો.

આ રસ્તે થોડે દૂર એક વાંક આવતો હતો. રસ્તો ગોળાકાર હોવાથી સાફ છે કે નહિ એ તરત દેખાતું નહિ. પણ દેવજી હમેશાં આગળના વૅગનના બફર ઉપર જ બેસતો એટલે મુશ્કેલી હોય તે પતાવી લેતો.

વાંક આવ્યો ને વૅગનો એ ગોળાકારમાં સર્યા કે તરત જ દેવજીથી ચીસ પડાઇ ગઇ. થોડે જ છેટે ત્રણ નાનાં છોકરાં પાટા ઉપર બેસીને ઝાડના છાંયડા તળે રમતાં હતાં! નજર પડતાં જ એ કુદી પડીને આગળ ધસ્યો. પાછળ વૅગન દોડયાં આવતાં હતાં. કટોકટીનો મામલો હતો. એક પળમાં ચાર જીવનો ધ્વંસ થઇ જાત. પણ નધાતિયા થઇ દેવજીએ પડતું મુકયું અને આંખો મીચીને આગળ ધસી આવી બે હાથ વડે બે બાળકોને ઉપાડીને દૂર ફેંકી દીધાં. આટલું થયું ન થયું ત્યાં તો વેગભેર ધસ્યા આવતાં વૅગનના ખુણાનો એને ધક્કો વાગ્યો ને એ દૂર ઉડી પડયો. ત્રીજું છોકરૂં કચરાઇ ગયું!

દેવજી પડયો એવો ઉઠયો. વૅગન પાછળ દોડયો ને બ્રેક દબાવી વૅગન સ્થિર કર્યાં. પાછું વાળી જોતાં જ એણે ત્રાસ, કમકમાટી અને ભયથી પોતાના હાથ મસળ્યા. હવે શું થશે એ ફડકે તેના અંતરમાં તેલ રેડાયું ને તે રડી પડયો. મરેલી છોકરીને હવે કોણ જીવતી કરી શકે એમ હતું? ઠપકાની બીક એને ગભરાવી મુકતી. બે બાળક બચાવતાં પોતાની જીંદગી કેવા ભયમાંથી પસાર થઇ ગઇ એનો તો એને ખ્યાલ પણ નહોતો; ઉલટું આ બચ્ચાનાં ખૂનના આરોપના ભયથી એ બેબાકળો બની ગયો. એનું લોહી ઉડી ગયું. એક જ પળમાં એ જાણે એંશી વરસનો ડોસો હોય એવો કંગાલ વૃદ્ધ બની ગયો અને એની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

રેલવેના પાટા ઉપર બેદરકારીથી છોકરાંને રમવા મુકયાં એ વાત ભુલી જઇને પેલી છોકરીની મા કકળાટ કરી રેલવેના નોકરો તથા દેવજી પર ગાળો વરસાવી રહી હતી. દેવજી હેબતાઇ ગયો હતો. એના હોઠ સીવાઈ ગયા હતા. જીભના લોચા વળી જતા હતા. એક શબ્દ પણ એ બોલી શકયો નહિ. હવે શું થશે એ બીતિથી આકુળવ્યાકુળ થઇ ગએલો દેવજી પોતાનો જ વાંક સમજી બધું મુંગે મોંઢે સાંભળ્યે જતો હતો.

દુ:ખ ને ભયથી એનું હૃદય ચણચણાટ બળતું હતું.

અકસ્માતના તારો છુટયા. અધિકારીઓએ પુછપરછ કરી. જે જે ત્યાં હતા તેમણે બધાએ સાચી હકીકત અધિકારીઓને છુટે મોઢે કહી અને દેવજીની સમયસૂચકતા, હીમત તથા બહાદુરીનાં મોંફાટ વખાણ કર્યાં. દેવજી આ કાંઇ સાંભળતો ન હતો. એ તો પોતાના ગુન્હા માટે મૂઢ જેવો આકાશ સામે જોઇ આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસાવી રહ્યો હતો.

તપાસ પુરી થઈ અને દેવજીને નોકરી પર ચડી જવાનો હુકમ થયો. સજાને બદલે નોકરી ઉપર હાજર થવાનો હુકમ સાંભળી દેવજીનું હૃદય આનંદ અને અચરજથી ધબકવા લાગ્યું. પ્રભુનો પાડ માની એ હમેશ મુજબ પોતાને કામે વળગ્યો. પણ તો યે શંટિંગ વખતે એ જગ્યા પાસે આવતાં એની નજરે બધું તરવરતું અને એ વિહ્વળ બની જતો.

એકાદ મહિનો પસાર થઈ ગયો હશે. દેવજી પહેલાનાં જેવો આનંદી બની ગયો હતો. વાત વિસારે પડી હતી. એવામાં એક દિવસ સ્ટેશન માસ્તરે એને બોલાવ્યો.

'દેવજી.'

'જી' કરીને ભયભીત ચહેરે એ આવીને ઉભો રહ્યો.

'તારે ભાવનગર જવાનું છે.' હસતાં હસતાં સ્ટેશન માસ્તર બોલ્યા.

'મારે?...' અનેક શંકાઓ કરતો એ એટલું જ બોલી શક્યો.

'હા, જો; આ સાહેબનો હુકમ. તને ત્યાં તેડાવ્યો છે.' માસ્તરે હુકમ એના હાથમાં આપ્યો.

દેવજી કદિ ભાવનગર ગયો ન હતો. અરે, બોટાદથી આગળ જવાનો વિચાર સરખો યે એણે કદિ કર્યો ન હતો. એટલે ભાવનગર તો એને મન દુનિયાનો છેડો લાગતું અને એ કેવડું મોટું શહેર હશે તેની કલ્પના પણ એ કરી ન શકતો. મોટું શહેર એણે જીંદગીમાં જોયું નહોતું. જ્યારે જ્યારે જાળીલામાં મન જરા ઉચક થતું ત્યારે નજીકનાં ભીમનાથ કે નગડીમાં એ જાત્રા કરી આવતો, કે શ્રાવણી અમાસે ભીમનાથનો મેળો જોઇ આવતો.

ભાવનગર જવાની વાત સાંભળતાં એ ગાભો બની ગયો અને જાતજાતના સવાલો સ્ટેશન માસ્તરને પુછવા લાગ્યો. પરંતુ 'સાહેબે બોલાવ્યો છે' એ શબ્દો સિવાય કાંઈ વધારે તે જાણવા પામ્યો નહિ.

અધીરાઇથી અધમુઆ જેવો થએલો દેવજી અનેક જાતના તર્કવિતર્ક કરતો પોતાની ઓરડીએ ગયો અને રાતની ટ્રેઇનમાં જવા માટે તૈયાર થઇને આવ્યો. પેલા અકસ્માતનો બાઉ એને ગભરાવી રહ્યો હતો. એનું હૃદય વલોવાઇ જતું હતું અને એ વલોવાટ અધીરાઇમાં સ્થિર રહેતી એની આંખો પરથી સ્પષ્ટ જણાતો.

પાસ લઇને એ મૂઢ જેવો ગાડીમાં બેઠો. ત્રીજા વર્ગના ડબામાં, જાતજાતના અજાણ્યા મુસાફરોની ભીડ વચ્ચે, સુમસામ જેવો, કોઇની પણ સાથે શબ્દ સરખો ય બોલવાના શહૂર વિનાનો એ બેસી રહ્યો. કદિ જોયું તો શું હોય, પણ સ્વપ્નામાં પણ નહિ અનુભવ્યું હોય એવું ભાવનગર સ્ટેશન આવ્યું. એ બેભાન જેવો બની ગયો હતો. લથડતા પગે એ નીચે ઉતર્યો અને માણસોની ગિરદી અને ધમાલથી આભો બની એક બાજુના થાંભલા પાસે લપાઇને બેસી ગયો.

થોડી વારમાં કોટ પાટલુન પહેરેલો એક જુવાન ત્યાં આવ્યો અને તેને ટુંટિયાં વાળીને બેઠેલો જોઇ પુછ્યું, 'અલ્યા કોણ છો?'

'હું દેવજી, સા'બ. જાળીલાનો સાંધાવાળો.' અચકાતો અચકાતો બે હાથ જોડી એ બોલ્યો.

સાંભળતાં જ જુવાનની આંખો ચમકી. સાંધાવાળા તરફ જોઇ એ હસ્યો અને 'ચલ' કહી એને સ્ટેશન માસ્તર પાસે લઇ ગયો. ગભરાટથી ધ્રુજતો દેવજી કેદી પેઠે એની પાછળ પાછળ ઑફિસમાં આવ્યો અને નસીબ ઉપર આધાર રાખતો, આજીજીભરી આંખો ફેરવતો બે હાથ જોડી ઉભો રહ્યો.

સ્ટેશન માસ્તર તો એને જોતાં જ ઓળખી ગયા. પોતાના ચશ્માના કાચ સોંસરી એક નજર ફેંકી અને મીઠું હાસ્ય વેરતાં દૂર ઉભેલા સાંધાવાળાને બોલાવી કહ્યું, 'હીરા, આની ખબર રાખજે.'

દેવજી નીચે બેસી ગયો.

દેવજીના કિસ્સાથી તો આખું ભાવનગર માહિતગાર થઇ ગયું હતું અને તેને શા માટે તેડાવ્યો છે તે હીરો સારી પેઠે જાણતો હતો. પણ ગેંડા જેવા જડ અને બેબાકળા દેવજીને જોઇ તે તેની મનોદશા પામી ગયો. ટીખળ કરવા માટે ઠીક પાત્ર હાથ આવ્યું છે એમ ધારી દમ બીડાવતો હોય એમ પુછ્યું, 'થોડા

વખત પહેલાં તમે એક છોકરી કચરી નાખી હતી ખરૂં?'

'હા, કચરાઇ ગઇ હતી.' દેવજી થથરતો બોલ્યો.

'ઠી...ક' કહી એ આડું જોઇ હસ્યો અને 'ત્યારે તો આજે તમારો ધડોલાડવો થઇ જવાનો' એટલું કહીને એ ચાલ્યો ગયો. તેના શબ્દોથી તર્કવિતર્કમાં ગુંચવાઈ મરતો દેવજી એકલો પડતાં કકળી ઉઠ્યો.

આખા સ્ટેશનમા દેવજીના આગમનની ખબર પડી ગઇ. સાંધાવાળા, પોર્ટરો, કારકુનો વગેરે સૌ આવી-આવીને દેવજીને જોઈ જતા, અને મલકાતા મલકાતા ચાલ્યા જતા. આ બધું જોતો દેવજી શંકાઓના વમળામાં ગુંચવાઇ બાધોલા જેવો બની ગયો હતો. એવામાં હીરો પાછો આવ્યો અને કહ્યું, 'મહારાજા જાતે આવીને તારૂં માથું કાપી નાખવાના છે. આવા ગુનાહ માટે તો ફાંસીની જ સજા હોય છે; પણ તું એટલો નસીબદાર કે તારા ધડ ઉપરથી મહારાજા પોતે જ પોતાના હાથે ગાડવો ઉતારી લેશે.'

અજ્ઞાન, નિરાધાર, ગરીબ બીચારો દેવજી નીચું જોઈ રહ્યો. એની આંખમાંથી આંસુની ધાર થઇ. કિસ્મત આગળ માથું નમાવી એ ગમગીન ચહેરે નીચું જોઇ બેસી રહ્યો. થોડી વારે ફરીથી હીરો આવીને કહે, 'આવાં ગંદાં લુગડાં નહિ ચાલે. મહારાજા સાહેબ આગળ નવાં કપડાં પહેરવાં જોઇશે; અને આજ તારો છેલ્લો દિવસ એટલે તને મીઠાઇ ખાવા મળશે. ચાલ મારી સાથે.'

યંત્રવત્ હીરાએ કહ્યું અને પાછો એક ખુણે જઇ બેસી ગયો. જેમજેમ તે બીતો ગયો તેમતેમ હીરો અને બીજા સાંધાવાળાઓ એને પજવતા ગયા. નસીબને દોષ દેતો, પ્રભુને યાદ કરતો દેવજી અધમુઆ જેવો બેસી રહ્યો. બહાર શું થાય છે તેનું એને ભાન નહોતું.

સાંજનો નમતો પહોર થયો અને આખું સ્ટેશન ધાંધાટથી ઉભરાયું. સ્ટેશન માસ્તર સાહેબ પધાર્યા. નવો સુંદર પોશાક લઇ હીરો તેમની પાછળ દાખલ થયા અને દેવજી પાસે પોશાક મુકી બોલ્યો, 'પહેરી લે!' દેવજી હાથ જોડીને કરગરતો રડી પડ્યો. સ્ટેશન માસ્તર તો એ જોઈ આભા બન્યા અને બોલ્યા, 'મહારાજા પધારે ત્યાં સુધી તો ભાઈ શાન્ત બેસ.' ત્યાં તો હીરો ધામેથી તેના કાન પાસે નીચો વળી ગણગણ્યો, 'મુંગો મરજે. મેં તો તને અગાઉથી ચેતવ્યો હતો. ભાગી કાં ન ગયો? હવે તો તારૂં નસીબ. અમે શું કરીએ?'

માણસોની અવરજવર વધી. મોટામોટા અધિકારીઓ નવાં કપડાં પહેરી ઉભરાવા લાગ્યા. તે બધાની વચ્ચે દેવજી ધ્રુજતો ઉભો હોવાથી સૌની દૃષ્ટિ એ તરફ ખેંચાતી. ચોતરફ ટોળું જમા થયું હોવાથી દેવજીથી નાસી છુટાય એમ પણ ન હતું. ધરતીમાતા ફાટીને પોતાને ગળી જાય તો વધારે સારૂં એમ વિચાર કરતો એ ભવિષ્યની કલ્પનાએ ભયભીત બની બેસી ગયો.

બૅન્ડના મીઠા સરોદો થયા, લશ્કરની ટુકડીઓએ સલામી દીધી અને મહારાજા સાહેબ અમલદારો સહિત સ્ટેશનના ભવ્ય ચોગાનમાં પધાર્યા. દેવજીના ચહેરા ઉપરથી લોહી ઉડી ગયું. ગભરાટથી સફેદ પુણી જેવો થઇ તે પુતળા માફક સ્થિર થઇ રહ્યો.

સ્ટેશન માસ્તરે દેવજીને આગળ ખેંચ્યો. મહારાજા સાહેબે ઉભા થઈ સોનાનો ચાંદ તેના નવા પહેરેલા પોશાક ઉપર લટકાવ્યો અને ખભો થાબડી શાબાશીના શબ્દો ઉચ્ચાર્યા. આ બધું શું થાય છે તે દેવજી પુરૂં સમજે તે પહેલાં તો પ્રસંગ પુરો થયો. દેવજી બધું ફાટી આંખે જોઇ રહ્યો.

થોડી વારે તેને શુદ્ધિ આવી અને તેને બધું સમજાયું. આટલા તરફડાટ પછી મળેલા આવા અકલ્પ્ય સુખ અને આનંદથી એનું હૈયું ગજગજ ઉછળવા લાગ્યું. બહાદુરી બતાવવા માટે આવો સોનાનો ચાંદ હજુ સુધી કોઇ સાંધાવાળાને મળ્યો નથી એ વાત જાણી એની જીંદગીમાં પહેલી વાર એણે મગરૂરીની લાગણી અનુભવી.

છતાં ય, હજી પણ તે પોતાને મોટા સાહેબ ભાવનગર ફરીથી બોલાવે એમ ઇચ્છતો નથી. એ કહે છે કે 'મોટા સા'બ ન્યાઇ ખરા; પણ ભારે અકળ ને મોટા પેટવાળા!'

(સૂચિત) **મનુભાઇ જોધાણી**

શિક્ષક— રતુ, એક દશાંશનું અરધું શું ?

રતુ—સાહેબ, એ તો સાવ સહેલું છે: એક પંચમાંશ!

જી

બુઢ્ઢાજી—આપ તો દ્વારકાદાસ શેઠ ખરૂં? મારો પોતરો મણિલાલ આપની ઓફીસમાં નોકર છે.

શેઠ—હા; એ અઠવાડિયું થયાં રજા લઇને તમારી ઉત્તરક્રિયા કરવા ગયો છે.

પાવાગઢ

લેખક અને ફોટો લેનાર : સુરેશ દીક્ષિત બી.એ., એમ.એસસી.

વાદળમાં સમાતી વાદળી જેવી, વડોદરેથી આઘેઆઘે દેખાતી પાવાગઢની રૂપેરી છાયાએ નયન થંભે છે. ગુજરાતના સપાટ મેદાનમાં કીર્તિસ્થંભ જેવો પાવાગઢ ગૌરવભર્યા પ્રદેશનું અચળ સ્મારક છે. રજપુતાનાને છેદીને ગુજરાતમાં પગ લંબાવતા અરવલ્લીની ટેકરીઓને સાંધતો પાવાગઢનો પ્રદેશ છે એમ ભૂસ્તરજ્ઞાન (Geology)માં મનાય છે. હજુ યે પાવાગઢના પ્રદેશને ભૂસ્તરશાસ્ત્રમાં કોયડા રૂપે રજુ કરાય છે. પાવાગઢના કાળા કાળા પત્થરો (basaltic rocks) અને ચળકના પત્થરના રૂપેરી કણો (flespar crystals) કંઈક અજબ સંયોગવશાત્ અસ્તિત્વમાં હશે. લોખંડ અને મેંગેનીઝ જેવાં ખનીજ આ ટેકરાઓમાં દટાએલાં છે અને પરદેશીઓ એ ખનીજ ખોતરીખોતરીને ગાડેગાડાં પરદેશ મોકલે છે. આપણે વાપરીએ છીએ એમાંની કંઇ યે પેન્સિલ એવું વિલાયત જતું આ મેંગેનીઝ પાછું આવતું હશે ! સત્યુગ પહેલાં કરોડો વર્ષ પૂર્વે જ્યારે મહાસાગરમાંથી હિમાલય ઉંચો થયો હશે અને આપણા દેશની કેટલી યે જમીન જળભૂમિ બની હશે ત્યારે પાવાગઢનો આ ડુંગર જન્મ્યો હશે.

છવ્વીસ માઈલના ઘેરાવામાં દરિયાની સપાટીથી અઢી હજાર ફીટ ઉંચાણમાં આવેલી આ પર્વતભૂમિ ઉપર કાળ અને ઇતિહાસનું અદ્ભુત ચક્ર ઘૂમાવાનાં અસ્તવ્યસ્ત ચિહ્નો ઠેરઠેર જણાય છે. ઇતિહાસ કરતાં પણ ધર્મનું રાજ્ય અહીં પહેલું પથરાયું હતું. વિશ્વામિત્રનો ઋષિઆશ્રમ અને કોઇક વખત ગોળમાં આવી પ્રલય પ્રસારતી વિશ્વામિત્રીનો જળપ્રવાહ આજે ય તે ઇશ્વરી માયાનું દર્શન કરાવે છે. રજપુત, મોગલ અને મરાઠાઓના રક્તથી છંટાએલી આ ભૂમિનાં દર્શન કરતાં ગુજરાતનું અસ્ત થએલું ગૌરવ મનોચક્ષુ સમક્ષ તરે છે.

પવનગઢ કે પાવકગઢ એવાં બે નામો આ ડુંગરની જન્મોત્રીમાં જોવાય છે. 'અનિલનાં મોજાં ઝીલતો' કે 'દાવાનળથી નહાતો' આ ગઢ એ બંને નામોને સાર્થક કરે છે. સાતસો વર્ષ પૂર્વે ચૌહાણ રજપુતોની આણ આ પ્રદેશમાં ફરતી. એ રજપુતોની છાયામાં બંધાએલા પાવાગઢ અને ડભોઇના કિલ્લાઓ હિંદુઓના ક્ષાત્રતેજ સમાન છે. તોફાનની પેરે ઘુઘવાટ કરતી ધસી આવતી મોગલ સત્તાએ ઇ. સ. ૧૪૮૪માં પાવાગઢને ગળી લીધો. મહમદ બેગડાએ અહીં કરેલા અનર્થે ને સત્તાના મદમાં આ શાંત ભૂમિની લુંટાએલી લાજે કાલિ માતાનો શાપ એ ઉન્માદી સત્તાને લાગેલો.

નગરો વસાવી સત્તાને સમૃદ્ધ કરવાના પ્રયાસોના ફળરૂપે ચાંપાનેરનો પુનર્જન્મ મુસલમાનોના કાળમાં થયો. ગએલા સૌંદર્ય અને યૌવન માટે વૃદ્ધાવસ્થામાં રડતી કોઇ નારી જેવા, ચાંપાનેરની સમૃદ્ધિના અવશેષો આજે તો શૂન્ય લાગે છે. લંબચોરસ ચાંપાનેરના એક વખતના મહારથી સમા કિલ્લાના પત્થરો આજ વરસાદની ધારાએ ખરે છે અને ધુળમાં મળે છે. કેટલા યે મુલ્લાંની બાંગોથી ગાજી રહેલી મહા મસ્જિદો ઉપર આજે મોટા મધપૂડા બાઝયા છે ને કેટલીએક તો હાડપીંજર જેવી તુટુંતુટું થઇ રહી છે. એક વેળા સમૃદ્ધિની છોળો ઉડાડતાં ચોક-ચૌટાંને બદલે આજ મેદાનમેદાન બજારો, વેપારનાં નિશાનમાં ગંદાં ઝુંપડાં અને દેવીને નામે ગરીબ યાત્રાળુઓને ચુસતા રખડેલ બ્રાહ્મણોનું નિવાસસ્થાન—એવું ચાંપાનેર આજ નજરે પડે છે. કાગળ, સાબુ, રેશમ, તલવાર અને રંગરોગાન માટે પ્રસિદ્ધ એ નગરમાં આજ માત્ર ધુળ જ ઉડે છે.

ચાંપાનેર કરતાં પાવાગઢનો ઇતિહાસ અનેક રંગે રંગાએલો છે. પાવાગઢની જુની વાતો સાંભળી આં-




દુધિયા તળાવ આગળથી
દૂર શિખર પર દેખાતું કાલિ માતાનું મંદિર

એથી આંસુ વહે છે, અથવા ઘડીભર મઝા મુકી હસી પડાય છે. ચાંપાનેરથી પાવાગઢને શિખરે પહોંચતાં ત્રણ માઇલનો ચઢાણ રસ્તો છે. કાલિ માતાનાં દર્શન કરતાં પહેલાં બાર દરવાજામાંથી પસાર થવું પડે છે. કુદરતી પત્થરને ઉપયોગમાં લઇ બાંધેલો કિલ્લો આઘેથી ફરતા રજ્જુ જેવો દેખાય છે. ખરેખર વિલાયતની સીમેન્ટ અને એન્જીનીઅરિંગની ચોપડીઓ આપણા દેશમાં આવી તે પહેલાંનું બાંધકામ અને શિલ્પ જોઇ ચકિત થવાય છે. કિલ્લાના બેત્રણ દરવાજા તો અનુપમ છે. બાકીના દરવાજાની સામ્યરેખા (symmetry) બતાવતી હિંદુ શિલ્પકળા, પાટીઆનો પુલ ઓળંગતાં ઉંડી ખીણ પર બાંધેલો દરવાજો ને ઝુલતો પુલ વગેરે જોઇને આપણે આશ્ચર્યથી અવાક બની જઇએ. ઘણી વેળા વિચાર આવતો કે આજ સુધી ભણેલી લડાઇ અને સંધિની સાલવારીથી ઉભરાતી ઇતિહાસની ચોપડીઓ આપણી ગૌરવભરી સંસ્કૃતિને જરાયે કેમ નહિ અડકતી હોય ! નવલખ કોઠાર, મકાઇ કોઠાર, ટંકશાળ, નાગર હવેલી, ઝવેરીનો મહેલ વગેરે જોઈ પાવાગઢની સમૃદ્ધિ અને મહત્તાનો ખ્યાલ બરોબર આવે છે. ધુળમાં દટાએલાં આ વિશાળ મંદિરોમાં આજે તો ઘાસ ઉગે છે. જ્યાં રૂપભરી રાણીઓ વસેલી તે મહેલોમાં આજે કાળા સર્પ ફરે છે. હિંદુ, જૈન અને ઇસ્લામ ધર્મ વચ્ચેની ખેંચતાણમાં અજબ રૂપ ધરી રહેલાં અહીંના ધર્મમંદિરો કંઇક આવેગભરી સ્મૃતિઓ ઉભી કરે છે. મહાદેવના દહેરા જેવું જૈન મંદિર અને કાલિકા માતાના શિખ ઉપર સદનશાહ પીરની ગાદી જોતાં પ્રભુને નામે કપાઇ રહેંસાઇ ગએલાં માનવોની દયા આવે છે. કોઈ નાના બાળકનું શિખમુંડન કરાવવા જતા હિંદુ યાત્રાળુ સાથે ચાલતો જૈન પથિક કે દરગાહે દીવો પ્રગટાવવા જતો મુસલમાન એક સાથે આ પહાડ ચડે છે.

મુસલમાની રાજ્યમાં પાવાગઢ ઉપર હિંદુસ્તાન આખામાં નામચીન એવી એક મોટી તોપ હતી. આજે તો બેચાર નાની તોપો કાટ ખાતી પડી છે. આજે એ તોપોની ગર્જનાને બદલે પાસે શિવરાજપુરમાં પડેલો અંગ્રેજોનો અડ્ડો મેંગેનીઝના પત્થરો કાઢવા સુરંગો ફોડે છે તે સાંભળવાની રહી છે.

માતાએ ચડતાં વચ્ચે ત્રણ તળાવ આવે છે.



પાવાગઢ પરની જુમા મસ્જિદ

તેલીઉં, છાશીઉં અને દુધીઉં એવાં વિચિત્ર નામ આ તળાવોનાં છે. તેલીઉં તળાવ નિર્મળ અને વનઘટામાં છે. ખાબોચિયા જેવું છાશીઉં તળાવ ગંદું છે; પણ એથી યે વધારે માણસોએ ગંદુ કરી મુકેલું તળાવ તો દુધીઉં છે. દુધીઆ તળાવમાં સ્નાન કરીને પછી જ માતાનાં દર્શન કરવા જવાય એ ભાવનાથી કેટકેટલાં માણસો ત્યાં કાયાનો મેલ ધુએ (?) છે ! ચુના જેવો પદાર્થ આ પાણીમાં ભળેલો હોવાથી તે સફેદ દેખાય છે. તેમાં કેટલા યે ઝીણા જંતુઓ માલુમ પડે છે. એ પાણીનું જરા આચમન કરતાં યે સોએક જીવો (Bacteria algae) આપણે પેટમાં ધકેલી દેતા હોઈશું ! દુધીઆ તળાવ ઉપર જીર્ણ થએલાં પણ સારી બાંધણીનાં દેવમંદિરો છે. ત્યાંથી ગઢનું શિખર (જ્યાં માતાનું મંદિર છે) ૨૫૦ ફીટ ઉંચાઇએ છે. તે ચડવાને મહાદજી સીંધિયાએ ૨૨૬ પગથિયાંની બંધાવેલી સીડી છે. આ બધાં પગથિયાં કંઈક કંઇક પડી ગએલાં કે પાડી નાખેલાં દેવમંદિરોના પત્થરો ઉખેડી બાંધેલાં જણાય છે. ભુલેચુકે ભૂતકાળમાં પવિત્ર મનાતી કોઇ મૂર્તિના આકાર ઉપર પગ ન મુકાય એ સાચવવું પડે !

માતાનું મંદિર નાનું છે. ત્યાં બ્રાહ્મણ અને ઢેડ બંને ય આવે છે. પણ ઢેડ અને ચમાર માટે અલગ જગ્યા રાખી છે ! માતાજીનું મંદિર વહેમના કોઠાર જેવું હશે ! ગામેગામના લોકો બાધાઆખડી મુકવા આવે. કોઇને છોકરૂં આવ્યું હોય અને દુનિયામાં કંઇક નવાઇ થઇ હોય એમ માની જાતજાતની વસ્તુ

કે ભોગ ધરવા લોક આવતા. કેટલાક લોકો નાની ગાડી જેવા રથ ગામગામથી તાણી લાવી અહીં મુકી જાય છે. નાળીએર અને કંકુની તો અહીં ખોટ નથી. પણ નાળીએર ફોડી તેનાં છોડાંએ કરી મુકેલા ગંદવાડથી તો ત્રાસ જ થાય—અને આ છોડાં ભેગાં ભળેલાં 'હાથી છાપ સીગારેટનાં' ખાલી ખોખાં જોઇ એની પણ ઉપાસનાનો ખ્યાલ બેસતો.

માતાના મંદિરના ઘુમટ ઉપર ચડી લાંબે નજર કરતાં સ્વર્ગસમ અનુપમ દૃશ્ય દેખાય છે. એક બાજુ ક્ષિતિજમાં અદૃશ્ય થતાં ખેતરો કે ઘાડાં જંગલો, આઘેઆઘે જણાતો વડોદરાની કોઈ મીલમાંથી નીકળતો ધુમાડો કે તળાવડી જેવું નજર છેતરતું સયાજી સરોવર અથવા તો કીડી પેઠે ચાલી જતી આગગાડી એમાં કઇક અનેરો રંગ પુરે છે.

પાવાગઢની ચોપાસ સાગનાં જંગલ છે. સરકારને વર્ષે ૧૨૦૦૦ રૂપિયાનું મહેસુલ તેમાંથી મળે છે. કોઇક કારીગરો રોહિસાનું તેલ અહીં બનાવે છે. પાવાગઢની વનલક્ષ્મીથી મોહિત થવાય એમ નથી—એમાં સૃષ્ટિસૌંદર્યની વિવિધતા કે પરિપૂર્ણતા નથી. ઉંચા ઘાસથી કેટલોક વિસ્તાર છવાએલો છે. જરો, કણજ, દાંતીઓ, કવચ, વીંછુડો, કાંસકી, સરાજ, ઇફ્કડ, ખેર, સાગ, નેપાળો, શણ અને ઉભનાં ઝાડ અહીં સાધારણ છે. કંજરાની લાલ માંજરો જોઇ મને તો કોઇ જુના દોસ્તને મળતો હોઉં એમ થયું. દક્ષિણ મુકી ગુજરાતમાં આ છોડ નહિ વસતો હોય એમ હું માનતો. ક્યાંક અરીઠાનાં ઝાડ પણ છે. જાંબુ, આંબા વગેરે ઝાડની તો અહીં અછત જ છે. જંગલી કેળ અને એડીવાળાં બાલઝમનાં સુંદર પણ સુગંધ વિનાનાં ફુલ મને આ સુક્કા પ્રદેશમાં વસતાં જોઇ ઘડીભર નવાઇ થઇ. ફુલવાળાં ઝાડ કરતાં ફુલ ન આવતા છોડમાં

સંધ્યાએ

(અંજની)

પશ્ચિમે રવિરાજ ડુબે છે,
પૂર્વે રજનીકાન્ત ઉગે છે,
મધ્યે મુરૂં વ્યોમ ઝગે છે,
કાળી સંધ્યાએ.

વીત્યાં સુખ મન અધિક ગમે છે,
ઉગતાં દુઃખ ઉર ખુબ દમે છે,
સુખદુઃખ અંતરિયાળ ભમે છે,
જીવન સંધ્યાએ.

જયન્ત શાહ



વનવાટમાં રસ્તો

મને વધારે રસ છે. ગુજરાતમાં ફર્ન વગરઉછેર્યાં નથી ઉછરતાં એમ ઘણા માને છે. આ છોડ ભેજ અને ડુંગરમાં વસનાર નહિ હોય એમ માનવા સ્વાભાવિક કારણ છે. દક્ષિણમાં ફર્નની સો જાતો જાતો છે. ત્યારે આબુ ઉપર બાર કે ચૌદ અને પાવાગઢ ઉપર ફક્ત બે જ વગર ઉછેરેલા ફર્ન વીણી શકાય છે. તેમાં યે કન્યાના કેશ જેવી કાળી દાંડી ઉપર અર્ધગોળ પાંદડાંવાળા ફર્ન તો કોંકણમાં સાધારણ છે. બીજો છોડ જેને અહીંના લોકો હંસરાજ કહે છે (જે વૈદો દવામાં વાપરે છે) તે પણ સર્વવ્યાપી છે. પાવાગઢ ઉપર બે ત્રણ મહીનામાં ઉગી આ છોડ ચીમળાઈ જાય છે.

લશ્કરી નજરે આજે કોઇ પણ સત્તા પાવાગઢને જરાયે ઉપયોગી ન માને. પાંચસો વર્ષ પહેલાં ઉંચી ટેકરી, સપાટ મેદાન હાથ રાખવા કામની હશે પણ આજે તો બદલાએલી રાક્ષસી રીતોથી આ ગઢ કાગળના બખ્તર જેવો છે. રાજ્યનું પાટનગર બનાવા આ સ્થળ નકામું હશે, પણ માનવને વસવા નાલાયક તો નથી જ. ઉનાળામાં હવા ખાવા કે દર્દીઓને સારૂ ચોખ્ખી હવા માટે પાવાગઢ સારી રીતે ઉપયોગમાં લઇ શકાય. ઉનાળામાં તો પવન અહીં ધાર વગરનો અને કંઇક શીતળ પણ હોય છે. વડોદરે ૧૦૫ ડિગ્રી તાપ હોય ત્યારે પાવાગઢ ઉપર ૮૭ ડિગ્રી જ હોય છે. લગભગ મુંબાઇ જેટલી ગરમી. કેટલાક અંગ્રેજ



છાશિયા તળાવ પાસેથી પાવાગઢનો ડુંગર

અહીં રહેવા પણ આવે છે.

નૈસર્ગિક રમણીયતાને ભુલી ઘડીભર અહીંની માનવ સૃષ્ટિમાં ફરતાં સ્વર્ગ જોયા જેવું લાગે. લોકો અજ્ઞાન, પછાત, દરિદ્ર અને કુદરતની વધારે સોડમાં જંગલી સ્થિતિમાં છે. કેડે નફ્ફુટકે એક ચીંથરૂં વીંટાળવું સમજ છે. પિત્તળ કે કલઇનાં ઘરેણાં અને કાચનાં કાડીઆં એમની સ્ત્રીઓનો શણગાર છે. કુદરતે આપેલા દેહને સુંદર કરવાના વિચારે છુંદણાં છુંદી કુરૂપ બનાવે છે. આટઆટલા આપણા બાવાઓ ધર્મને નામે ભીખ માગતા ફરે છે તો આવા સ્થળોમાં આવી વસી કંઈક જ્ઞાનદીપ પ્રગટાવતા હોય તો ? ઉંધે માથે દરદ્વાર ઉપર લટકવા કરતાં જ્ઞાનયજ્ઞની આહૂતિમાં ઓછું પુન્ય નહિ જ હોય! કીડીઓને લોટ નાખવા કે ખોડાં ઢોરને જીવાડવા કરતાં લક્ષ્મીવાનોની લક્ષ્મી સહજ પણ આ દેહ ને આત્માનાં ભુખ્યાં માટે વહેતી હોત તો! બી. એ. બની મુંબાઇની કોઇ કોટડીમાં ટાઇપિસ્ટ થવા કરતાં મરતાને જીવતદાન દેવા ભૂખ્યા રહેવાય તોપણ બ્રાહ્મણધર્મ અંગીકાર કરવામાં કંઇ શરમ હશે ?

ખાંડ ઘણી પૌષ્ટિક ચીજ છે નાનાં બાળકો બહુ જ ધાંધલિયાં અને ચંચળ હોય છે તેથી તેમના જઠરને ખાંડ સદી જાય છે. પણ બુઢ્ઢાંઓનો જઠરાગ્નિ મંદ હોવાથી તેમને ઘી-ખાંડ કરતાં ખાટા ફરસા પદાર્થો વધારે ગમે છે. માણસના ચસરકા ને સ્વાદ જુદા કેમ હોય છે તે તમે હજુ પણ સમજ્યા ન હો તો નીચેના પ્રશ્નોના જવાબથી સમજી જશો: (૧) કપાળે કપાળે જુદી મતિ કેમ હોય છે ? (૨) કોઈ પણ બે માણસના અંગુઠાની છાપ એકસરખી કેમ હોતી નથી ? (૩) એક માણસનો ચહેરો બીજા માણસ સાથે આબાદ મળતો કેમ નથી હોતો ?

છગનલાલ ન. જોષી

એમ? કેમ

શીળી

માણસને જીંદગીમાં શીળી કે ઓરી એક જ વાર કેમ નીકળતાં હશે ? બાળક ગર્ભમાં હોય ત્યારે માતાને વીંછી કરડ્યો હોય તો પછી એ બાળકને ઝેર કેમ ચડતું નહિ હોય ?

ઈશ્વરે દુનિયામાં દરેક દુઃખનું ઓસડ—દરેક વસ્તુનું મારણ તૈયાર રાખ્યું જ હોય છે. શરીરમાં જ્યારે શીળીના ઝેરી જંતુ પ્રવેશ કરે છે, ત્યારે તેની સાથે સાથે જ એ ઝેરી જંતુને મારી નાખે એવા બીજા જંતુઓ પણ શરીરમાં પેદા થાય છે. ઝેરી જંતુઓનો નાશ થયા પછી પણ, શરીરના રક્ષણાર્થે ઉત્પન્ન થએલા આ જંતુઓ, કેટલાંક વરસ સુધી શરીરમાં ઘર કરી રહે છે, અને તેથી ફરીને શીળીના ઝેરી જંતુઓ શરીર પર ફાવી શક્તા નથી.

પણ આવા પ્રાણહારી રોગના પંજામાંથી બચી જવા માટે એકવાર એ રોગમાં હાથે કરીને સપડાવું એ વધારે હિતકારક છે એમ તમને કોઇ કહે તો ? વિચિત્ર લાગશે ! જંતુઓનો સિદ્ધાંત સમજાઈ ગયા બાદ ડૉ. જેનરે શોધી કાઢ્યું કે કોઇ પણ દર્દના ભયંકર સ્વરૂપમાંથી બચવા માટે એ જ દર્દના સાધારણ સ્વરૂપને નોતરવું લાભદાયી છે. તેથી જ રસી મુકવાની પ્રથા તેણે શરૂ કરી. કોઇ વાછડાને શીળી નીકળ્યા હોય તે વાછડાના લોહીની રસી માણસના શરીરમાં મુકવામાં આવે છે. તેને લીધે માણસ ઉપર શીળીનો હલકો હુમલો થાય છે. એ હુમલો થતાંવેંત જ શીળીના મારક જંતુઓ શરીરમાં પેદા થાય છે તે શીળીના જંતુઓને મારી નાખે છે. અને ખાસ લાભ તો એ છે કે એ મારક જંતુઓ ઓછામાં ઓછાં પાંચ વરસ સુધી માણસના શરીરમાં રહે છે ને તેને શીળીના હુમલાથી બચાવે છે.

આ સિદ્ધાંતોનો સાર એ જ કે વીંછી ઉતારવા માટે વીંછીનો જ ડંખ ચોપડવામાં આવે છે અને સર્પનું ઝેર ઉતારવા માટે સર્પના લોહીની જ રસી મુકવામાં આવે છે.


તમારામાનાં બધાએ જીંદગીમાં એક વાર તો શીળીની રસી મુકાવી જ હશે.

ચસરકા

દરેક માણસના ખાવાપીવાના ચસરકા ને રસ જુદા જુદા કેમ હશે ? કોઇને ગળ્યું બહુ ભાવે, તો કોઇને ખાટા અને તીખા પદાર્થો બહુ ભાવે, આનું કારણ શું ? નાનાં છોકરાંને ખાંડ તથા પીપરમેન્ટ બહુ જ ભાવે છે અને મોટા છોકરાઓને પીપરમેટ કેમ ગમતી નહિ હોય ?

વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે રસ ને સ્વાદ માણસની પ્રકૃતિ પર આધાર રાખે છે. કસરતબાજ ઘીવાળા પદાર્થ પચાવી શકે ને સુકલકડીને ઘીદુધ કદાચ ન પણ પચે. વાયુ પ્રકૃતિવાળા તથા પિત્ત પ્રકૃતિવાળા માણસોના ખોરાક જુદા હોય જ ને ?

(અનુસંધાન ત્રેઉના કૉલમને છેડે)



ગગનપંથે


[માહના અંકને અનુસંધાને પુરૂં]

ઝેપલીનના રચનાર અને આખી જર્મન પ્રજાના 'પાપા' કહેવાતા કાઉન્ટ ઝેપલીનનું જીવન વૈજ્ઞાનિક કળામાં જેટલું જ્વલંત છે તેટલું જ જ્વલંત જીવન કાઉન્ટ ઝેપલીનના સહાયક ડૉ. હ્યુગો એકનરનું છે. યુવાવસ્થામાં બાલ્ટિક સમુદ્રમાં નાવડાં હંકારવાનો તેને ઘણો શોખ હતો અને તે અવસ્થામાં નાવિક તરીકે પોતાની સાહસિકતા, ચપળતા વ્યાવહારિક બુદ્ધિ અને સમયસૂચકતાથી તેણે સારી ખ્યાતિ મેળવેલી. કુદરતી બળોનું એવી સારી રીતે તેણે નિરીક્ષણ કર્યું હતું કે તે હવાની આગાહી બહુ ચોકસપણે કરી શકતો. પણ એના પિતાની ઇચ્છા એને વિજ્ઞાનનો અભ્યાસી બનાવવાની હોવાથી એણે હ્યુગોને કૉલેજમાં અભ્યાસ કરવા મોકલ્યો. ત્યાં પણ હ્યુગોએ પોતાનું ચાપલ્ય બતાવી આપ્યું અને અર્થશાસ્ત્ર તથા માનસશાસ્ત્ર જેવા અસંબદ્ધ વિષયોમાં પારંગત થઇ D.Sc.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

ઇ.સ. ૧૯૦૦ સુધી તો તેણે શાંત જીવન વ્યતીત કર્યું. સને ૧૯૦૦માં અર્થશાસ્ત્રના અભ્યાસી અને લેખક તરીકે પોતાનું જીવન ગાળવા કૉન્સ્ટન્સ તળાવ ઉપર ઘર રાખ્યું. એ જ સાલમાં એને કાઉન્ટ ઝેપલીનનો મેળાપ થયો અને મિત્રાચારી બંધાઇ. દરરોજ સાંજે આ બે મિત્રો ફરવા જતા, જ્યાં કાઉન્ટ ઝેપલીન ડૉ. હ્યુગોને વિમાન સંબંધી પોતાના વિચાર અને આશાઓ દર્શાવતો. પણ હ્યુગોને કંઇ બરાબર શ્રદ્ધા બેસતી નહિ. ઘણા સમય સુધી તો તે શંકાશીલ રહ્યો; અંતે તેના મનમાં શ્રદ્ધા વસી અને કાઉન્ટ સાથે એના કારખાનામાં જોડાયો. આ કારખાનું તે ફ્રેડ્રિકશાફનમાં આવેલું કાઉન્ટ ઝેપલીનનું પ્રખ્યાત કારખાનું. આ કારખાનાએ તો લડાઇ દરમ્યાન જર્મની માટે દર પખવાડિયે એકેક ઝેપલીન તૈયાર કરી જર્મનીની અનહદ સેવા કરી હતી. આ કારખાનું તે કાઉન્ટ અને હ્યુગોનો પ્રાણ; એમાં બનેલાં ઝેપલીન તે આ બે મહાન નરોનાં પ્રાણપ્રિય બાળકો. ગ્રાફ ઝેપલીન વિષે વાત કરતાં હ્યુગો પિતાના જેવા ઉલ્લાસ અને ગર્વ અનુભવતો એમાં કાંઇ નવાઇ નથી.

૧૯૧૭ની સાલમાં કાઉન્ટ સ્વર્ગસ્થ થયા. એમના મરણ પછી એમના કારખાનાની સ્થિતિ પણ લડાઇમાં જર્મની હારી જવાને પરિણામે વિચિત્ર થઇ ગઇ. એમની ગૂઢ ચાવીઓ કેટલાક હરીફોએ જાણી લીધી. હ્યુગોના હૃદયમાં સખ્ત આઘાત થયો. પણ એ આઘાતથી તે નિરાશ ન થયા. લડાઇ પછી વૈમાનિક કળામાં જે પ્રગતિ ઝડપથી થવા માંડી તેના પરિણામે ડૉ. હ્યુગોએ બુટ્ટો ઉડાવ્યો કે જર્મનીથી અમેરિકા સુધી વચ્ચે બીલકુલ અટક્યા સિવાય ઉડવું. આ ઉદ્દેશ માટે સતત ઉદ્યોગ પછી એમણે ગ્રાફ ઝેપલીન બનાવ્યું જેનું ચિત્ર માહ મહીનાના અંકમાં આપણે જોઇ ગયા.

ગ્રાફ ઝેપલીન તે એણે જર્મની અને અમેરિકા વચ્ચે વૈમાનિક સંબંધ જળવાય એ દૃષ્ટિબિંદુથી તૈયાર કરેલું સૌથી મોટું અને પહેલું વેપારી બલુન. જર્મની અને અમેરિકા વચ્ચેનું અંતર આશરે ૬૩૦૦ માઇલ; અને તે અંતર ૬૫૬ ફુટની લંબાઇના આવા મોટા બલુને કાપવાનું! આ સાહસ તો અનુપમ જ કહી શકાય. સાહસિક જીવન (અને તે પણ પોતાના દેશના લાભાર્થે) એ જ ખરૂં જીવન; બાકીનું જીવન તે મૃત્યુ એવી જેની જીવન વિષે ભાવના હોય તે જ આ સાહસ આરંભી શકે. જેના સાહસ પાછળ અગાધ વિચારશક્તિ છે અને અનુપમ ઇચ્છાબળ છે તેને તો જીવનમાં વિજય જ છે.



રાઇટ ભાઇઓએ ઇ. સ. ૧૯૦૦માં અખતરા તરીકે બાંધેલું પહેલું ગ્લાઇડર જે પતંગ પેઠે ઉડાડેલું.
બાજુએ: રાઇટ ભાઇઓમાંનો એક: વિલબર રાઇટ ૨૨ વર્ષની વયે એક અઠવાડિકનો તંત્રી હતો ત્યારે.

આ મુસાફરી હ્યુગોએ ૧૧૧ કલાકમાં પુરી કરી. અને એ ૧૧૧ કલાકમાં હ્યુગો ફક્ત આઠ જ કલાક નિદ્રાવશ રહ્યા હતા. પણ ૧૧૧ કલાકની આવી મુસાફરી વિટંબણા, મુશ્કેલી અને આફતો સિવાય થઇ શકે એ કોણ માની શકે? આશરે ૭૫ માઇલની ઝડપે ૨૦૦૦ માઇલ કાપ્યા હશે એટલામાં તો દરિયા ઉપર તોફાન શરૂ થયું. પવન સખ્ત ફૂંકાવા માંડ્યો. વરસાદે પણ પોતાનું બળ બતાવ્યું. આ તોફાનના પરિણામે ગ્રાફ ઝેપલીન આશરે ૪૦ ડિગ્રી સુધી વાંકું વળી ગયું. વિમાનને સીધું કરવાં જતાં Stabilizer ઉપર દબાણ આવ્યું અને તેથી પડ તુટી ગયું. આ ગાબડું આશરે ૧૦૦ ચોરસ વાર જેટલું હતું. સવારે આઠ વાગ્યે આ બનાવ બન્યો. સમારકામ તો તરત થવું જ જોઇએ; નહિતો અંદર બેઠેલા બધા ઉતારૂઓ સહિત આખું ઝેપલીન પાણીમાં પડીને નાશ પામે! આ કામ જેટલું ગંભીર હતું તેટલું જ નાજુક હતું. ડૉ. હ્યુગોની સાથે એમનો ૨૪ વર્ષનો પુત્ર પણ અંદર સાંચાના ખાતામાં હતો. એ પણ પિતાના જેટલો જ સાહસિક હતો. એ પાંચ કલાકના સમારકામ દરમ્યાન એ પુત્રે જે સાહસ અને ચાતુર્ય બતાવ્યા તે અદ્‌ભુત હતાં. નીચે દરિયો ઉછળી રહ્યો હતો; દરિયા અને વિમાનની વચ્ચે ૧૫૦૦ ફુટનું અંતર હતું. આવા કટોકટીના સમય અને સ્થિતિમા હ્યુગોનો પુત્ર તથા બીજા ચાર માણસો Fin (ફિન) ઉપર ચડ્યા અને પાંચ કલાકના શ્રમ પછી ઝેપલીનને દુરસ્ત કર્યું.

પિતા Control Roomમાં પોતાની જગ્યા ઉપર કામમાં એકાગ્રચિત્તે ગુંથાએલા હતા; પુત્ર ફિન ઉપર સમારકામ કરતો હતો! પાંચ કલાકે પુત્ર




ઓરવિલ રાઇટ: આજ તો આધેડ થયા આવ્યો છે છતાં વાયુયાનમાં પાવરધો છે.

પિતાને સમાચાર આપવા આવ્યો ત્યારે હ્યુગોના હૃદયમાં કેવા અકલ્પ્ય ભાવો થયા હશે! કોઇએ એમને અભિનંદન આપતાં કહ્યું કે 'તમારો પુત્ર સમારકામમાં મોખરે હતો. ત્યારે ફક્ત ધીમું હાસ્ય કરી હ્યુગોએ કહ્યું: 'ઠીક છે.' આ નિરભિમાનિતા, આ કર્તવ્યપરાયણતા, આ સાહસ અને ચાપલ્ય જર્મન પ્રજાનાં ખાસ લક્ષણ છે. તેથી જ દુનિયામાં એની કીર્તિના ડંકા વાગી રહ્યા છે.

હવે આપણે આવાં ઝેપલીન પછી એરોપ્લેનનો વિકાસ કેવી રીતે થયો એ વિષય ઉપર આવીએ. ઝેપલીનમાં મોટામાં મોટી મુશ્કેલી ગૅસ ભરવાની છે. એ ગૅસ ભરવાની કડાકૂટમાંથી મુક્ત થવાય તો મોટી મુશ્કેલી દૂર થાય એમ તો ઘણા વિજ્ઞાનીઓને લાગેલું; પણ એ મુક્તિનો માર્ગ કંઈ સહેલો નહોતો. એ મુશ્કેલી દૂર કરવા માટે વિજ્ઞાનીઓની નજર ખાસ પક્ષીઓ તરફ હતી. પક્ષીઓ હવામાં સહેલાઇથી ઉડી શકે, પશુઓ સહેલાઇથી પાણીમાં તરી શકે, જળચર પ્રાણીઓ પાણીમાં સહેલાઇથી ફરી શકે, તો મનુષ્ય જેને પ્રભુએ અપાર બુદ્ધિશક્તિ આપી છે તે હવામાં કેમ ઉડી ન શકે?

આ અભિલાષાએ મનુષ્યને ઉત્તેજિત કર્યો અને તેની બુદ્ધિએ વ્યવહારનું રૂપ પકડયું. જો પક્ષીઓની માફક આપણને પાંખ હોય તો હવામાં ધામે ધામે ફરી



લીલીઅનથલે બનાવેલું ગ્લાઇડર

શકાય અને તે પક્ષીના અનુભવથી સરસ રીતે ઉડી શકાય. માહ મહીનાના અંકમાં આપણે જોયું કે ૧૬મા સૈકામાં લીઓનાર્દો દા વિન્સીએ કૃત્રિમ પાંખો બનાવી તીડ પક્ષી જેવા આકારનાં નાનાં યંત્ર ઉડાવવા પ્રયત્ન કર્યો હતો, પણ તે નિષ્ફળ ગયો હતો. જેમ્સ ચોથાના સમયમાં સ્ટર્લિંગ કૅસલ ઉપરથી એક ધર્મગુરુ ગીધનાં પીછાંની મોટી પાંખો શરીર સાથે જોડી ઉડેલો, પણ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને તેના પગ ભાંગી ગયા.

આવા બનાવોથી વિજ્ઞાનીઓની વિચારમાળાએ કંઇક તીવ્ર સ્વરૂપ પકડ્યું અને મનુષ્યની પામરતા તથા અશક્તિનું સ્થાન ક્યાં છે તે શોધી કાઢવા પ્રયાસ થયા. વિજ્ઞાનીઓને લાગ્યું કે ફક્ત શારીરિક અને સ્નાયુનું બળ કામ ન આવે. પંખીઓનું શારીરિક બળ એટલું બધું નથી હોતું, પણ પાંખનું બળ ઘણું જ હોય છે. ઉપરાંત પંખીઓને બીજો અલભ્ય લાભ એ હોય છે કે એમના શરીરનું વજન પણ ઘણું જ ઓછું. વળી જેટલી શક્તિ આપણી છાતી અને ખભામાં રહેલી છે તેના કરતાં પ્રમાણમાં પંખીઓમાં વધારે શક્તિ છે. આ બધા લાભો પંખીઓ ભોગવી હવામાં ઉડી શકે છે. સાધારણ રીતે એવી ગણત્રી કરવામાં આવી છે કે મનુષ્યને ૨૦ ફૂટ લાંબી પાંખ હોય તો તે સાધારણ હવામાં ઉડી શકે. વિજ્ઞાનીઓ પાંખો બનાવી શકે,—ધારે એટલી લાંબી પાંખો બનાવી શકે, અને પક્ષીઓની માફક તે ફફડાવી પણ શકે; પણ એ પંખાનું બળ ક્યાંથી લાવવું એ મોટો વિચાર થઈ પડ્યો. મનુષ્યની એટલી તાકાત નથી એ તો પુરવાર થઇ ગયું. અને જ્યાં સુધી આ બળની પ્રાપ્તિના સવાલનો ઉકેલ ન થાય ત્યાં સુધી હવામાં ઉડવું અશક્ય.




પિલ્ચરે બનાવેલું ગ્લાઈડર

૧૯મા સૈકાની મહાન શોધ તે પેટ્રોલ એન્જિન. જેવી રીતે વરાળથી એન્જિન ચાલે તેવી જ રીતે પેટ્રોલને ગરમ કરી તેના ગૅસથી એન્જિન ચાલી શકે એવા પ્રયોગો સફળ થયા. પેટ્રોલ એન્જિનનો મોટામાં મોટો લાભ એ કે એમાં વજન બહુ હલકું રાખી શકાય. સ્ટીમ એન્જિનનું વજન બહુ ભારે પડે, અને વિમાનમાં તો જેમ વજન હલકું તેમ સફર સહેલાઇથી થઇ શકે. આ પેટ્રોલ એન્જિનની શોધ તો આશરે સને ૧૯૦૦માં થઇ. પણ તે શોધ થઇ તે પહેલાં દીર્ઘદૃષ્ટિવાળા યૂરોપીય વિજ્ઞાનીઓએ પેટ્રોલ એન્જીન વિના એ જ દિશામાં એ જ દૃષ્ટિએ કેવા પ્રયત્ન આરંભ્યા તેનો ઇતિહાસ પણ ઘણો જ આનંદદાયક—અને દુ:ખદાયક પણ—છે.

જેમ બલુનમાં ફ્રાંસે પહેલ કરી તેમ એરોપ્લેનમાં પણ ફ્રાંસે જ પહેલ કરી ગણાય. સાંતો દૂમોં નામના બ્રાઝીલિયન વિજ્ઞાનીએ ૧૯૦૬ની સાલમાં એક એરોપ્લેન બનાવ્યું અને ૧૨મી નવેમ્બરે તે આશરે કલાકના ૩૦ માઇલની ઝડપે હવામાં ઉડ્યો. તે એરોપ્લેનની લંબાઇ ૩૨ ફૂટ, પહોળાઇ ૩૯ ફૂટ, અને વજન એક મુસાફર સાથે ૪૬૫ રતલ હતું. આવી તેજસ્વી શરૂઆત કરવા માટે ફ્રાંસની સરકારે ૧૯૧૭ની સાલમાં તેના માનમાં એક કીર્તિસ્તંભ ચણાવ્યો.

જોકે પેટ્રોલ એન્જિનના ભણકારા તો છેક ૧૯મી સદીની શરૂઆતમાં વાગવા માંડ્યા હતા અને ૧૮૦૯ની સાલમાં નિકલ્સન જર્નલમાં સર જ્યૉર્જ કેલી નામના અંગ્રેજ ઇજનેરે એવું એન્જિન હોય તો ઉડવામાં સફળતા મળી શકે એની ગૂઢ સૂચના પણ કરી હતી; સાથેસાથે હાલના મોનોપ્લેનની રચના પણ કેવી રીતે સંપૂર્ણ થઇ શકે તે પણ એણે સૂચવ્યું હતું.

એના મોનોપ્લેનની રચના પક્ષીના શરીરની રચના જેવી જ હતી. પક્ષીની પાંખોની પેઠે આ પ્લેનની પાંખો પણ આગળથી પહોળી અને વાંક




સાંતો દુમોંનું ૧૯૦૬નું ઍરોપ્લેન

લઇને છેડે અણીવાળી થતી જતી હતી. સર જ્યૉર્જ કેલીએ જણાવ્યું હતું કે જો કોઇ **Explosion-motor**થી આ પંખા ચલાવી શકાય તો હવામાં સહેલાઇથી ઉડી શકાય. તે વખતે એવી મોટર હતી નહિ એમ માનવાને કારણુ નથી; સ્ટીમ એન્જિન તો હતું જ. પણ એ એન્જિન ભારે હોવાથી નકામું પડતું. જો સર જ્યૉર્જના સમયમાં હલકું પેટ્રોલ એન્જિન હોત તો જગતમાં સર જૉન વધારે વિખ્યાતિ પામ્યા હોત. પણ તેમ છતાં યે એમના વિચારો સાંતો દુમોં, રાઇટ ભાઇઓ અને ફ્રેંચ વિજ્ઞાની બ્લેરીઓને ઘણા ઉપયોગી થઇ પડ્યા.

સર જ્યૉર્જનાં લખાણો અને ભાષણો પછી લગભગ પચાસ વર્ષ સુધી તો એ દિશામાં કંઇ પણ કામ થઇ શક્યું નહિ. લગભગ ૧૮૬૦ની સાલમાં સ્ટ્રિંગફેલો નામના ફ્રેંચ વિજ્ઞાનીએ સર જ્યૉર્જના લખાણ પ્રમાણે વરાળથી ચાલતું વિમાન બનાવ્યું અને હવામાં તે થોડુંક અંતર ઉડી પણ શક્યો.

પરંતુ ૧૮૭૦ની સાલમાં લીલીયનથલ નામના જર્મન ઇજનેરે તો હદ કરી. એના વિમાનના સિદ્ધાંત તો હાલના મોનોપ્લેન અને બાઇપ્લેનના સિદ્ધાંત ઉપર જ રચાએલા હતા. પણ એમાં આકર્ષક લક્ષણ તો એ હતું કે એમાં મોટર નહોતી! આશરે ૨૦ વર્ષ સુધી એણે આ દિશામાં ખાનગી રીતે કામ કર્યા જ કર્યું, અને છેવટે ૧૮૯૦ની સાલમાં, વીસ વર્ષના અનુભવ પછી, જાહેરમાં પ્રયોગ આદર્યો. એણે એક પ્રકારની નેતરની બે પાંખો બનાવી અને એના ઉપર હલકું પડ જડી દીધું. પાછળ બે સીધાં સુકાન રાખ્યાં અને તેની ઉપર વિમાન હંકારવાનું એક મોટું સુકાન રાખ્યું. આ બે પાંખો જે હવામા ઉડનાર હોય તેની છાતીની આસપાસ ગોઠવવામાં આવતી હતી અને એનું વજન આશરે ૧ મણ હતું. એને ચલાવવા માટે તે એક મોટા ટેકરા ઉપર ચડી થોડું દોડતો. બરાબર ગતિ આવતી એટલે




કોડીએ બનાવેલો માણસને લઇને ઉડતો પતંગ

તે કુદકો મારતો અને એ પાંખોની મદદથી હવામાં થોડો વખત રહીને ટેકરાની નીચે ઉતરતો. પોતાના યંત્રનું સમતોલપણું સાચવવા માટે પોતાના હાથપગ વગેરે જેમ યોગ્ય લાગે એમ તે ફફડાવતો, અને એ કળામાં તે એવો તો પ્રવીણ થઇ ગયો હતો કે આશરે ૩૦૦ યાર્ડ જેટલું અંતર ટેકરાની ટોચથી મથાળા લગી હવામાં કાપી શકતો. પણ આ ઇજનેર લાંબું આયુષ્ય ભોગવી શક્યો નહિ. ૧૮૯૬ની સાલમાં ૮૦ યાર્ડથી કુદકો મારતાં એનું વિમાન ઉંધું વળી ગયું, એની ગરદન મચકાઇ ગઇ અને એ માર્યો ગયો.

આ જર્મન ઇજનેરે બનાવેલો માર્ગ પિલ્ચર નામના અંગ્રેજ વિમાનીએ ગ્રહણ કર્યો. પણ એના યંત્રનો ભાર વધારે હોવાથી હવામાં કુદકો મારતાં પહેલાં ગતિ માટે ઘોડાઓ જોડવા પડતા. પિલ્ચરને પણ લીલીયનથલ જેવો જ બુરો અનુભવ થયો. હવામાં એનું વિમાન પણ ઉંધુ વળી ગયું અને તે પણ માર્યો ગયો.


આ બધાં ઉડ્ડયનોમાં ઘણો જ રસિક વૃત્તાંત તો લંડનના ઍલેક્ઝાંડ્રા બાગમાં કોડી નામના યુવકે ઉપર બતાવેલો પતંગ બનાવી ઉડવાનો પ્રયત્ન કર્યો તે છે. આ યુવક બહુ જ તોફાની હતો. બાળકોને તે ખાસ પ્રિય હતો. મશ્કરો પણ ઘણો જ. વીસમી સદીની શરૂઆતમાં એણે મોટા પતંગો બનાવ્યા. તે વડે એ આશરે બસો વખત ઉડ્યો હશે ને શુમારે ૨૦૦૦ ફુટ ઊંચે ગયો હશે. પણ એનાં આ ઉડ્ડયનોની પ્રજા તરફથી ગણના ન થઇ. ઉલટું લોકો એને હસતા. પણ સરકારને તેના કામની કદર હતી. તેમણે આવા પતંગોની અદ્દભુત રચના માટે કોડીને હજાર પાઉન્ડ જેટલી મોટી રકમ ભેટ આપી.



રાઇટ ભાઇઓનું પહેલું એરોપ્લેન

દુનિયાની મહાન શોધો કરી જગત આગળ મુકી માન લેવાનું કાર્ય જેના કપાળે ભાગ્યરેખા વિલસતી હોય છે તેને જ આવી મળે છે. એરોપ્લેનની શોધ પણ એવા જ સંજોગોમા થઇ. આપણે જોઇ ગયા કે સર જ્યૉર્જ કેલી, સાંતો દુમોં, લીલીઅનથલ, બ્લેરીઓ, પિલ્ચર વગેરે વિમાનીઓએ ભૂમિકા અને ક્ષેત્ર તૈયાર કરવામા ભગીરથ પ્રયત્નો કર્યા, પણ તેમને અનેક મુશ્કેલીઓ નડી. સર જ્યૉર્જ ક્ષેત્ર તૈયાર કર્યું. સંજોગો પણ અનુકુળ હતા, પરંતુ તે સમય પ્રતિકૂળ હતો; પેટ્રોલ એન્જિનની શોધ થઈ નહોતી. આ ભાગ્યરેખા તો બે અમેરિકન ભાઇઓ જે ફક્ત સાઇકલના સમારકામનો ધંધો કરતા હતા તેના લલાટમાં વિલસી રહી હતી.


આ બે ભાઇઓ કંઇ ખાસ પ્રતિભાશાળી નહોતા. 'બાઇસીકલવાળા'ના નામથી તેઓ ઓળખાતા હતા. કૉલેજમાં પગ સરખો યે નહોતો મુકયો, પરંતુ પોતાના સાઈકલના ધંધામાં ઘણા જ પાવરધા હતા અને કંઇક નવું સર્જન કરવાની અજબ શક્તિ ધરાવતા. આ બે 'બાઈસીકલવાળા' ભાઇઓ, વિલબર રાઇટ અને ઓરવીલ રાઇટ અમેરિકા, યૂરપ અને આખા જગતમાં ખ્યાતિ કેવી રીતે પામ્યા, ત્રણ રાજાઓના અને એક રિપબ્લિકના પ્રમુખને હાથે અનુપમ સત્કાર કેમ પામ્યા તેનો ઇતિહાસ જાણવા જેવો છે.



રાઇટ ભાઇઓનું બાઇપ્લેન

એ ભાઇઓનો પિતા હિલ્ટન રાઇટ પાદરી હતો; માતાનું નામ કૅથરીન હતું. યંત્રમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવાની શક્તિ માતપિતા તરફથી પુત્રોને નહોતી મળી. પણ કૅથરીનનો પિતા કૉર્નર ગાડી, વૅગન વગેરે બનાવવાના કારખાનાનો માલીક હતો અને એ વાતાવરણને અંગે આ ભાઇઓ ઉપર છાપ પડી હોય એ સ્વાભાવિક છે. વિલ્બરનો જન્મ ૧૮૬૭માં થયો હતો, અને ઓરવીલનો ૧૮૭૧માં.

સને ૧૯૦૦માં આ બે ભાઇઓએ શરૂઆતના ચિત્રમાં બતાવેલા પતંગ જે ગ્લાઇડર તરીકે ઓળખાય છે તે ઉડાડયો. એમાં સફળતા પ્રાપ્ત થઇ એટલે હાલના એરોપ્લેનને મળતું, બાજુના ચિત્રમાં બતાવેલું છે તેવા એરોપ્લેનની રચના કરી. ચિત્રમાં આપણે જોઇ શકીએ છીએ કે એની અંદર કૅન્વાસનાં બનાવેલાં બે લાંબાં પડ એક ઉપર એક એમ ગોઠવવામાં આવ્યાં છે, અને નીચેના પડ ઉપર સુકાની સુતેલો છે. એના હાથમાં જે પ્લેન છે તેને એલીવેટર કહે ામાં આવે છે. તે એલીવેટર, આગળ ને પાછળ ' સેડી શકાય એવું હોય છે. જ્યારે એલીવેટર ઉંચું રવામાં આવે ત્યારે ગ્લાઇડર ઉપર ચડે; નીચું ઉતારવ માં આવે ત્યારે ગ્લાઇડર નીચે ઉતરે. સુકાનીના પગ આગળ સુકાન હોય છે જેને તે પોતાના પગથી જે દિશામાં વાળવું હોય તે દિશામાં વાળી શકે છે. ચિત્રમાં એ પણ દેખાય છે કે નીચેના પ્લેનમાં અનેક તારો છે જે સુકાનીના પગ આગળ મળે છે, અને આ તારોની મદદથી આ બે પ્લેનને ઇચ્છા પ્રમાણે વાંકાં વાળી શકાય છે. જો એક બાજુ ઢળી જાય તો બીજી બાજુ ઉંચી કરી શકાય. આ રીતે સમતોલપણું સાચવવાની શોધમાં આ બે ભાઇઓએ અદ્દભુત શક્તિ બતાવી. આ એરોપ્લેનમાં મોટર નહોતી એટલે એની મેળે ઉપર ન જઇ શકતું. આથી બે માણસો બે બાજુએ રહી



હૉકર અને કમાન્ડર ગ્રીવે આટલાંટિક પાર કરવા માટે આ જાતનું ઍરોપ્લેન વાપરેલું.



આટલાંટિક પાર કરવાનો પહેલો પ્રયત્ન
હૉકર અને કમાન્ડર ગ્રીવના ઍરોપ્લેનને મધદરિયે અકસ્માત થતાં ડેનિશ સ્ટીમરોએ તેમનો કરેલો બચાવ

થોડા અંતર સુધી એરોપ્લેનને ધકેલતા જેથી એરોપ્લેનમાં ગતિ આવે. ગતિ આવતાં એ માણસો એરોપ્લેનને છોડી દેતા. હાલના એરોપ્લેનમાં પણ ગતિ મેળવવા માટે પહેલાં તો એરોપ્લેનને થોડા યાર્ડ સુધી જમીન ઉપર ચાલવું જ પડે છે.

પણ આ શરૂઆત છતાં આ બે ભાઇઓને કંઇ ખાસ ઉત્સાહ ન ચડ્યો. એમને એમ લાગ્યું કે આવી રીતે થોડું અંતર હવામાં ઉડવાને બદલે સાઇકલના ધંધામાં બરાબર ધ્યાન અપાય તો સારૂં. પણ આ એમની નિરાશ વૃત્તિ લાંબો સમય ટકી શકી નહિ. ૧૯૦૧માં એમણે બીજું ગ્લાઇડર ઉડાડ્યું અને તે આશરે ૩૮૯ ફુટ ઉંચે ગયું; પણ હવામાં બરાબર સમતોલ ન રહ્યું. દરેક મુસાફરીમાં આમ આફતો નડતી. અંતે વિલ્બરે ઑરવિલને કહ્યું 'મને નથી લાગતું કે ૧૦૦૦ વર્ષ સુધી પણ માણસ હવામાં ઉડી શકે.' પરંતુ એ ભાઇઓને કયાં ખબર હતી કે માત્ર ૮૪૫ દિવસમાં જ તેઓ પોતે જ હવામાં એવી તો સરસ રીતે ઉડી શકશે કે એમની ખ્યાતિ દિગંતમાં ફેલાશે? આ વિખ્યાતિ એમને આપનાર તે એ બે ભાઇઓનું બાઇપ્લેન. અને એ બાઇપ્લેન રચવામાં સફળતા મળી તે મોટર ઍન્જિનની મદદને લીધે. મોનોપ્લેન અથવા ગ્લાઇડરમાં મોટર નહોતી તેથી જ એમને સફળતા ન મળેલી.

હવે એ બાઇપ્લેનની રચના આપણે તપાસીએ. મોનોપ્લેનમાં આપણે જોયું કે પ્લેન ફક્ત એક જ હતું. આની અંદર એવાં બે પ્લેનો છે માટે એને બાઇપ્લેન કહેવામાં આવે છે. એ બે પ્લેનો કૅન્વાસનાં જ હોય છે અને સહેજ વાંકવાળાં હોય છે. આ વાંકને કૅમ્બર કહે છે અને એ કૅમ્બર ઉપર જ આ યંત્રની ગતિ અને શક્તિનો આધાર રહે છે. આ કૅમ્બરનો આગલો ભાગ વધારે વાંકવાળો હોવાથી અને એનું ક્ષેત્રફળ વિશાળ હોવાથી તેમાં વજન ઉચકવાની વધારે શક્તિ રહેલી હોય છે; અને પાછલો ભાગ ઓછો વાંકવાળો હોઇ એમાં હવા ભરવાથી વિમાન હવામાં રહી શકે છે. આ પાછલો વાંક ઘણો જ થોડો હોય છે, કારણકે જો વધારે હોય તો અંદર હવા ભરાઇ રહે અને તેથી ગતિ ઓછી રહે. જે વિમાનો ઘણી જ ગતિથી ઉડાડવા હોય એમાં આ વાંક સૌથી ઓછો રાખવામાં આવે છે. આ પ્લેનના માપ અને ઉંચકવાની શક્તિ ઉપર બાઇપ્લેનનો આધાર રહેલો છે. કેટલાંક પ્લેનોમાં દર ચોરસ ફુટે ૯-૧૦ પાઉન્ડ ઉચકવાની શક્તિ હોય છે તો કોઇ પ્લેનમાં દરચોરસ ફુટે ૩-૪ પાઉન્ડ ઉચકવાની શક્તિ હોય છે.

આ બાઇપ્લેનમાં બે પૈડાં હોય છે તેને ચેઝિઝ કહેવામાં આવે છે. બાઇપ્લેન ઉડતાં પહેલાં એ પૈડાં ઉપર થોડું અંતર કાપે છે, જેથી એને ઉડવા માટે ગતિ મળી રહે છે. નીચેના પ્લેન ઉપર મધ્ય ભાગમાં સુકાનીની જગ્યા હોય છે અને એની બાજુમાં એન્જિન હોય છે. એન્જિનની બાજુમાં રૅડીએટર હોય છે જે



રાઈટ ભાઇઓએ ૧૯૦૮માં ઉડાડેલું બાઈપ્લેન

પાણીની મદદથી આખા એન્જિનને બહુ ગરમ થતાં અટકાવે છે. ઉપર જે બીજું પ્લેન હોય છે તેને 'સ્ટ્રટ્સ' એટલે લાકડાના નાના થાંભલાઓથી નીચેના પ્લેન સાથે જોડી દીધું હોય છે.

રાઇટ ભાઇઓના આ બાઇપ્લેનમાં લાકડાનાં બે મોટાં 'પ્રોપેલર્સ' હતાં જે એન્જિનની મદદથી એક મિનિટમાં ૧૨૦૦ ચક્કર ફરતાં. આ ઉપરાંત બે સુકાનો હતાં જે વડે ધારેલી દિશામાં મુસાફરી દોરી શકાય.

ઉપર બતાવેલાં બે પ્લેન ઉપરાંત બાજુમાં બીજાં બે પ્લેનો રહેતાં જેને તેમણે 'એલીવેટર'નું નામ આપ્યું હતું. આ એલીવેટરનો ઉપયોગ એરોપ્લેનને ઉપર નીચે લઇ જવામાં થતો.

છેલ્લામાં છેલ્લા બનાવેલા એરોપ્લેન સાથે સરખાવતાં રાઇટ ભાઇઓનું એરોપ્લેન કેટલીક વિગતોમાં ફેર પડતું જણાશે; પણ એમાં સિદ્ધાંત તો એક જ છે, જે ચિત્ર જોવાથી માલુમ પડશે. એમાં એલીવેટિંગ પ્લેન્સને બદલે ફિક્સ્ડ ટેઇલ પ્લેન અને એલીવેટર છે. બે સુકાનોને બદલે બૅલૅન્સ્ડ રડર્સ છે. પ્રોપેલરમાં ચાર પાંખો રાખવામાં આવી છે, અને વધારામાં 'એર સ્પીડ ઇન્ડિકેટર' પણ છે.

પણ એમ માનવાને કારણ નથી કે આ બે ભાઇઓને એમની ભાગ્યરેખાએ જ આવો જશ અપાવ્યો. આ એરોપ્લેન ઉડાડવા પાછળ તેમનો અભ્યાસ, સતત શ્રમ અને ખંત તો અનુપમ હતાં. ૧૯૦૦ની સાલમાં જ્યારે એમને બરાબર સફળતા ન મળી ત્યારે નિરાશ ન થતા તેમણે ઑક્ટેવ ચૅન્યુટ નામના પ્રખ્યાત વિજ્ઞાની સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો અને બતાવ્યું કે લીલીઅનથલના હવાના દબાણના આંકડાઓની ને પોતાના આંકડાની ગણત્રીમાં કંઇક ફેર હતો, આથી પોતે ગ્લાઇડરનો વાંક વધુ જેટલો વધાર્યો અને ક્ષેત્રફળ ૩૦૮ ચોરસ ફૂટ વધાર્યું, જેથી એ ગ્લાઇડર જુના કરતાં લગભગ બમણું મોટું થયું. પાંખની પહોળાઇ ૨૨ ફુટ રાખી, લંબાઇ ૧૪ ફુટ અને ઉંચાઇ આશરે ૬ ફુટ. પરંતુ આ ગ્લાઇડરથી પણ એમને સંતોષ ન વળ્યો. એમાં ફક્ત ૩૦૦ ફુટ જ ઉંચે ઉડી શકાયું અને પ્રો. ન્યુકોમ્બ જેવા વિજ્ઞાનીએ પણ એવી રીતે લખાણ કર્યું કે એક માણસને એકથી બીજી જગ્યાએ સહેલાઇથી ઉડવાના એરોપ્લેન માટે, કાં તો નવી ધાતુની શોધ કરવી પડશે, અથવા તો બીજી શક્તિની શોધ કરવી પડશે. પણ પ્રો. ન્યુકોમ્બને ખબર નહોતી કે એ શક્તિ તો આ બે ભાઇઓની પ્રબળ ઇચ્છાશક્તિમાં જ સમાએલી હતી. જે મહાન સવાલનો ઉકેલ લાવવાનો હતો તે ફક્ત પાંખોનો હતો. એ ઉકેલ માટે આ બંને ભાઇઓએ નાની મોટી ૨૦૦ પાંખો બનાવી અને તે દરેક ઉપર હવાનું દબાણ, તેમની વજન ઉંચકવાની શક્તિ વગેરેના આંકડા તૈયાર કર્યા. અંતે ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે સફળ પ્રયાસ કરી જગત આગળ એરોપ્લેન મુક્યું! આ પ્રયાસ આ બે ભાઇઓના અદ્‌ભુત ખંત, સાહસ અને મહેનતનું જ પરિણામ છે.


જેવી રીતે બાઇપ્લેનમાં આ રાઇટ ભાઇઓ જગવિખ્યાત થયા છે તેવી જ રીતે મોનોપ્લેનમાં બ્લેરીઓ નામનો ફ્રેંચ વિજ્ઞાની ખ્યાતિ પામ્યો છે;–જોકે એની શોધ રાઇટ ભાઇઓના બાઇપ્લેન પછી થઇ. ૧૯૦૬થી ૧૯૧૦માં એણે ફ્રાંસમાં અનેકવાર મોનોપ્લેનમાં હવામાં મુસાફરી કરી અને ૧૯૦૯માં ઇંગ્લિશ ચૅનલ મોનોપ્લેનમાં બેસી પસાર કરવાની પહેલ કરી. ચિત્રમાં આપણે જોઇ શકીએ છીએ કે મોનોપ્લેનમાં ફક્ત એક જ પ્લેન છે, જેને બે મોટા વાંકવાળી પાંખો છે. મોનોપ્લેનના નાકા પાસે એક બીજું નાનું પ્લેન છે જેનો વાંક થોડો હોય છે. આનું નામ એલીવેટિંગ પ્લેન છે. જે ઉપરનીચે કરીને મોનોપ્લેનને ઉપર કે નીચે ઉતારી શકાય છે. બીજું એક પ્લેન છે જેને સ્ટીઅરિંગ પ્લેન કહેવામાં આવે છે તેનાથી વિમાનને જોઇતી દિશામાં લઇ જઇ શકાય છે.

મોનોપ્લેનમાં હવાનું જોર બહુ લાગતું નહિ હોવાથી તે વધારે ઝડપથી ઉડી શકે છે એ મોટો લાભ છે; પરંતુ એમાં સુકાનીની જીંદગીને ઘણો ભય હોય છે.

એરોપ્લેનનો સિદ્ધાંત તો બહુ જ સરલ છે. પતંગની સાથે સરખાવાથી એ સિદ્ધાંત સરલ રીતે સમજાય એવો છે. પતંગની ઉપર ત્રણ પ્રકારનાં બળો કામ કરે છે. એક તો પતંગનું વજન, બીજું દોરીનું બળ જે પતંગને ઊંચો રાખે છે, અને ત્રીજું બળ પવનનું. આ ત્રણે બળોના પરિણામે પતંગ સમતોલ રહે છે. જો પવન સીધો હોય કે નીચેથી વાતો હોય તો જ પતંગ સ્થિર રહી શકે છે, નહિતો નીચે આવે છે. તેવી જ રીતે એરોપ્લેનમાં પણ ત્રણ બળો હોય છે. એક તો એરોપ્લેનનું વજન, બીજું હવાનું દબાણ, અને ત્રીજું બળ જે એરોપ્લેનને હવામાં રાખી શકે તે બળ,—પેટ્રોલ ગૅસનું. પેટ્રોલ એન્જિન બગડી જાય તો એરોપ્લેન નીચે આવે. પવન બહુ તોફાની હોય તો પણ એરોપ્લેન નીચે આવે.

વિમાનોની રચના વિષે આટલી વિગતવાર સમજણ જાણ્યા પછી આપણે વૈમાનિક કળાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવાં ઉડ્ડયનો તરફ હવે દૃષ્ટિ ફેરવીએ. એ ઉડ્ડયનોમાં હરીફાઈ કરવા માટે ખાસ કરીને ઇંગ્લંડના રોજીંદા છાપા ડેઈલી મેઈલ અને તેના માલિક લૉર્ડ નૉર્થક્લિફની સેવા અનુપમ છે. આ છાપાએ ઉડ્ડયનો માટે અનેક ઇનામો જાહેર કરી આ કલાનો પ્રચાર કરવા ઘણી મહેનત કરી હતી.

૧૯૦૬ની સાલમાં દસ હજાર પાઉન્ડનું ઇનામ લંડનથી મૅન્ચેસ્ટર ફક્ત બે જ ઠેકાણે અટકી જે વિમાની ઉડી શકે તેને માટે જાહેર કરવામાં આવ્યું. પણ ચાર વર્ષ સુધી એ ઇનામ માટે કોઇ તૈયાર થયું નહિ. અંતે ગ્રાહામ વાઇટ નામનો માણસ તૈયાર થયો, પણ ૧૧૩ માઇલ પુરા થયા પહેલાં તો પવન ઘણો સખત લાગવાથી એને ઉતરવું પડ્યું. તે પછી આ જ ઇનામ માટે પોલ્હાં નામનો ફ્રેંચ વિમાની તૈયાર થયો, અને બંને વચ્ચે સખત હરીફાઈ થઇ. વાઇટનું મશિન તો હજી પડ્યું છે તે પહેલાં તો પોલ્હાં એની આગળ નીકળી ગયો. વાઈટને લાગ્યું કે અંધારી રાત્રે પણ ઉડ્યા વિના છુટકો નથી. તેથી તે જ રાત્રે મોટરના સર્ચલાઇટની મદદથી તે ઉડ્યો, અને પોલ્હાંની આગળ નીકળી ગયો. પોલ્હાંને આ વાતની બીલકુલ ખબર જ નહિ. પણ વાઇટનું નસીબ કાચું હતું. સવારે પવન સખત ફૂંકાયા, જેથી તેની મુસાફરી અટકી. પોલ્હાં



બ્લેરિયોનું મોનોપ્લેન

વધારે હોશિયાર હતો એટલે એવા પવનમાં પણ ઉડીને મૅન્ચેસ્ટર પહોંચી ગયો.

બીજું ઇનામ એ શરતે જાહેર કરવામાં આવ્યું કે એક અઠવાડિયામાં ઈંગ્લંડની ૧૦૦૦ માઈલની પ્રદક્ષિણા કરવી અને અગિયાર સ્થળે અટકવું. આ હરીફાઇ માટે ૧૧ વિમાનીઓ તૈયાર થયા. પણ તેમને એટલી બધી મુશ્કેલીઓ નડી કે અંતે છેલ્લી હરીફાઇમાં બે જ વિમાની રહ્યા. એક કોંનો અને બીજો વેદ્રાન. બંને ફ્રેંચ હતા. એમાં કોંનો જીત્યો અને ૨૨ કલાક ને ૨૮ મિનિટમાં એ મુસાફરી પુરી કરી જેની સરેરાશ ૪૫ માઇલની આવી.

ત્રીજું ઇનામ પાંચ હજાર પાઉન્ડનું ડેઈલી મેઇલે જાહેર કર્યું તેમાં હૉકર નામનો વિમાની ઉતર્યો, પણ તે નિરાશ થયો. અનેક વિટંબણા છતાંયે એણે મુસાફરી ચાલુ રાખી, પણ એક નજીવા બનાવે એને ઘેરી લીધો. એના બુટનું સોલ રબરનું હતું અને તે લીસું હોવાથી એનો પગ સુકાન ઉપરથી લપસી ગયો. આનું પરિણામ એ આવ્યું કે સુકાન ઉપરનો કાબુ જતો રહ્યો અને આખું એરોપ્લેન દરિયામાં પડી નાશ પામ્યું! પણ હૉકર બચી જવા પામ્યો. એની આ હીમત માટે ડેઇલી મેઇલે એને એક હજાર પાઉન્ડ આપ્યા.

વિજ્ઞાનીઓને આટલાથી સંતોષ ન થયો. ઇંગ્લંડની પ્રદક્ષિણા પુરી કર્યા પછી ઇંગ્લંડથી અમેરિકા કેવી રીતે વિમાનમાં ઉડવું એ પ્રશ્ન હાથ લીધો. આ મુસાફરી પુરી કરવાનું માન અમેરિકાના કમાન્ડર રીડને ૧૯૧૯ના મે મહીનામાં પ્રાપ્ત થયું. આ જ સમયે લૉર્ડ નૉર્થક્લિફે બીજું ૧૦,૦૦૦ પાઉન્ડનું ઇનામ જાહેર કર્યું, અને એ ઈનામ હૉકર અને કમાન્ડર ગ્રીવને મળ્યું. આ મુસાફરીનું વર્ણન બહુ જ રસમય છે. સારી હવાની ઘણા સમય સુધી આશા

રાખ્યા પછી અંતે હૉકર ૧૮મી મેએ ઉપડયો અને સાત દિવસ સુધી તેના કંઇ પણ સમાચાર ન મળ્યા. વાયરલેસનો રીપોર્ટ એવો હતો કે હવા દરિયા ઉપર બહુ ખરાબ હતી એટલે લોકોએ તેની આશા મુકી દીધી. અંતે ૨૫મી મેએ સમાચાર મળ્યા કે એ એરો-પ્લેનને દરિયામાંથી એક ડેનીશ સ્ટીમરે બચાવી લીધું હતું. લોકોને આ સમાચારથી નીરાંત થઇ અને હૉકર પાછો આવ્યો ત્યારે તેને અપૂર્વ માન આપ્યું.

પહેલા ચાર કલાક તો હવા સારી રહેલી, પણ પછી વાદળાં થવા માંડ્યા અને વરસદ પણ તુટી પડ્યો, આવી સ્થિતિમાં પણ લગભગ અરધી મુસાફરી કરી. પણ પછી તો તોફાનો શરૂ થયાં અને એ બંને વિમાનીઓને લાગ્યું કે હવે કોઇ વહાણની મદદ લીધા વગર છુટકો નથી, એટલે વહાણની તપાસમાં પડ્યા. અંતે એક વહાણ નજરે પડતાં પોતાની લાઇફ બોટ ઉતારી વહાણમાં ચડ્યા અને વિમાનને દરિયામાં મુકી દીધું. આ રીતે આ મુસાફરી તો અફળ ગઇ.

સફળ મુસાફરી કરનાર તો કૅપ્ટન ઑાલકૉક અને લેફટેનન્ટ બ્રાઉન હતા. આ બંનેને પણ વિટંબણા તો અનેક પડી હતી, એરોપ્લેનને નુકસાન પણ પહોંચેલું. છતાં ૧૨૦ માઇલની ઝડપે યૂરોપથી અમેરિકાની તેમણે મુસાફરી કરીને ખ્યાતિ મેળવી.

યૂરોપ અમેરિકાની આ મુસાફરીથી વિમાનીઓની મહત્ત્વાકાંક્ષા વધી અને હજી આગળ વધવાના પ્રયત્નો થયા. ત્યાંતો ઘણોના ખ્યાલમાં યે નહિ હોય કે ફક્ત વીસ જ વર્ષ પછી આટલી ત્વરાથી વૈમાનિક કલા પ્રગતિ પ્રામશે અને ૨૭૦૦૦ માઇલની ઇંગ્લંડથી હિંદુસ્તાનની મુસાફરી, એના કરતાં વધારે સુગમતાથી અને આરામથી થશે. ૧૯૨૪ની સાલમાં 'એમ્પાયર એર વેઈઝ'ના સર સૅફરે એવી યોજના ઘડી કે જેથી યૂરોપનો ઇજિપ્ત અને હિંદ સાથે વૈમાનિક સંબંધ સાધી શકાય. પૈસાની મદદ સરકારે તથા કેટલીક ખાનગી કંપનીઓએ આપી. સર ઍલન કોબહામે એ સફર માથે લીધી. ૧૯૨૪ની ૨૦મી નવેમ્બરે તેણે મુસાફરી શરૂ કરી અને પૅરીસ, લૅમ્બગો, તથા બુકારેસ્ટ માર્ફત કૉન્સ્ટૅન્ટિનોપલ આવી પહોંચ્યો. બધે એનો સત્કાર મળ્યો. ત્યાંથી ટૅારસ પર્વતને રસ્તેથી જતાં ધુમસ અને વર્ષાદ નડ્યો છતાં યે ૪૦૦૦-૫૦૦૦ની ઉંચાઇએ એ વિમાન રહ્યું. ત્યાંથી બગદાદ અને ઇરાની અખાત વીંધી તે કરાંચી પહોંચ્યો. તે વખતે ઍલન કોબહામે જાહેર કર્યું કે દસ વર્ષની અંદર આખી દુનિયાના બધા ભાગો વૈમાનિક સંબંધથી જોડાશે. એ આગાહી અત્યારે ખરી પડી છે. આ જ ઍલન કોબહામે બે ત્રણ વર્ષ ઉપર આખી દુનિયાની પ્રદક્ષિણા કરી નામના મેળવી હતી.

વૈમાનિક કળાનું ભવિષ્ય ઉજ્જવળ છે. રાઇટ ભાઇઓએ જ્યારે ૧૯૦૩માં એરોપ્લેન શોધી કાઢી ત્રીસ માઇલની ઝડપે હવામાં મુસાફરી કરી ત્યારે એમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે ૩૦ માઇલની ઝડપમાંથી ૩૫૯ માઇલની ઝડપ ૧૯૨૯ની સાલમાં થશે. લડાઈ પછી આ કળામાં ઘણી જ પ્રગતિ થઇ છે અને કોની ઝડપ સૌથી વધે એની હરીફાઇ ચાલી રહી છે. તેને પરિણામે કલાકના ૩૫૯ માઇલની ઝડપ અત્યારે પ્રાપ્ત થઇ છે અને ઈંગ્લંડના વિમાની ખાતાના ઉપરી સર હરિ તો એમ કહે છે કે ૨૫ વર્ષ પછી આપણે કલાકના ૧૦૦૦ માઇલની ઝડપથી ઉડી શકીશું! એનો અર્થ એ કે મુંબાઇથી લંડન જવું હોય તો પાંચ કલાકમાં જઇ શકાય. આમાં અસ્વાભાવિક જેવું કંઇ નથી. જ્યાં સાહસ અને પ્રબળ ઇચ્છાશક્તિ છે ત્યાં કંઇ પણ અશક્ય જેવું નથી.

ઇંગ્લંડ તો અત્યારે એરોપ્લેનની મદદથી પોતાનું સંગઠન કરી રહ્યું છે. એ પ્રજાની દીર્ઘદૃષ્ટિ અનુપમ છે એમ તો કહ્યા વગર ચાલે એમ નથી. હાલના સંજોગોમાં પોતાની અને પૂર્વ ગોળાર્ધની સ્થિતિ શી છે, અત્યારે જે ક્રાંતિકારક બળો પ્રવર્તી રહ્યાં છે તેનું પરિણામ શું આવશે તે એ બરાબર જાણે છે. તે જાણે છે પૂર્વ દેશમાં અંગ્રેજો બહુ જ થોડા પ્રમાણમાં છે એટલે પોતાનાં હિંસકબળો મોટી સંખ્યામાં હોવા છતાં પણ પોતે ટકી શકશે નહિ, એટલે ઇંગ્લંડ અને હિંદની વચ્ચેનો સંબંધ જેમ ત્વરાથી સાધી શકાય તેમ સારૂં. એ દૃષ્ટિએ બનતી ત્વરાથી તે ઇમ્પીરિયલ એર વેનું કામ સાધી રહ્યા છે. પુરૂષાર્થ એ ઇષ્ટ માર્ગ છે પણ જ્યાં એ પુરૂષાર્થની પાછળ સ્વાર્થ અને હિંસક વૃત્તિ રહેલી હોય છે ત્યાં ઈશ્વરી શક્તિ આગળ એ પુરૂષાર્થનું શું ચાલવાનું? (અંગ્રેજી પુસ્તકોને આધારે)

ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર



પક્ષીનિરીક્ષણ



કાળો કોશી

આ પક્ષી આપણે ત્યાં એટલું બધું સામાન્ય છે કે ભાગ્યે જ કોઇ એવો હશે જેણે તે ન જોયું હોય. હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી ટ્રેનમાં મુસાફરી કરનાર દરેક જણ અમે ત્યાં તારના પ્રત્યેક બે થાંભલાની વચ્ચે લગભગ એકેક કાળોકોશીને તાર ઉપર બેઠેલો જોશે. દક્ષિણમાં છેક મદ્રાસ સુધી અને ઉત્તરમાં દહેરાદૂન સુધી મુસાફરી કરતાં, જ્યારે જ્યારે ટ્રેનની બારીમાંથી મેં બહાર જોયું છે ત્યારે ત્યારે એકાદ કાળોકોશી મેં જોયા જ છે, એમ કહું તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય.

તેર ઇંચ લાંબું, તદ્દન કાળું, શરીરે પાતળું, છ ઇંચ લાંબી ને છેડે બંને બાજુ ગોળ વળેલી પુંછડીવાળું, હવામાં વારંવાર ઉડીને તાર ઉપર બેસતું અને મોટે ભાગે એકલું જ રહેતું પક્ષી તમે જુઓ ત્યારે માનજો કે એ કાળોકોશી—King-crow.

જોકે તેના અંગ્રેજી નામમાં તેને ક્રો (કાગડો) કહે છે, પણ ખરૂં જોતાં તો તેને કાગડાની જાત સાથે કાંઇ જ સંબંધ નથી. માત્ર ગણી શકાય તો એક જ સબંધ છે, અને તે એ કે કાગડાને હેરાન કરવો!

નર અને માદા બંનેના રંગ એકસરખા હોય છે. માળા બાંધવા તથા ઇંડાં મુકવાની ઋતુ સુધી તેઓ સાથે જ નથી. કાળોકોશી બધે એકલા જ નજરે પડે છે. એપ્રિલથી ઑગસ્ટ માસ સુધી તેમની ઇંડાં મુકવાની ઋતુ ગણાય. કાળોકોશીના માળો ને ઇંડાં શોધવાં બહુ મુશ્કેલ છે. કેમકે તે ઝાડમાં ઘણે ઉંચે માળા બાંધે છે, અને ખોરાક માળા પાસે રહીને ન શોધતાં ઘણે દૂર સુધી જાય છે.

ગયા જુનમાં મેં કાળા કોશીનો એક માળો ભાવનગરના વિક્ટોરિયા પાર્કની બાવળની કાંટમાં જોએલો. તે જમીનથી લગભગ ૨૫ ફીટ ઉંચે હતો. બાવળની છેક ઉપરની ડાળના એક ફાળવામાં, વાટકાના આકારનો ગોળ ઉઘાડો માળો બાંધેલો હતો. છોડનાં મુળ, સળીઓ, સાંઠી વગેરેને ગોળ વાળીવાળીને સુંદર માળો બનાવ્યો હતો. એને ડાળ સાથે કરોળિયાના જાળાથી મજબુત બાંધી લીધો હતો. માળાનું તળિયું એટલું બધું પાંખું હતું કે નીચે ઉભા રહીને જોવાથી પણ અંદરનાં ઈંડા તથા ઉપરનું આકાશ દેખાતાં હતાં! અમે એ ઈંડાં જોએલાં. તે રંગે સફેદ લાગતાં હતાં. મોટે ભાગે આ પક્ષી ત્રણથી પાંચ ઇંડાં મુકે છે.

કાળોકોશી ઉડવામાં અને લડવામાં બહુ જ હોશિયાર હોય છે. તેની ચાંચ અને પંજા મજબુત હોય છે અને તે એટલી ઝડપથી બીજાં પક્ષી ઉપર હુમલો કરે છે કે કાગડા ને સમળી જેવાં તેનાથી મોટાં પક્ષી પણ તેનાથી ગભરાય છે. જે ઝાડમાં કાળાકોશીનો માળો હોય તેની ઉપર કે પાસે થઇને પણ ઉડવાની તેઓ હીંમત કરી શકતાં નથી. કાગડા જેવા ઇંડાના ચોરને, તેમ જ ચકલાં હોલાં જેવાં નાનાં નિર્દોષ પક્ષીને કાળોકોશી બહુ સારી રીતે પારખે છે, અને તેથી જ જ્યાં કાળાકોશીનો માળો હોય તે જ ઝાડમાં કાળાકોશીના રક્ષણ નીચે આ નાનાં પક્ષીઓ પોતાના માળા બાંધે છે અને કાગડા તથા શકરબાઝ જેવાથી નિર્ભય બને છે.

કાળોકોશી કોઇક વાર છેતરાય છે તે માત્ર એક જણથી. રંગમાં તેના જેવી જ, તથા વાંકી પુંછડી વાળી એક કોયલ થાય છે, જેને 'ડૂંગો–કકુ' કહે છે. તે જ કાળાકોશીના માળામાં ચોરીછુપીથી પોતાનું ઇંડું સેવવા માટે મુકી આવે છે. પરંતુ તે પણ જો પકડાય તો તો કાળોકોશી તેનું ખુન કરે ત્યારે જ જંપે ! આ ડૂંગો–કકુ કાળાકોશીને આબેહુબ મળતી હોય છે. જો બારીક નિરીક્ષણનો અવકાશ હોય તો જ તેના પગનાં આંગળા ઉપરથી આપણે તેને પિછાની શકીએ. સામાન્ય કોયલની માફક તેને, આગળ બે અને પાછળ બે એમ ચાર આંગળાં હોય છે; જ્યારે કાળાકોશીને આગળ ત્રણ અને પાછળ એક આંગળું હોય છે. આ ડૂંગો–કકુ કાઠિયાવાડમાં તો જોવામાં આવતી નથી.

માળા બાંધવાની અને ઇંડાં મુકવાની ઋતુ શરૂ થાય છે ત્યારે કાળાકોશીના જોટા નજરે પડે છે. વહેલી સવારે તેમનું સુંદર સંગીત પણ સંભળાવા માંડે છે. કાળોકોશી ઘણી જાતના અવાજ કરી શકે છે: કેટલાક મધુર અને કેટલાક કર્કશ પણ. ઑગસ્ટ માસની એક સાંજે મેં અજમેર સ્ટેશનની નજીક તાર ઉપર પાંચ કાળાકોશીને બેઠેલા જોએલા તથા સુંદર અવાજ કરતા સાંભળેલા. કાળાકોશીને એકાંત પસંદ છે, છતાં આટલું મોટું ટોળું જોઇ મને તે દિવસે નવાઇ લાગી; પણ બરોબર તપાસ કરીને વિચાર કરતા સમજાયું કે તે તો નર, માદા અને તેનાં બચ્ચાં સૌ ભેગાં બેસી આનંદ કરે છે. કેમકે ઑગસ્ટમાં તો બચ્ચાં મોટાં થઇ માબાપથી જુદાં પડવા જેવડાં થઇ જાય છે.

ગીચ જંગલ કરતાં ઉઘાડું જંગલ, અને ચારે બાજુ શિકારની નજર રહે માટે તાર કે સુકા ઝાડની ડાળ કાળાકોશીને બહુ જ પસંદ છે. તેનું નિરીક્ષણ કરો તો જણાશે કે તે વારંવાર ઉડી ચક્કર લઈ પાછો પોતાને મુળ સ્થળે આવી બેસી જાય છે. હવામાં ઉડતાં જીવડાં તે ચાલાકીથી પકડી લે છે, અને કોઇક-કોઇક વાર તીડ પકડવા જમીન પર પણ ઉતરે છે. આખો દિવસ તે આ પ્રમાણે શિકાર કરે છે. ઠેઠ સાંજે ખુબ અંધારૂં થતાં સુધી પણ તેની આ પ્રવૃત્તિ બંધ પડતી નથી. અંધારામાં ઝીણી જીવાત બહુ જ બહાર નીકળે છે, એટલે કાળાકોશીને પુષ્કળ ખોરાક મળે છે. મેં આ જ પ્રમાણે તેના એક જોટાને રાતના આઠ વાગ્યા સુધી કુવાને કાંઠે શિકાર કરતાં ગયા એપ્રિલ માસમાં જોયો હતો.

સીમમાં તો એ ગાય, ભેંસ કે બકરાંના ટોળામાં પણ દેખાય. તે પશુના બરડા ઉપર બેસે છે. પછી જેવાં ઢોર ચાલે તેવાં આસપાસના ઘાસમાંથી ઝીણાં તીડ અથવા જીવડાં ઉડે અને કાળોકોશી તેને પકડી પકડીને આરોગવા માંડે ! ગાયભેંસના બરડા ઉપર તે બેસે પણ એવી રીતે કે તેનું પુંછડું પોતાને વાગે નહિ. તેની આવી હોશિયારી, ચપળતા તથા લડાયક શક્તિને લીધે તેને આપણે ત્યાં પક્ષીનો પટેલ તથા દક્ષિણમાં કોટવાળ કહે છે. ગયા નવેમ્બર માસમાં આ પક્ષીને મેં માઉન્ટ આબુ ઉપર જોયું નહિ; એટલે એમ અનુમાન થાય છે કે તે પર્વતના શિખર કરતાં જમીનની સપાટી વધારે પસંદ કરે છે અથવા ગીચ જંગલ કરતાં ઉઘાડાં ખેતર તેને વધુ માફક આવે છે.

કાળાકોશીની એક બીજી જાત આ શિયાળામાં મેં ભાવનગરમાં ડાક બંગલા પાસે જોઈ. બે પક્ષી હતાં, એટલે જોટો હતો એમ કદાચ કહી શકાય. આપણા સામાન્ય કાળાકોશી અને આ શિયાળુ મહેમાન વચ્ચે ફેર માત્ર એટલો જ હતો કે આ મહેમાનનો પેટનો ભાગ સફેદ અને શરીર સહેજ વધુ નાજુક હતું. આ સફેદ છાતીવાળો કાળોકોશી ઘણું જ મધુર ગાય છે. તેઓ અહીં બારે માસ રહેતાં નથી, પણ શિયાળામાં આવે છે ને ચૈત્રની શરૂઆતમાં તો ચાલ્યાં જાય છે. કોઈ ઠંડા પ્રદેશમાંથી આવતાં હશે.

કાળાકોશીની એક ત્રીજી જાત ભીમરાજ નામની થાય છે. આ પક્ષી પર્વતો ઉપર ગીચ ઝાડીમાં વધારે માલુમ પડે છે અને તેને મોટે ભાગે વાંસનું જંગલ વધારે માફક છે. એનો રંગ પણ તદ્દન કાળો જ હોય છે; લંબાઇ પણ લગભગ કાળાકોશી જેટલી જ; પણ પુંછડીને છેડેથી સળિયા જેવાં બે પીછાં નીકળે છે, જેને છેડે પણ થોડાંક પીછાં હોય છે અને લંબાઇ એક ફૂટ જેટલી થઇ જાય છે. આ પક્ષી દરેક જાતની જીવાત ખાઇને રહે છે. તેની માળા બાંધવાની રીત, ઋતુ વગેરે બધું કાળાકોશીને જ મળતું. આ ભીમ-રાજ જાતજાતના સુર કાઢી શકે છે, બધી જાતનાં પક્ષીઓની બોલી કરી શકે છે, ઉપરાંત ઘોડાનો હણ-

ગણાટ, બિલાડીનું મિયાંઉ તથા માણસની બોલી વગેરેનું તો ઘણું સરસ અનુકરણ કરી શકે છે. આ કારણે માણસો તેને પાળે પણ છે. આવા તૈયાર બીમરાજ મુંબાઇ તેમજ કલકત્તાની પક્ષીની બજારોમાં વેચાતા મળે છે. પાળનારે માત્ર ધ્યાન એટલું જ રાખવાનું કે તેનાં પીંછાં બહુ લાંબાં હોય છે, એટલે તેને માટે પીંજરૂં ઘણું મોટું રાખવું; નહિતર નાના પીંજરામાં રાખવાથી તેની પુંછડીની ખુબી જતી રહે છે અને પોતે સહેલાઇથી ફરી ન શકવાથી તે ઘણી વાર જલદી મરી જાય છે. **ગજાનન ભટ્ટ**

તુલસીનું કુંડું

અંધારૂં ફેલાવા માડ્યું હતું. સુરજ આથમી ગયો હોય એમ લાગતું હતું. મચ્છરોનો ગણગણાટ સંભળાયા કરતો હતો. બીચારા દરદીના ઓરડામાં હજી કોઇએ દીવો કર્યો નહોતો. તેની માંદગી કેટલાં યે વરસોથી ચાલતી હતી. દાક્તરોએ કહ્યું હતું કે તે કોઇ દિવસ સાજો તો નહિ જ થાય; તેમજ તેનું મૃત્યુ પણ કાંઇ એટલું બધું નજીક તો નહોતું જ! એટલે બીચારા દરદીને પોતાની પથારીમાં પડી રહ્યા સિવાય છુટકો જ નહોતો.

રોજ તેનું માથું દુઃખતું, રોજ તે જીંદગીથી કંટાળતો. તેનો સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો. તેને કોઈ સાથે વાત કરવી ગમતી નહિ; કોઇ વાત ન કરે તો તેને થતું કે મારી કોઇને દરકાર નથી. એને સગાંવહાલાં કે મિત્રોનાં મોં જોવાં ગમતાં નહિ, છતાં એ લોકો મોં ન દેખાડે તો એ અકળાઈ જતો. સંધ્યાકાળે તેના ઓરડામાં દીવો ના હોય તો તેને જુના અને સુખી દિવસો સાંભરી આવતા, અને તે વધારે દુઃખી બનતો; દીવો સળગાવવામાં આવે તો તેનું તેજ તેની આંખોને અગવડ થઇ પડતું. દરદીના જીવનમાં કાંઇ જ રસ નહોતો. તે જીવનથી કંટાળ્યો હતો, છતાં મૃત્યુ તેને અકારૂં લાગતું હતું.

આખરે એક સંધ્યાકાળે મચ્છરના ગણગણાટમાંથી જરા વધારે ગરબડાટ શરૂ થયો. જોડેના ઘરમાં કોઈ નવો ભાડુત રહેવા આવ્યો હોય એમ લાગતું હતું. દરદીની પથારી પાસે લોખંડના સળિયા વાળી એક બારી હતી; પણ તેમાંથી રોજ આકાશનો એક ભુરો કકડો, લીમડાના ઝાડની એક સુકાઇ ગએલી ડાળી, અને જોડેના ઘરની અગાસીના ઝાંખા ભુરાશ પડતા સફેદ રંગના ધોરાને જોઇજોઇને દરદી કેટલા યે દિવસોથી કંટાળી ગયો હતો. તેનો સ્વભાવ એવો થઈ ગયો હતો કે દરેક વસ્તુથી કંટાળવાનો જાણે તે પ્રયત્ન કરતો હોય એવું સામા માણસને લાગતું. તેના હોઠના ખુણા એકદમ નીચા ઢળી ગયા હતા. તેના હોઠ સ્મિત એટલે શું તે જ ભુલી ગયા હોય એવું લાગતું હતું. 'આનન્દ', 'ઉત્સાહ' વગેરે શબ્દો જ તેના શબ્દકોશમાંથી ભુંસાઇ ગયા હોય એવું લાગતું હતું. તેના વ્યાધિએ તેનું શરીર, તેનું મન, તેની જીંદગીનો રસકસ તમામ ચુસી લીધું હતું.

નવા ભાડુતોને પોતાના નવા ઘરની અગાસી બહુ જ ગમી ગઇ. તે જ અગાસીનો જે ધોરો દરદીથી દેખાતો હતો, તેના ખુણા ઉપર એ ઘરની એક નાનકડી છોકરીએ તુલસીનું એક કુંડું ગોઠવ્યું. ને એકાએક દરદીએ તે છોકરી સાથે, પેલા તુલસીના કુંડા સાથે, મુંગી મૈત્રી બાંધી દીધી! છોકરી રોજ સવારે તુલસીને પાણી પાવા આવતી; સંધ્યાકાળે પોતાને હાથે ઘીનો દીવો કરી તે ત્યાં મુકી જતી. હવે દરદીને એકદમ જીંદગીમાં રસ પડ્યો. સવારે વહેલો ઉઠી, તે પેલી છોકરીની વાટ જોતો; સંધ્યાકાળે ઘીના દીવાથી તુલસીનાં પાંદડાં ઉપર પડતો લાલ પ્રકાશ જોતોજોતો તે ઉંઘી જતો. દરદીનું શરીર તો ધીમેધીમે બગડતું ચાલ્યું, પણ તેનું મન શાંતિ તથા આરામ ભોગવતું હતું. કેટલા યે મહીનાઓથી સ્મિતવિહોણા બનેલા તેના હોઠ ઉપર હવે કોઈકોઇવાર આછું સ્મિત દેખાતું. તેની ઝાંખી અને રોગથી પીળી પડી ગએલી આંખો કોઇક વાર અજબ તેજથી ચળકતી.


અમાસનો દિવસ હતો. ભરબપોરે દરદી તુલસીના કુંડા તરફ જોઈ સુઇ રહ્યા હતો. એકાએક તુલસીનું એક પાંદડું કરમાઇ ખરી પડ્યું! દરદીને લાગ્યું કે તુલસી રડતી હતી. ખરી પડેલું પાંદડું તે જાણે તુલસીનું આંસુ! દરદી સમજી ગયો કે મૃત્યુ એકદમ નજીક આવી પહોંચ્યું છે. એક પળ તેને ભયની કંપારી છુટી. પણ હવે તે મરવાને તદ્દન તૈયાર હતો. દરદીને લાગ્યું કે પવન આવે છે તોપણ તુલસી પાંદડાં હલાવતી નથી. તે કાંઇ અગમ્ય દુઃખમાં હોવી જોઇએ. દુઃખમાં હોય ત્યારે એને પાંદડાં ડોલાવી હસવાનું કેમ ગમે?

પછી શું થયું તેની દરદીને ખબર ના પડી. તે ભાનમાં આવ્યો ત્યારે તુલસી આગળ ઘીનો દીવો બળતો હતો. અમાવાસ્યાની ઘોર અંધારી રાત શરૂ થઈ ગઇ હતી. દૂર દૂર કોઈ ઠેકાણેથી શિયાળવાંનું રુદન દરદીના કાન ઉપર પડ્યું. શેરીમાં એક કુતરૂં રડતું હતું. પવનનો એક ઝપાટો આવ્યો; ઘીના દીવાની જ્યોત વાંકી વળી ગઈ; હોલવાતાંહોલવાતાં સહેજમાં બચી ગઇ! દરદી સમજી ગયો કે હવે અંત આવી પહોંચ્યો હતો. તેને લાગ્યું કે તુલસી નિસાસા નાખતી હતી; પેલી છોકરી ઉંઘમાં રડતી હતી. તેની ખાતરી હતી કે પવનનો બીજો એક ઝપાટો આવશે ને બધું ખલાસ થઇ જશે! તેણે તકિયા ઉપર માથું જરા બરાબર ગોઠવ્યું અને પવનના ઝપાટાની વાટ જોતો તે પડી રહ્યો.

થોડા જ દિવસ પછી, તુલસીનો છોડ પણ, કાંઇ પણ કારણ વગર કરમાવા માંડ્યો. તેનાં તમામ પાંદડાં ખરી પડ્યાં. આજે તો ઉખડી ગએલા રંગવાળા કુંડામાં એક છોડનું ઠુંઠું જ નજરે પડે છે.

(રસફાર) **વિનોદિની નીલકંઠ**

હવામાં . . . . (નાની ચિત્ર કથા) આલેખનાર : **શ્રી એમ. વી. ધુરંધર**



વાહ! શો અચ્છો પવન છે! હમણાં ચગ્યો સમજો



અરે, અરે! આ તો મને પણ ઘસડી ચાલ્યો!



બાપ રે! ક્યાં આવી પહોંચ્યો!



હે ભગવાન! આ આપદામાંથી બચાવ!

ગિરેબાજ ચિત્તુ



અનુસંધાન ગયા અંકના પૃ. ૧૦૦થી

પણ આટલે ઉંચે હું તમને પર્વતોની વાતો કરવા નથી લાગ્યો, પરંતુ અહીં અમે જે જે નવતર અનુભવ્યાં ને ખેડ્યાં તેની હકીકત કહેવા ઇચ્છું છું. ચિત્તુ ને એની માને ઉડવા દીધા પછી અમે એમના પર ધ્યાન આપવું છોડી ચોમેર નિરીક્ષણ કરવા માંડ્યું. અમારી જિજ્ઞાસા તો ગરુડનો માળો શોધવાની હતી. નજીકમાં જ એક કરાડની બખોલમાં માળો નજરે પડ્યો.

હિમાલયનાં ગરુડ સોનેરી ચમકવાળા ઘેરા બદામી રંગનાં હોય છે; શક્તિમાન તેટલાં જ સુંદર હોય છે; —તેટલાં જ ક્રૂર શિકારી હોય છે. પણ આજ તો અમને કાંઇ ખાસ આકરો અનુભવ ન થયો. બખોલોમાં સુંવાળી રૂંવાટીવાળાં બે સફેદ કુળાં બચ્ચાં નજરે પડ્યાં. નાનાં બાળક જેટલાં જ આકર્ષક. દક્ષિણનો પવન સીધો એ બખોલમાં એમને સામે મોંએ સુસવતો હતો; પણ એ બચ્ચાંની આંખો કે કશાને કાંઇ જ નુકસાન પહોંચતું નહિ; એમના લેખામાં પણ નહિ. ગરુડ કુદરતી પ્રેરણાથી જ ઘણુંખરૂં સામે પવને માળા બાંધે છે. કારણ તો કોણ જાણે; પણ એમ લાગે છે કે જે હવા રાતદિવસ એને વીંઝવાની હોય છે તેની સામે જ થવાનું એને ગમતું હશે.

અમે જોયાં એ બચ્ચાં ત્રણેક અઠવાડિયાંનાં હશે, કેમકે જન્મ્યા પછી તેમનાં શરીર પર જે રૂના પોલ જેવી રૂંવાટી હોય છે તે હવે ધીમેધીમે વધીને કુણાં પીંછાંનું સ્વરૂપ પકડતી જતી હતી. એમની ઉમરના પ્રમાણમાં નહોર પણ એમના બરોબર તીણા હતા ને ચાંચ પણ પુરતી મજબુત ને તીક્ષ્ણ હતી.

ગરુડની બખોલ ઠીકઠીક પહોળી ને મોટી હોય છે. એમાં દાખલ થવા માટેનો આગલી ધારનો ભાગ ઓશરી જેવો પહોળો ખુલ્લો ને ચોખ્ખો હોય છે: આશરે છસાત ફુટનો. પણ પછી અંદર બખોલ સાંકડી, અંધારી ને ગંદી દુર્ગંધ મારતી હોય છે. ડાંખળાં અને સાંઠીકડાંનો ઢગલો કરીને માળા જેવું કર્યું હોય છે. ને ચારે તરફ નાનાં બચ્ચાંને ખાતાં વધેલાં શિકારનાં હાડકાં, પીંછાં વગેરે પડ્યું હોય છે. મોટાં ગરુડ તો હાડકાં, વાળ ને પીંછાં સુદ્ધાં શિકારને હજમ કરી જાય છે.

ચોમેરનો પ્રદેશ ટુંકાં દેવદારુથી છવાએલો હતો. જાતજાતનાં પંખીઓના અવાજથી વાતાવરણ ગુંજી રહ્યું હતું; ફરનાં ઝાડોમાંથી ચિત્રવિચિત્ર જીવડાં ને તમારાં અવાજ કરી રહ્યાં હતાં; ધનુરંગી છોડઝુંડો પર રત્નકણિકા જેવી આસમાની માખીઓ ઉડતી હતી; ક્વચિત એકાદ જંગલ બિલાડાનો ઘુરકાટ ક્યાંકથી સંભળાતો.

એકાએક ધોંડકાકા અમને બાવડે ઝાલીને પચીસેક ડગલાં દૂર એક જાળામાં ઘસડી ગયા. અમે ત્યાં માંડ પહોંચ્યા હોઇશું એટલામાં તો ચોતરફ થતા આ વિવિધ અવાજો શાંત થઇ ગયા. બીજી અરધીક મિનિટમાં તો ઝાડીમાં ગુંજતાં તમરાં પણ શમી ગયાં; ઝાડ પણ જાણે આતુર શાંતિમાં સ્થિર થઇ ગયાં. ઉંચે હવામાંથી એક આછો ઘરેરાટ આવતો હતો.

ક્ષણેક્ષણે એ અવાજ વધતો ગયો. એવામાં તો એક ભયાનક ચીસ જેવો કર્કશ અવાજ સંભળાયો અને બખોલ તરફ એક રાક્ષસી પક્ષી ઉતર્યું. એના કદ પરથી ધોંડે ધાર્યું કે તે માદા હશે. થોડી વાર તે હવામાં સ્થિર રહી. એટલામાં બચ્ચાં બખોલની અંદરના અંધારા ભાગમાં પહોંચી ગયાં. માદાના પંજામાં સસલા જેવું કાંઇક લોચા સરખું પ્રાણી લટકતું હતું.

બખોલના ઓશરીના ભાગમાં શિકાર ફેંકીને તેણે પગ ટેરવ્યા. પાંખો થોડી ક્ષણ પહોળી જ રહી. એક છેડાથી બીજા છેડા સુધી છએક ફુટ હશે! ધીમે રહીને પછી એણે પાંખો સંકેલી લીધી. બચ્ચાંને પાસે આવતાં જોઇને પગના નહોર પણ સંકોચી લીધા, અને પાંગળું

માણસ ઘસડાતું ચાલે તેમ બખોલમાં ધીમેધીમે આગળ વધી. બચ્ચાં આવીને માની પાંખો નીચે લપાયાં. પણ ત્યાં એ ઝાઝું સ્થિર રહ્યાં નહિ. ભુખ કકડીને લાગી હતી.

મા તેમને બહાર મરેલા સસલા આગળ લઇ આવી. શિકારને નહોર વડે ઉતરડી થોડું માંસ ખેંચી કાઢ્યું અને ઉપરછિપરથી હાડકાં જુદાં કરી નાખી બચ્ચાં આગળ ધર્યું. એમણે ગળવા માંડ્યું. ભોજન શરૂ થઇ ગયું હતું.

ફરીથી નીચે અને આસપાસ સઘળે પંખીઓ અને તમરાંના અવાજ ધીમેધીમે શરૂ થયા. અમે હળવે રહીને જાળામાંથી બહાર નીકળી રસ્તે પડ્યા. પણ આ બચ્ચાં થોડાં મોટાં થાય ત્યારે ફરી જોવા લાવવાનું ઘોંડકાકા પાસેથી વચન લીધું.

મહીનો સવા મહીનો વીત્યે ફરી પાછા અમે ચિત્તુ અને એની માને લઇ એ જ જગ્યાએ પહોંચ્યા. મારે ચિત્તુને આ પ્રદેશનો બરોબર ભોમિયો કરવો હતો. ઉપરાંત અહીં તેને જુદાંજુદાં અનેક પંખીઓ ઓળખાવવાની સારી તક હતી. બગલાં, પોપટ, જંગલી બતકો, શકરા, 'રિવફ્ટ'. વગેરે પંખીઓ હિમાલયના આ કટિપ્રદેશમાં ઢગલાબંધ હોય છે.

આ વખતે અમે ગરુડની પેલી બખોલ કરતાં બસોએક ડગલાં આગળ નીકળી ગયા. પાનખર ઋતુએ પોતાની અસર પાથરવા માંડી હતી. ઘણાંખરાં ઝાડનાં પાદડાંના રંગ ફરવા લાગ્યા હતા. હવામાં એક જાતની વિષાદની છાયા જણાતી. અમે પહોંચ્યા ત્યારે અગિયારેક વાગ્યા હશે. પીંજરા ઉઘાડી અમે કબુતરને હવામાં છોડ્યાં. ધવલ હિમશિખરોને ટેકવી રહેલા પ્રચંડ નીલરંગી સઢ જેવા ખુલ્લા આકાશમાં તે રમવા લાગ્યાં.

અરધો'ક કલાક વીત્યો હશે ત્યાં તેમના પર એક બાજ દેખાયો. બંને કબુતરો પર તેણે વાર કરી. પણ શિકાર બહુ ચબરાક હતાં. તેઓ આબાદ છટકી ગયાં. છટકીને જેવાં ચિત્તુ ને તેની મા, નીચે વૃક્ષઘટા તરફ ઉતરતાં હતાં તેવી જ બીજી બાજુથી બાજની માદાએ નીકળી આવી તેમના પર હુમલો કર્યો. તેને પણ કબુતરોએ એવી જ થાપ આપી. શિકારને આમ બીજી વાર છટકી જતો જોઇ નરે માદા તરફ એક તીણી ચીસ પાડી. માદા તેનો અર્થ સમજી અને લાગ જોતી આકાશમાં સ્થિર થઇ રહી.

પોતાને સલામત માનીને કબુતરોએ પાંખોનો વેગ જરા ઘટાડ્યો અને દક્ષિણ દિશા તરફ વહેતાં મુક્યાં. તરત જ બંને બાજ પૂર્વ અને પશ્ચિમ બે પડખેથી હુમલો કરી તેમની પાછળ પડ્યાં. પાંખના સપાટા પર સપાટા બોલ્યે જતા હતા અને તેઓ કબુતરોની નજીક ને નજીક પહોંચતાં જતાં હતાં. કસાઇના છરા જેવી તેમની પાંખો હવામાં વાવાઝોડાની જેમ વીંઝાતી જતી હતી. . . . અરેરે! તેઓ હાથવેંતમા હતાં! એક, બે, ત્રણ-- તીરની માફક તેઓ પડ્યાં!

એકાએક ચિત્તુની મા અટકી ગઇ અને હવામાં સ્થિર થઇ ગઇ. વેગમાં ધસ્યે આવતાં બાજની ગણત્રી ઉંધી વળી. ચિત્તુ આગળ નીકળી ગયો. હવે બેમાંથી કોના પર ઝપટ કરવી એના વિચારમાં થોડી વાર બાજ ગુંચવાયાં. એટલામાં ચિત્તુને પોતાની દિશા બદલવાની તક મળી ગઇ, અને તેણે દક્ષિણ દિશા છોડી ઉંચે ચડવા માંડ્યું. થોડી પળમાં તેની મા પણ તેની પાછળ ઉડી. પણ તેણે થોડો વખત ગુમાવ્યો. એટલામાં તો બંને બાજ તેમના તરફ ધસી આવ્યાં.

પણ આ વખતે ચિત્તુની માએ ભુલ ખાધી. એને લાગ્યું કે બાજ પોતાના બચ્ચા પર ધસે છે. એ ભયથી તે પોતાના બાળકને બચાવવા બાજ તરફ ધસી. એ પ્રયત્ન તદ્દન નિરર્થક હતો. આપણે પણ જાણીએ છીએ; તે પણ એ જાણતી હતી. પણ માનો જીવ છે ને?

બસ, આવી ચુક્યું. બીજી જ પળે બંને બાજ તેના પર તુટી પડ્યાં. આકાશ પીછાંના વરસાદથી ભરાઇ રહ્યું. આ દેખાવથી ભયત્રસ્ત થએલો ચિત્તુ આશરો શોધવા નજીકની એક કરાડપર જઇ પડ્યો.

અમે ત્રણે એ કરાડે પહોંચવા ઉપડ્યા. પણ હિમાલયના પ્રદેશમાં એમ રસ્તો મળવો સહેલ નથી. અનેક ઝાડી, ટેકરા ને ખાણો વટાવતાં ક્વચિત વાઘ કે અજગરનો ભય. પરંતુ મારો અને રાજુનો નિશ્ચય મક્કમ હતો. ઘોંડકાકાએ કહ્યું, 'ચાલો ત્યારે, જંગલનો કાંઇ નવો અનુભવ મળશે.'

અમે હતા તે કરાડથી નીચે ઉતરી ખીણમાં આવતાં એક સાંકડી નાળીમાં અમે થોડાં તાજાં હાડકાં પડેલાં જોયાં. આગલી જ સાંજે કોઇ હિંસક પશુએ ત્યાં તારનો કર્યો લાગતો હતો. પણ અમને કાંઇ ખાસ ભય ન

લાગ્યો, કેમકે અમને ધોંડકાકા જેવા નામી શીકારીનું રખોપું હતું. થોડી વારમાં તો અમારે લીલી સેવાળ અને જાળાંઝાડવાંથી છવાએલી ભેખડો ને કરાડો ઉપરાઉપરી ચડવાની આવવા લાગી. ફર અને બાલ-સમની તીક્ષ્ણ વાસથી અમારાં માથાં ભમી જતાં હતાં. હવા શરદીવાળી હતી. ચઢાણનો ક્યાંય આરોવારો ન હતો. અંતે બપોરના બેએક વાગ્યા પછી, ફક્ત એક મુઠી પલાળેલા ચોળા પર આટલી રંજભરી સફર ખેડીને અમે ચિત્તુ પડ્યો હતો એ કરાડ પર પહોંચ્યા.

જોઇને અમે આશ્ચર્યથી થંભી ગયા! મહીના પહેલાં અમે જે ભેખડ પર ગરુડનાં બચ્ચાં જોઈ ગયા હતા એ જ ભેખડ પર ચિત્તુ ભરાઈ બેઠો હતો! પેલાં બે બચ્ચાં હવે ઠીકઠીક મોટાં થઈ ગયાં હતાં ને આગળ બખોલની ઓશરીમાં જ બેઠાં હતાં. ચિત્તુ એથી થોડે જ ઉંચે એવી બીજી નાની બખોલમાં બીક અને થાકથી લોથપોથ થએલો લપાઇ રહ્યો હતો. અમે પહોંચ્યા કે તરત ગરુડનાં બચ્ચાં અમારા પર ચાંચ-વડે હુમલો કરવા આગળ ધસી આવ્યાં. રાજુનો હાથ બખોલની કિનારની નજીક હતો તે પર એક સજ્જડ ઠોકર પડી અને અંગુઠા આગળની ચામડી ચીરાઇને લોહીની ધાર વહેવા લાગી.

ચિત્તુ લપાયો હતો એ બખોલ ગરુડની બખોલ કરતાં બહુ ઉંચે ન હતી, પણ ત્યાં પહોંચવું બહુ કપરું હતું. ચકરાવો ખાઇને ગરુડની બખોલ ઉપર થઇને પછી ત્યાં પહોંચાય તેમ હતું. દસબાર ડગલાં જ દૂર ગયા હોઇશું ત્યાં ધોંડકાકાએ અમને અગાઉની પેઠે સંતાઇ જવાની ચેતવણી આપી. પાસે જ એક દેવ-દારનું ઝાડ હતું તેની ઓથે અમે ચપળતાથી ઝટપટ લપાઇ ગયા. ત્યાં તો આકાશમાં ઘેરો સુસવાટ સંભ-ળાયો અને થોડી વારમાં અમારા ઝાડનાં પાંદડાંને ઘસાઇને માદા ગરુડની પાંખોના છેડા ધ્રુજવતા પસાર થયા. મારા અંગેઅંગમાં એક રોમાંચ વ્યાપી ગયો.

લોકો માને છે કે ગરુડ પોતાના માળા બહુ દુર્ગમ ન પહોંચી શકાય એવે સ્થળે જ બાંધે છે. એ વાત બરોબર નથી એ હું ફરીથી ભારપૂર્વક કહું છું. એના જેવા બળવાન અને શિકારી પક્ષીને એમ પોતાની સલામતી શોધવાની પરવા પણ હોતી નથી. એને તો માત્ર પોતાની મોટી કાયા સમાઇ શકે એવી બખોલ મળી જાય એટલે બસ. અને એવી તૈયાર કુદરતી બખોલો બહુ દુર્ગમ હોતી નથી. પોતાની પાંખો સહેલાઇથી પસારી શકાય તથા સરળતાથી ઉડી અને ઉતરી શકાય એટલા વિસ્તારવાળી ખાંચ કોઈ ઉંચી ભેખડ કે કરાડમાં તે શોધી કાઢે છે, અને અંદરના અંધારા સાંકડા ભાગમાં સાંઠીકડાં, રાડાં, ઘાસ વગેરે લાવીને નાખે છે. ઈંડાં મુકવા અને સેવવા બેસવા જેવું બની રહે એટલે બસ. માળો રચવાની પણ ખાસ કળા કે કાળજી એનામાં નથી હોતી. અમને બહુ નજીકથી ગરુડનો માળો જોવાની તક આ બીજી વાર મળી ગઇ, એટલે આ બધી વિગતો અમે ધ્યાનપૂર્વક જાણી શક્યા.

બચ્ચાં જોકે હવે સારીપેઠે મોટાં થઇ ગયાં હતાં છતાં મા-બચ્ચાં વચ્ચેની લાગણી ગઇ ન હતી. ફરીથી માદાએ અગાઉની પેઠે ઉતરતાંવેંત પોતાના નહોર સંકેલી લીધા, ફરીથી બચ્ચાં આવીને તેની પાંખો નીચે લપાયાં ને પછી બહાર આવી ખાવા માટે તલસવા લાગ્યાં. પણ આ વખતે મા કશું લાવી નહોતી, એટલે નિરાશ થઇ ચાલ્યાં ગયાં અને સામે પવને આતુર મોઢાં કરી બાપની વાટ જોતાં બેઠાં.

ધોંડકાકાએ ઇશારત કરી એટલે અમે ધીમેધીમે સરકીને આગળ ચાલ્યા અને ઉપર ચડવા માંડ્યું. એકાદ કલાકની ઝહેમત પછી અમે બરોબર ગરુડના માળાના મથાળે આવી લાગ્યા. સાપની પેઠે પેટ ઘસીને તેના પર થઇ અમારે પસાર થવાનું હતું. મારું નાક માળા નજીક આવતાં જ સડેલાં હાડકાં અને માંસની દુર્ગંધથી મારું માથું ફાટી ગયું! આવડું મોટું પક્ષીઓમાં રાજા સમું ગૌરવશાળી અને શક્તિમાન આ પક્ષી જરા ય સુઘડ કે ચોખ્ખું નહિ!

જોતજોતાંમાં અમે ચિત્તુવાળી બખોલે પહોંચ્યા. અમને જોઇને તેને નીરાંત થએલી લાગી; હરખાયો પણ જણાયો. પરંતુ પીંજરામાં આવતાં ભડકવા લાગ્યો. મેં થોડા દાણા તેને નાખ્યા. અરધાક ખાધા હશે ત્યાં મેં તેને પકડવા હાથ લંબાવ્યો. પણ એથી તે ચમક્યો ને ત્યાંથી ઉડીને બહાર નાઠો.

થઇ રહ્યું! તેની પાંખોનો ફફડાટ નીચે બખોલમાં બેઠેલા માદા ગરુડને કાને પડ્યો. તેણે બહાર ડોકું કાઢ્યું. તેની ચાંચ ક્રૂરતાની તલબથી જાણે ધ્રુજતી હતી. પલવારમાં તેણે પાંખો પસારી ને ઉડી નીકળી. નીચે

જંગલમાં બધા અવાજ એકદમ શમી ગયા. અમે નક્કી માન્યું કે ચિત્તુનું આવી બન્યું.

એકાએક એક કાળો ઓછાયો ચિત્તુ પર પડયો. તે ગરુડનો જ હતો. પણ તે ઘડીક ત્યાં રહીને પાછો ખસી ગયો. એટલામાં તો ચિત્તુને ભયની ખબર પડી ગઇ. હતું તેટલું બળ કરીને જીવ લઇને તે ઉડયો. કાંઈ પણ યોજના કે વિચાર વિના, આડોઅવળો, જેમ ફાવ્યું તેમ, આંધળિયાં કરીને તે ઉંચે ચડતો જ ગયો, ને થોડી વારમાં તો નજર આગળથી અદૃશ્ય થઇ ગયો.

મેં ઉંડો નીસાસો મુકયો, ને તેની આશા છોડી દીધી. પણ ધોંડકાકાએ ખાતરીથી કહ્યું કે મારી નિરાશા ખોટી હતી. એકાદ બે દિવસમાં ચિત્તુ અવશ્ય મળવો જ જોઇએ એમ તેમણે મને આગ્રહપૂર્વક સમજાવ્યું. છેવટે અમે એટલો વખત અહીં જંગલમાં જ ગાળી નાખવાના નિશ્ચય પર આવ્યા.

હિમાલયના જંગલમાં આટલી ઉંચાઇએ રાત ગાળવાની હતી એ વિચારે કોઇ વિચિત્ર લાગણીથી મને રોમાંચ થઇ ગયો. ધીમેધીમે સાંજ પડી. અંધારૂં વધતું ગયું. અમે દેવદારુનાં ઝાડનો આશરો શોધ્યો. પણ આજ તો આખા દિવસના રખડપાટથી એટલા થાકયા હતા કે રાત કેમ નિર્વિઘ્ને વીતી ગઈ તે જણાયું પણ નહિ.

રાત્રે કલ્પનાથી ગણત્રી કરીને ધોંડકાકાએ અમને સમજાવ્યું હતું કે ગરુડનાં આ બચ્ચાં હવે બરોબર પાકાં ઉમરલાયક થઇ ગયાં છે, એટલે આજકાલમાં જ ઉડવા માટે બહાર નીકળવાં જોઇએ. બીજાં પક્ષીઓની પેઠે ગરુડ પોતાનાં બચ્ચાંને ઉડતાં શીખવતું નથી. એ તો બચ્ચાંને ઉમરે પહોંચેલાં જાણે કે તરત તેમને એકલાં મુકી માળો છોડી ઉડી નીકળે છે.

સવાર પડયું. દિવસ ચડતો ગયો. અમે એટલામાં થોડું ફર્યા અને ધોંડકાકાએ શોધેલો થોડો જંગલી પાલો તથા સાથે લાવેલા ચોળા ખાધા. સાંજ થવા આવી. દિવસ આખો વીતી ગયો, પણ નર ને માદા ગરુડ દેખાયાં નહિ. રાત પડી ગઈ ને બચ્ચાં માબાપની આશા છોડી બખોલના અંદરના ભાગમાં જઇ ભરાયાં. અમે પણ અમારી જગ્યાએ જઇ આરામની ગોઠવણ કરી.

અમે એટલે બધે ઉંચે હતા કે કોઇ હિંસક પશુના ત્યાં ભય ન હતો. વાઘ કે ચિત્તા એટલે ઉંચે પહોંચી ન શકે એમ નહિ; પણ રાતને વખતે સામાન્યરીતે તેઓ શિકારની શોધમાં નીચે તળેટીમાં જ ભમતાં હોય. નીચેનાં જંગલોની ઘાડી લીલોતરીમાં ને ઝરણાંને કાંઠે ઘેઘૂર જામેલાં કુંળા લીલા ઘાસમાં ચરવા આવતાં હરણ, સાબર, જંગલી ભુંડ અને બીજાં પ્રાણીઓનો શિકાર ત્યાં સહેલાઇથી મળી શકે, એટલે વાઘ ને દીપડા સામાન્ય રીતે રાત્રે ત્યાં જ ફરતા હોય. ઉપર તો ક્વચિત કોઇ સંજોગવશાત જંગલી બિલાડા, અજગર કે બરફના ચિત્તાનો ભો રહે. એ સિવાય બીજાં પ્રાણી ઉંચે આવતાં નથી. અહીંની ચમરી ગાય (યાક) પણ આટલી ઉંચાઇએ જવલ્લે જ નજરે પડે. કોઇ રડ્યુંખડ્યું જંગલી બકરૂં કોઇ વાર આવી ચડે.

આમ જોકે અમે હિંસક પ્રાણીના ભયથી તદ્દન સલામત હતા, છતાં આજની રાત મને બહુ જ ગેબી અને રમણીય–ભયંકર લાગી. દિવસે બહુ થાક નહોતો લાગ્યો અને ઠંડો પવન છરીની પેઠે કાળજું વીંધતો સુસવતો હતો એટલે મને તો ઉંઘ જ ન આવી. મારી બધી ધાબળીઓ શરીરની આસપાસ વીંટાળી હું આખી રાત બેસી રહ્યો.

શાંતિ અદ્‌ભુત હતી, અગાધ હતી;—કોઈ અતિશય તંગ કરેલા ઢોલ જેવી: જેના પર આપણો શ્વાસ અથડાય તોપણ ગાજી ઉઠે એવી! આ તીણી નિઃશબ્દતાથી હું જાણે, હતો ત્યાં સીવાઇ જ રહ્યો. કોઇકોઇ વાર ક્યાંક એકાદ જંગલી બિલાડો કુદતો ને તેનાં પગ તળે સુકાં પાંદડાં કચરાના અવાજ થતો. અગાધ શાંતિના ઉંડા સરોવરમાં પથરો પડયા હોય તેમ એ પાંદડાંનો ખખડાટ પણ મોટી સુરંગ ફુટી હોય તેમ ગાજી ઉઠતો.

ધીમેધીમે તારાઓ એક પછી એક પશ્ચિમમાં ડુબવા લાગ્યા. રાતનો ત્રીજો પહોર જેમજેમ જામતો ગયો તેમતેમ આ ગેબી વાતાવરણમાં જાણે ભરતી આવીને તે વધુ ને વધુ ઉંડું, ઘેરૂં ને ભયાનક થતું ગયું. એ ગહનતા અને શાંતિના ઉંડાણમાં હું જાણે ડુબી ગયો હતો. એવામાં એકાએક, તલવાર સમાણાતી હોય એવો કંઇક અવાજ નીચેના ગરુડના માળામાંથી આવ્યો. એ અવાજ આવ્યો, ડુબ્યો ને ફરીથી એ જ જગ્યાએથી એવો જ અવાજ આવ્યો. પહો ફાટવા આવ્યો હતો. ગરુડના બચ્ચાં આળસ મરડી પાંખો ખરખરાવતાં હતાં તેનો એ અવાજ હતો.

તરત જ, એક પછી એક ચોમેરથી વિધવિધ અવાજો ઉઠી નીકળ્યા. ઉપર થઈને બગલા ઉડવા લાગ્યા; બીજા પંખીઓ ઉંચે આકાશમાં તરવા લાગ્યાં; નીચે તળેટીમાંનાં ઝાડની ડાળીઓ પરથી પંખીઓએ પરસ્પર વાતો કરવા માંડી; અને કોઇ મોટા રમઢોલમાં શીંગડું બોકર્યું હોય ને અવાજ થાય એમ એક ચમરીગાય નજીકમાં ભાંભરી.

એવઘડી-ઘડીમાં તો દૂર કાંચનગંગાની શિખરમાલા પ્રભાતના શીતળતેજસ્વી પ્રકાશથી ઝળહળી ઉઠી; તેની પાછળનાં ને પડખેનાં બીજાં નાનાં શિખરો એક પછી એક કેસુરંગી વાઘા સજી પ્રકાશી ઉઠ્યાં. જંગલના ફૂલછોડનાં ઝુંડ ઝાકળબિંદુઓને નચાવતાં પ્રભાતના પવનમાં ડોલી રહ્યાં. જોતજોતાંમાં પ્રકાશની કેશવાળી હલાવતો સૂર્ય આકાશના ખભા પરથી ફાળ ભરી કુદી આવ્યો અને હિમમંડિત શિખરમાલાઓ અગ્નિની જ્વાળામાં નહાતી હોય એવી રક્તરંગે ભભુકી રહી.

ધોંડકાકા ને રાજુ જાગી ઉઠ્યા. રાજુ તો એના ગામના મંદિરનો આચાર્ય હતો. એણે તરત વૈદિક પ્રાર્થનાઓના ઉચ્ચારોથી વાતાવરણ ભરી દીધું.

(ચાલુ) ઇ. ત.

અત્યારના જગતનું સૌથી સમૃદ્ધ શહેર ન્યૂ યૉર્ક જે ટાપુ પર વસેલું છે તે માનહટ્ટન બેટ સૌથી પહેલાં ડચ લોકોએ અમેરિકાના વતની રેડ ઇંડિયનો પાસેથી ૨૪ ડૉલરની કીમતે ખરીદ્યો હતો. તમને લાગશે કે બહુ જ સોનાનું સાટું!

પણ એક બેંકરે હિસાબ કાઢ્યો છે કે એ વખતે જો એ ૨૪ ડૉલર વ્યાજે મુક્યા હોત તો આજ દિવસ સુધી ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વધીને તેના ચાર અબજ કરતાં પણ વધારે ડૉલર થયા હોત! જ્યારે હમણાં થોડા સમય પહેલાં માનહટ્ટન ટાપુની કીમતની આંકણી કરવામાં આવી ત્યારે તે ત્રણ અબજ ને એંશી કરોડ ડૉલર જેટલી ઠરી હતી. બોલો હવે; એ તે સોનાનું સાટું હતું કે ૨૦ કરોડની ખોટનો વેપાર?

બાપા—જયંતિ, માસ્તર ફરિયાદ કરે છે કે તું રોજ નિશાળે મોડો જાય છે.

જયંતિ—પણ એમાં મારો વાંક નથી, બાપા. એ લોકો હું જાઉં તે પહેલાં જ ઘંટ વગાડી દે છે!

જમવા આવનાર (વીશીના નોકરને)—આવો કચરા જેવો ખોરાક હું ખાવાનો નથી; બોલાવ તારા શેઠને.

નોકર—એથી કાંઈ ફાયદો નથી; કેમકે એ પણ એ ખાવાના નથી!



ઉગતી પ્રજાની પ્રવૃત્તિ

હસ્તલિખિત પત્રો

હસ્તલિખિત માસિકોની પ્રવૃત્તિ વિદ્યાર્થીવર્ગમાં અને મિત્રમંડળોમાં ઘણા વખતથી પ્રચાર પામી છે; પણ તેમાંથી બે ચારને બાદ કરતાં બાકીનાં ઘણાખરાં અર્થ સમજ્યા વિનાનું અનુકરણ અને હેતુરહિત લેખન જ લાગે છે. અમરેલીમાં ગયા માસની આખરે પુસ્તકાલય પરિષદ થઈ તે વખતે પુસ્તક પ્રદર્શન પણ ગોઠવાયું હતું. તેમાં ગુજરાતનાં હસ્તલિખિત માસિકોનો મોટો સંગ્રહ આવ્યો હતો. પ્રદર્શનના ચાલકોએ સરસ અંકો પર પારિતોષિક આપવાનું ઠરાવ્યું હતું. તેનો લાભ આટલાં હસ્તપત્રોને મળ્યો હતો: (૧) સોપાન (૨) પ્રેરણા (૩) મધપૂડો (૪) આત્મશ્રદ્ધા (૫) યુવક.

'જ્ઞાનાંજલિ' અને 'ધ્વનિ'ના અંકો સર્વાનુમતે ઉત્કૃષ્ટ અને સર્વોત્તમ ગણાયા હતા; પણ તેના તંત્રી બચુભાઈ રાવતે ઘણા વખતથી તે પ્રવૃત્તિ બંધ કરી છે, અને હરીફાઇની બહાર રહેવાની ઇચ્છા જાહેર કરી હતી એટલે તેને પારિતોષિક આપવાપણું ન હતું. તેમણે જે રીતે માસિકના નામ અને ઉદ્દેશની સાર્થકતા જાળવી બતાવી છે તે મુજબ ભાગ્યે જ હજુ સુધી બીજાં પત્રોમાં નજરે પડી છે.

હસ્તલિખિત પત્રોનો મુળ ઉદ્દેશ, તે ચલાવનારા મંડળના અભ્યાસનું સુંદર પ્રદર્શન થાય, અનુભવોની નોંધ રહે, વાચનનો સાર સંગ્રહાય તથા કલા અને સુરુચી ખીલે એવો છે. સરસ અક્ષરો અને સુશોભનોથી માંડીને માસિકની બાંધણી સુધી ચાલકોની ક્રિયા તથા કુશળતાનું માપ તેમાંથી મળી આવે છે. આપણા વિદ્યાર્થીઓ અને યુવકોમાં કેટલો મનોવિકાસ થયો છે, કેટલું અવલોકન વધ્યું છે, કેટલા સંસ્કાર તેમણે ઝીલ્યા છે, કેવી અને કેટલી કળાદૃષ્ટિ ખીલતી છે, એ સ્પષ્ટપણે સમજવા માટે આવાં હસ્તલિખિત પત્રોનું પ્રદર્શન એ સરસ તક છે.

આપણા વિદ્યાર્થીઓ હજુ કઈ સૃષ્ટિમાં રમે છે તે તેમને સુઝતા લેખો અને વાર્તાઓ પરથી ધ્વનિત થાય છે. આસપાસની દૃશ્ય સૃષ્ટિમાંથી તેમને કશી પ્રેરણા કે અભ્યાસ લેવાનું જરા યે સુઝતું નથી એમ કહીએ તો ચાલે. કુદરત, ઝાંટ, પશુ, પ્રાણી અને વાતાવરણના ફેરફારો તથા નિયમો સમજાવનારૂં સાહિત્ય સાવ અસ્પૃશ્ય રહ્યું દેખાય છે. ચાલુ



અમરેલી પુસ્તકાલય પ્રદર્શનમાં આવેલાં
હસ્તલિખિત પત્રોમાંનાં કેટલાંક

બનાવોની તવારીખ આપવામાં કે વિદ્યમાન મહાન પુરુષોના પરિચયો લખવામાં જે દષ્ટિ ને કળા જોઇએ તેનું ક્યાંય દર્શન થતું નથી.

હસ્તલિખિત પત્રોમાં બહુબહુ જાતનાં અણખેડયાં સાહિત્યક્ષેત્રો ખીલવી શકાય એમ છે. ગામ, જાતિ, દેશ અને સાધારણ જનસમૂહમાંથી વસ્તુ અને વિચારની સામગ્રી અથાગ મળી આવશે.

દેશની ઓસરી જતી કળા અને સંસ્કૃતિનાં તત્ત્વો પર સૂક્ષ્મ વિચાર, નોંધ કે સંગ્રહ કરવા ઇચ્છતા હોય તેને માટે થોડું કામ નથી. બધા જ કંઈ કવિતા લખનારા કે સુંદર વાર્તા લખનારાઓ બની ન જ શકે. દરેકમાં પોતાની દષ્ટિ અને શક્તિ પ્રમાણે વ્યક્તિગત કામની આવડત હોય છે. તેને પ્રકાશ આપવાને આવાં હસ્તલિખિત પત્રો એ સુંદર ક્ષેત્ર છે. એમ છતાં ઘણાં હસ્તલિખિત પત્રોના તંત્રીઓ દેશના જાણીતા લેખકો કે વિદ્વાનો પાસે લેખોની યાચના કરી પોતાની શક્તિની વંચના કરે છે તે શોભાભર્યું નથી જ. છપાતાં પત્રોમાંથી એવા માણસોની શૈલી કે વિચારો સમજવાને આખી જનતાને અવકાશ છે. અંગત સંબંધને કારણે તેમના લેખો મેળવીને નાના સમુદાયમાં પુરી રાખવાની રીત પસંદ કરવા જેવી નથી.

卐 卐

'ભારત' નામનું બે ફુલ્સકેપ કાગળ ભરીને એક હસ્તલિખિત અઠવાડિક શ્રી દક્ષિણામૂર્તિ ભવનનું વિદ્યાર્થીમંડળ શાળાની વિજ્ઞાપન પાટી (નોટીસ બોર્ડ) ઉપર મુકે છે. તેમાં ખાસ શોભા કરવાનો કે દેખાવની બીજી ચાપચીપ કરવાનો લેશ પણ પ્રયાસ નથી હોતો; પણ સુવાચ્ય અક્ષરોમાં માત્ર પેન્સિલથી ઉપયોગી લખાણ આપવામાં આવે છે. લખાણના વિષયો મુખ્યત્વે ભારતની ચાલુ પરિસ્થિતિનું ટૂંકમાં દિગ્દર્શન આપનારા હોય છે. તેમાં ભાષા વેધક અને મુદ્દાસર વપરાય છે. ઘણાં ચોપાનિયાં જોઇ જવાની દરકાર કે ફુરસદ હોતી નથી તેવાને આ પત્ર થોડી જ મિનિટોમાં માત્ર ઉભાંઉભાં વાંચી લેવાથી દેશનો પુરો ખ્યાલ આવી રહે. આ પ્રયોગ દરેક હાઇસ્કુલ, છાત્રાલય અથવા સંસ્થાએ અનુકરણ કરવા જેવો છે. એમાં રાષ્ટ્રભાવના ખીલવવા સાથે રાષ્ટ્રની ભૂગોળ અને ચાલુ ઇતિહાસ વગેરેનું મહત્ત્વનું શિક્ષણ મળી જાય છે.

卐 卐

'દૈનિક દક્ષિણામૂર્તિ' નામનું એક દૈનિક પણ થોડા માસ થયાં શ્રી દક્ષિણામૂર્તિ ભવનમાં હાથે લખાઇને નીકળે છે. શ્રી વેણીલાલ બૂચ તેના તંત્રી છે. મુખ્યત્વે એ સંસ્થાના રોજંદા સમાચાર તેમાં આવતા હોવા છતાં, અંદર હમેશાં થોડા સુંદર ફકરા, નોંધો અને ચિત્ર પણ હોય છે. એવો એક ફકરો આ અંકની 'મિજલસ' સાથે નમુના તરીકે ઉતાર્યો છે.

卐 卐

સ્પર્ધાના દંશ અને દોષ દૂર કરવા કાઠિયાવાડના આગેવાન વ્યાયામપ્રચારક શ્રી સ્વામીરાવે એક સરસ પદ્ધતિ યોજી છે. વ્યાયામ કે રમતગમતની સ્પર્ધાઓમાં પહેલા આવનારને જ ઇનામ કે ચાંદ આપવાની રીતથી ઘણીવાર સ્પર્ધામાં ઉતરનારા ઘણાને એવી નિરાશા રહે છે કે કાયમ પહેલા આવનારને જ જીત મળશે. અને તેથી એવા માણસને ફરી વાર સ્પર્ધામાં ઉભેલા જુએ કે તેઓ બેસી જાય છે. આમાં વ્યક્તિ પર ઇર્ષ્યા અને આપ-નિર્વેદને અવકાશ મળે છે. સ્વામીરાવે એવી યોજના કરી છે કે દરેક જાતની સ્પર્ધામાં પહેલા આવનારને ઇનામ ન આપવું, પણ અમુક 'કક્ષા'એ કામ બજાવે તે દરેકને ઇનામ કે સર્ટીફિકેટ આપવું. આથી સ્પર્ધામાં કોઈ 'માણસ'ની સામે જોવાનું રહેતું નથી, પણ સ્પર્ધા માટે નક્કી કરેલું 'ધોરણ' જ સિદ્ધ કરવાનું રહે છે. આ પદ્ધતિથી દરેક માણસ સ્થાપિત કક્ષાએ પહોંચવા પ્રયાસ વધારશે ને સર્વસાધારણ વિકાસનું માપ (general efficiency) ચડશે.

卐 卐

ગુજરાત તરુણ સંઘ વિષે હજુ ગયાના આગલા અંકમાં અમે માહીતી આપી છે. તેનું પ્રથમ સંમેલન આવતી તા. ૨૦-૨૧-૨૨મી મેના દિવસોમાં વાત્રક નદીને તીરે ઉત્કંઠેશ્વર મુકામે થવાનું છે. ત્રણે દિવસોમાં જ્ઞાનરંજન અને સંમેલનનો સુંદર કાર્યક્રમ રાખ્યો છે તથા કેદારનાથ સુધીનું નાનું પર્યટન ગોઠવ્યું છે. તેમાં સભ્ય ન હોય પરંતુ સંપૂર્ણ ખાદીધારી હોય તે જ ભાગ લઈ શકે; સર્વસાધારણ રસોડે જમવાનું; અને રોજના ૦-૧૨-૦ જેટલું અંદાજે ખર્ચ આપવું પડવાનું: એ વિગતો ધ્યાનમાં રાખવા જેવી છે. નડિયાદથી કપડવણજ થઈ ઉત્કંઠેશ્વર જવાય છે. તેનું વિગતવાર માહીતીપત્ર ઉત્સુક હોય તેમણે મંત્રી ફુલસિંહજી ડાભી, સુણાવ (આણંદ થઇને) એ સરનામેથી મંગાવી લેવું.

卐 卐

વસંત શાળા: છેલ્લા 'કુમાર'માં પ્રસિદ્ધ થએલી વસંત શાળાની યોજનામાં જે વાચકોને રસ હોય અને તેમાં સક્રિય ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે પંદર દિવસમાં નીચેને સરનામે પોતાનું નામ-ઠામ-ધંધો-વય વગેરે જણાવવું: મંત્રી, 'વસંત શાળા' કુમાર કાર્યાલય, રાયપુર અમદાવાદ.



નવાં પુસ્તકો

ઉનાળો આવ્યો છે. લાંબી રજાઓમાં બીજો કાંઇ નહિ તો વાંચનનો કાર્યક્રમ તો ઘણાએ ગોઠવ્યો હશે. ઉકળાટભર્યાં છતાં ગૂઢ શાંતિમાં ઝુલતાં ગ્રીષ્મનાં લાંબાં ને મધુર બપોર કોઈ ઝાડને છાંયે, ઘરને એકાદ શીતળ ખુણે કે ઓસરીને હીંચકે બેસીને કાંઈક પ્રિય વાંચનમાં ગાળવાના કોડ ઘણાને હશે. નીચે અમે ત્રણ નવાં પુસ્તકોનો પરિચય આપીએ છીએ.

ગુજરાતનું પાટનગર અમદાવાદઃ કર્તા, રત્નમણિરાવ ભીમરાવ; પ્રકાશક, ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ; કી. ૬ રૂ.

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ થોડા વખત પહેલાં પચીસ વર્ષ પુરાં કરી રજત મહોત્સવ ઉજવ્યો તે પ્રસંગના સ્મરણમાં સભાએ આ મોટો ગ્રંથ પ્રગટ કર્યો છે. વિદ્યાર્થીઓ અને ગરીબ જુવાનો તો કદાચ તે ખરીદી શકે નહિ, પણ ગુજરાતના પ્રત્યેક સાધનસંપન્ન ગૃહસ્થના ઘરમાં, દરેક પુસ્તકાલય અને શાળામાં તો એ ગ્રંથ અવશ્ય રહેવો જોઇએ. ગુજરાતના પાટનગરનો અંશેઅંશભાર પ્રમાણભૂત અને અતિ રસભર્યો પરિચય તેમાં આપેલો છે.

છેક વેદના સમયમાં હાલની સાબરમતીનું સ્થાન નક્કી કરીને લેખકે પ્રાચીન આશાવલની પાસે જ અમદાવાદ વસેલું છે અને કર્ણાવતી નગરી એની બાજુમાં જ હતી એ બીના સિદ્ધ કરવા અનેક આકર્ષક પુરાવા રજુ કર્યા છે. અને તે પછીની અમદાવાદની મુસલમાની સમયની તવારીખ વાંચતાં વાંચતાં તો એવું જ લાગે છે કે જાણે એ બધી બીના આપણી નજર સામે બની રહી છે. એમાં ઇતિહાસની શુષ્કતા નથી; નવલકથાના કલ્પનામયતા નથી. જુના પુરાવાઓ રજુ કરીને એ વખતની સમાજસ્થિતિનું જે દર્શન કરાવ્યું છે તે તો અત્યંત રસમય છે. મુસલમાન સુબાઓ અને હિંદુ પ્રજા વચ્ચે કેવો એખલાસ હતો તે જ્યારે સમજાય છે ત્યારે તો હાલની કોમી ઈર્ષ્યા ક્યાંથી આવી તે વિષે પ્રશ્ન થાય છે. ઇ. સ ૧૭૧૯માં જોધપુરના રાજા અજીતસિંહને પણ દિલ્હીના બાદશાહે ગુજરાતના સુબા તરીકે મોકલ્યા હતા. મરાઠા અને પેશ્વાની સના જોરમાં આવી ત્યારે મુસલમાન સરદારોને હિંદુ સૈનિકોએ અજબ સાથ આપ્યો હતો. અને લોકોએ મુસલમાનોની બહાદુરીનાં કવિતો પણ બનાવ્યાં છે.

મોગલાઈ પછી મરાઠાઓની સના અમદાવાદમાં આવે છે કે તરત જાહોજલાલી ને રાજાપ્રજાના સંબંધમાં ફેર પડે છે. મરાઠાઓ ને પેશ્વાઓએ પ્રજાને પરાઇ ગણીને રાજ્ય કર્યું તેથી તેનાં બહુ અપ્રિય સ્મરણો રહેલાં છે. લેખક આપણને આ બધા લાંબા ભૂતકાળમાંથી એકેએક પ્રસંગ ઉપર આકર્ષક હકીકત કહેતાંકહેતાં ઠેઠ આજના જમાનામાં લાવી ઉતારે છે.

અમદાવાદની બાંધણી અને સ્થાપત્ય, કારીગરી, ઉદ્યોગો, લોકો, ધંધાઓ, પ્રસિદ્ધ પુરુષો, દરેક જમાનાના રીતરિવાજો અને પોશાકો વિષે પણ એમણે યોગ્ય નિરૂપણ કર્યું છે વાંચનાર ગમે તે પ્રકરણથી શરૂ કરે, છતાં પુસ્તકનો વાંચન-રસ તેને ખેંચ્યા વિના રહેતો નથી.

વાંચનની આવી વિપુલ સામગ્રીનાં ૮૦૦ પાનાં ઉપરાંત ૧૦૩ ચિત્રો અને અમદાવાદનો એક વિગતવાર નકશો પણ સાથે આપ્યાં છે. પુસ્તકને શોભે એવું રૂપવિધાન કરવામાં પણ પ્રકાશકોએ સંકોચ બતાવ્યો નથી. પુસ્તક તરીકે એ એક સુંદર નમુનો થયો છે. ગુજરાતનો આ એક મહત્ત્વનો ગ્રંથ ગણાશે.

રસદ્વારઃ પ્રવેશક, કુ. વિનોદિની નીલકંઠ; સોલ એજન્ટ, ગટુલાલ ઍન્ડ કં. ગિરગામ મુંબાઈ ૪; કી. ૦-૧૦-૦

કુ. બહેન વિનોદિની નીલકંઠની અભિનયકલા અને રંગભૂમિના સંસ્કરણ માટે બહાર આવવાની હીમતથી ગુજરાત પરિચિત થયું છે. આ નાનાં, કાવ્યમય ગદ્યખંડોનો સંગ્રહ એમની બુદ્ધિશક્તિનો પરિચય આપે છે. હૃદયના કોમળ ભાવોને સરળ છતાં પ્રવાહી કાવ્યમય ભાષામાં એમણે વહેવડાવ્યા છે. કૌમારના ભાવ, અભિલાષા અને કલ્પનાઓનું એમાં અચ્છું પ્રતિબિંબ છે. થોડાક અનુવાદ પણ છે; પરંતુ કેટલીક મૌલિક ચીજો તો એમની વયના લેખકને જેબ આપે એવી છે. 'તુલસીનું કુંડું' નામની એક નાનકડી વસ્તુ એમાંથી આ અંકમાં બીજે ઉતારીએ છીએ. પુસ્તકનું પુઠું એની ભાવના દર્શાવતું હોવાની જરૂર હતી.

રાસચંદ્રિકા (ભાગ ૧)ઃ કર્તા અને પ્રકાશક અરદેશર ફરામજી ખબરદાર, માઉન્ટ રોડ મદ્રાસ. કાચું પુઠું ૦-૧૪-૦ પાકું પુઠું ૧-૪-૦

'ભજનિકા' પછી મહીનેક દહાડે કવિ ખબરદારના રાસનો આ સંગ્રહ બહાર પડયો છે. કવિનો પોતાનો અને એમના ભજનોનો જરા વિસ્તૃત પરિચય અમે ૯૨મા અંકમાં કરાવ્યો છે. આ રાસસંગ્રહમાં એમના તદ્દન નવા જ પચાસ રાસ છે. પોતાના જુના રાસમાં બીજા નવા ઉમેરીને બીજો ભાગ પણ કવિ પ્રગટ કરવાના છે. એમનાં કાવ્યોને હવે વધુ ઓળખાવવાપણું રહ્યું નથી. એ જ કલ્પનાનાં ઉડ્ડયનો ને ઉપમાઓના ચમકારા આખા સંગ્રહમાં ઠેરઠેર વિલસી રહ્યાં છે. રાસરસિયા તો કોઇ એ વસાવવો નહિ ચુકે.

હોદેરી

બા ળ વિ ભા ગ

હોદેરી અને હૂરી નામે માજણ્યા બે ભાઈ હતા. મોટો ભાઇ માછીમાર હતો; નાનો ભાઈ શિકારી હતો.

એક દિવસ બેઉ ભાઈ વાદ વદ્યા: 'આજ તો હું શિકારે જાઉં અને તું માછલાં મારવા જા: જોઇએ કોણ ફાવે છે?' એમ કહીને મોટા ભાઇએ પોતાનો ગલ નાના ભાઇને દીધો અને નાના ભાઇનું તીરકામઠું પોતે લીધું. તીરકામઠું ખભે નાખીને એ તો શિકાર કરવા ચાલ્યો. પણ બાપડા માછીમારને શિકાર આવડે ખરો? બહુ યે માથાઝીક કરી પણ શિકાર હાથ ન આવ્યો. આખરે કંટાળીને હોદેરી પાછો ફર્યો અને જેવો ગયો હતો તેવો ઘેર આવ્યો. આવીને તેણે તીરકામઠું હૂરીને સુપરત કર્યું અને પોતાનો ગલ પાછો માગ્યો.

હવે ભોગજોગે બનેલું એવું કે ભાઇએ દીધેલો ગલ ક્યાંક ખોવાઇ ગએલો. એટલે હૂરી તો ગભરાયો. હૂરીએ મોટા ભાઇને બીજો નવો ગલ કાઢીને દીધો. પણ મોટાભાઇ શેના માને? એ તો કહે મને મારો જુનો ગલ દે. હૂરીએ તેને ઘણો સમજાવ્યો, પણ હોદેરી એકનો બે ન થયો. હૂરીએ તો કથરોટ ભરીને ભાઇ આગળ નવા ગલ ધર્યા; પણ હઠે ભરાએલો હોદેરી ન માન્યો તે ન જ માન્યો.

હૂરી તો દુ:ખનો માર્યો દરિયાકાંઠે જઇ પોક મુકી રડ્યો. એવામાં શીંકો-ત્સુત્સુ ઓજી નામે કોઇ એક ડોસો ત્યાંથી નીકળ્યો. માયાભર્યા સ્વરે એણે પુછ્યું, 'બાપુ, તું શા માટે રડે છે?' હૂરીએ તો માંડીને બધી વાત કરી. બુઢ્ઢાએ કહ્યું, 'ભાઇ, તું જરા ય દિલગીર ન થા. તારૂં દુ:ખ હું ટાળીશ.'

પેલા ડોસાએ તો એક ટોપલી બનાવી તેમાં હૂરીને બેસાડ્યો અને ટોપલીને દરિયામાં મુકી. ટોપલી તો ડુબતી ડુબતી પાણીમાં ઉંડે ઉતરતી ગઇ. થોડી વારમાં તો દરિયાઇ લીલોતરીથી લીલોકુંજાર એવો દેશ દેખાયો. ટોપલીમાંથી હૂરી નીચે ઉતર્યો અને ચાલતો ચાલતો સમુદ્રદેવના મહેલ આગળ આવી પહોંચ્યો.

મહેલનો ઠાઠ જુદો જ હતો. કોટને કાંગરા, મિનારા અને મજબુત કોઠા. દરવાજે કુવો અને કુવા ઉપર ઝાડ. ઝાડને છાંયડે હૂરી તો આમતેમ આંટા દેવા લાગ્યો. થોડીવાર થઇ ત્યાં કોઇ રૂપાળી બાઇ આવી. કુવે પાણી ભરવા જાય છે, આંખ ઉંચી કરે છે ને પેલા અજાણ્યાને જુએ છે. પાણી ભરીને શરમથી એ તો એકદમ ઘરમાં નાસી ગઇ અને પોતે જોએલા અજાણ્યા આદમીની માબાપને વાત કરી.

બાપે તો દીકરીની વાત સાંભળીને આદબાદ ગાલીચા પાથરી. મેમાનને આંગણે બોલાવ્યા અને આગમનનું કારણ પુછ્યું. હૂરીએ વળી પાછી માંડીને બધી વાત કહી સંભળાવી.

આ ઉપરથી સમુદ્રદેવે બધી માછલીઓને રૂબરૂ મળવા બોલાવી. માછલીઓનાં તો ટોળેટોળાં આવવા માંડ્યાં. સાગરના દેવતાએ સૌને પેલા ખોવાએલા ગલ બાબત પુછી



જોયું. એક કહે 'મને ખબર નથી.' બીજો કહે 'મને ખબર નથી.' દેવ તો જે આવે તેને પુછે. એમ કરતાંકરતાં કોઇએ કહ્યું કે બુઢ્ઢી તાઇનું મોં લાલચોળ સુજેલું હતું. એ આવી નથી; માટે એને પુછો. દેવે તો એને બોલાવી મંગાવી. એનું મોં ઉઘાડીને જોયું તો અંદરથી ગલ મળી આવ્યો.

પણ હૂરી તો અહીં જ રોકાઈ પડ્યો. એ તો સમુદ્રદેવની રતન જેવી કન્યા તોયો-તામાને પરણ્યો અને દરિયામહેલમાં રહી આનંદ માણવા લાગ્યો. વાતવાતમાં ત્રણ વરસ વીતી ગયાં. હવે હૂરીને પોતાનો દેશ સાંભર્યો, ભાઇ યાદ આવ્યો અને ગલની વાત હૈયે ચડી.


હૂરીએ મનની વાત તોયોતામાને કરી. એ બીચારી મુંઝાઇ. એણે જઇને પોતાના બાપને કહ્યું. બાપે કહ્યું, 'ખુશીથી બેટા, ભલેને જાય. એમાં શું?' એમ કહીને તેણે જમાઇને સલાહ દીધી કે 'આ ગલ તમે તમારા ભાઇને દેજો; પણ દેતાં પહેલાં ધીમેથી એટલું બોલજો 'આ ગલ—શી મોટી વિસાત!' આ ઉપરાંત સસરાએ હૂરીને બે રત્ન દીધાં: એક ભરતીનું ને બીજું ઓટનું. એ રત્નો દેતાંદેતાં કહ્યું કે 'જો તમારો ભાઇ ન પસ્તાય અને માફી ન માગે તો ભરતીનું રત્ન પાણીમાં ઝબોળશો કે તરત ભરતી આવશે ને તેમાં તમારો ભાઇ ડુબવા લાગશે. પણ જો એ પછી પસ્તાય ને તમારી માફી માગે તો આ ઓટનું રત્ન અડાડશો કે તરત ચડેલી ભરતી ઉતરી જશે અને તમારો ભાઇ ઉગરશે. આમ કરશો એટલે તમારો ભાઇ એની મેળે ઠેકાણે આવશે.

હવે હૂરી તો જવાને તૈયાર થયો. ત્યાં એની વહુ તોયોતામા મળવા આવી. પહેલાં તો તોયોતામાએ હૂરીના કાનમાં કંઇક વાત કરી લીધી અને પછી મોટેથી બોલી, 'મેં કહ્યું તે સમજ્યાને? હવે તો વાયુનું તોફાન મંડાશે અને પાણીના લોઢ ઉછળશે તે દહાડે હું દરિયા કિનારે ઉતરીશ. તમે આપણે રહેવા સારૂ એક મજાની મઢુલી બાંધજો, એમાં રહેજો ને મારી વાટ જોજો.'

હૂરી તો જેમતેમ કરીને હસ્યો ને હા કહેતો કહેતો ચાલી નીકળ્યો. ચાલતો જાય ને પાછું વાળી જોતો જાય. એમ કરતાં તે ઘેર આવી પહોંચ્યો. ભાઇને મળ્યો ને ગલ સોંપ્યો. ભાઇ ગળગળો થઇ ગયો, પસ્તાયો ને માફી માગી.

પછી તો હૂરી દરિયા કિનારે બગલાંનાં પીછાં છાઇને મઢુલી બાંધી રહ્યો છે ને રોજ તોયોતામાની વાટ જુએ છે. એવામાં એક દિ' તોફાન મંડાયું. મોજાંના ડુંગર ડુંગર જેવડા લોઢ ઉછળ્યા ને તેમાં થઇને પડતી લથડતી તોયોતામા પોતાની નાની બહેન જોડે આવતી દેખાઈ.

થોડા દિવસ પછી એને દેવના ચક્કર જેવો દીકરો અવતર્યો. પણ એ જ ઘડીએ તોયોતામા માછલી થઇને દરિયામાં ઉડી પડી. હરખમાં ને હરખમાં જેવો હૂરી દીકરાનું મોં જોવા જાય છે ત્યાં તો દીકરાની દેનારી અલોપ થઇ ગઇ છે! (અંગ્રેજી ઉપરથી)





માધુકરી

જોને રે મોટાના બોલ, ઉજડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાં કોદરા મળ્યા;
ઘૅંસ ન થાય ન થાય ધાણી, કહે અખો એ વાતો જાણી.

સુકું જ્ઞાન ને બ્યંડળ મુછ, કરપી ધન કુતરાનું પુછ;
એ ચારેથી અર્થ ન થાય, સામું એમ ઉઘાડે કાય;
અખા અમલવિન હાકમ જશે, કથ્યું જ્ઞાન પણ હરિ નવ વસે.

—**અખો**

વિજ્ઞાનવીર હિદેયો નોગૂચી

બીજાંના પ્રાણરક્ષણ માટે પોતાના પ્રાણ અર્પણ કરનાર એ શહીદ જાપાનનો વિજ્ઞાનવીર હતો. વર્ષો સુધી એણે માનવ જીવનના કાતિલ દુશ્મનોનો પીછો લીધો અને છેવટે એ જ સંગ્રામમાં એણે પોતાનો જીવ દીધો.

દુનિયાની સેવામાં પ્રાણ ત્યજનાર ઘણે ભાગે સન્ત, શૂર કે પયગમ્બર હોય છે. હિદેયો નોગૂચી વિજ્ઞાનશાસ્ત્રી હતો. દુનિયાનાં સુખ અને આરોગ્ય માટે રાતદિવસ જે ભયંકર જોખમોમાં એ ધસ્યો જતો તેની કથા કુરબાનીના ઇતિહાસમાં કોઇ દિવસ સુવર્ણાક્ષરે લખાશે.

માનવજીવનના અસંખ્ય શત્રુઓ સામે એણે મોરચા માંડ્યા હતા. હડકવાનો રોગ, 'રૅટલસ્નેક' નામના સાપના દંશથી થતો મહાવ્યાધિ, બાલપણમાં પડતો પક્ષાઘાત, હજારોની આંખોનું નૂર બુઝાવી દેનાર 'ટ્રૅકોમા' નામનો રોગ, ને દુનિયાના અર્ધા ગોળમાં લાખોનો સંહાર કરનાર 'પીળો' જ્વર, એ સૌ નોગૂચીના સંગ્રામમાં મુખ્ય શત્રુઓ હતા. વાઘથી પણ નાના, છતાં ક્રૂરમાં ક્રૂર પશુઓથી પણ ભયંકર અને બલવાન એવા એ જ્વરજંતુઓના નાશ માટે એણે જાપાનમાં, ચીનમાં, અમેરિકન પ્રયોગશાળાઓમાં, અને જ્યાં એ જ્વરનું પ્રબળ સામ્રાજ્ય પ્રવર્તે છે એવા દક્ષિણ અમેરિકાના મુલકોમાં ઘૂમી ઘૂમીને છેવટે એ જંતુઓના પૃથક્કરણમાં એણે વિજય મેળવ્યો. આ વિજયને પરિણામે પશ્ચિમ ગોલાર્ધમાં એ જ્વરનો તેણે લગભગ સાવ વિનાશ કરી દીધો અને લાખો જીવનું રક્ષણ કર્યું.

પણ જ્વરજંતુઓનું એક ભયંકર સ્થાન હજુ જીતવાનું રહી ગયું હતું. તે આફ્રિકા. ત્યાંથી ફરી પ્રસાર પામી દુનિયામાં આ ભયંકર રોગનો પ્રભાવ શરૂ થાય તે પહેલાં આફ્રિકા પહોંચી જઇને આ જંતુઓના નાશના સાધનો તૈયાર કરવાનો એણે નિશ્ચય કર્યો. પણ કુદરતે કંઇક બીજું જ ધાર્યું હતું આફ્રિકાના કાંઠાળા મુલકોમાંના એક નિર્જન સ્થાને, એ જ જંતુઓના હુમલાથી આક્રાન્ત બનીને, જે રોગના નાશ માટે એનું નામ અમર થયું છે તે જ રોગના સપાટાથી એણે થોડા માસ પર દેહ છોડ્યો.



આવા શહીદ વીરો દેશના, પ્રજાના કે જાતિઓના સંકુચિત બંધનોથી મુક્ત થએલા હોઈ, એમની સેવા એ અમુક પ્રજા કે અમુક દેશને નહિ પણ સમગ્ર માનવતાને ઉપકારક બની રહે છે: એમની જીવનકથા એ સમસ્ત માનવતાના ઇતિહાસમાં ઉજ્જ્વલ સ્થાન પામે છે: એમનું સ્મરણ એ એકેએક સ્ત્રી પુરુષ અને બાલકને ઉપકારવિવશ કરી શકે છે.

—'સુકાની'

સો વરસનું કૅલેન્ડર જીભે

નીચે બતાવેલા કોષ્ટક તથા આપેલી રીતથી વીસમી

સદીના ગમે તે વરસના ગમે તે મહીનાની તારીખનો વાર સહેલાઇથી શોધી શકાય છે. એક વાર પ્રયત્ન કરી જુઓ; બહુ લહેજત પડશે. મહેનતમાં માત્ર નીચેનું કોષ્ટક જ યાદ રાખવાનું. એ છૂટી થઈ જાય એટલે તમે ગમે ત્યારે ગમે તે માસની તારીખનો વાર કહી શકશો.

મહીનાનું કોષ્ટક		વારના નંબર	
જાન્યુઆરી	૦	રવિ	૦
ફેબ્રુઆરી	૩	સોમ	૧
માર્ચ	૩	મંગળ	૨
એપ્રિલ	૬	બુધ	૩
મે	૧	ગુરુ	૪
જુન	૪	શુક્ર	૫
જુલાઇ	૬	શનિ	૬
ઑગસ્ટ	૨		
સપ્ટેમ્બર	૫		
ઑક્ટોબર	૦		
નવેમ્બર	૩		
ડિસેમ્બર	૬		

ઉપરનું કોષ્ટક બરાબર ધ્યાનમાં રાખી નીચે પ્રમાણે ગણતરી કરો: જે સાલ આપી હોય તેના છેલ્લા બે આંકડાને અનુક્રમે સાત તથા ચારથી ભાગો. પહેલાથી જે શેષ ને બીજાથી જે ભાજ્ય આવે તેને તારીખ તથા માસના કોષ્ટકમાં આપેલા અંક સાથે ઉમેરો, અને જે સરવાળો આવે તેને સાત વડે ભાગતા જે શેષ વધે તે જ વારનો નંબર.

ધારો કે ૧૯૩૦ની ૧લી જાન્યુઆરીએ કયો વાર આવે છે તે શોધવું છે. તો ૧૯૩૦ના છેલ્લા બે આંકડા તે ૩૦÷૭=૨ શેષ; અને ૩૦÷૪=૭ ભાજ્ય. હવે તારીખ ૧ છે, અને જાન્યુઆરીના કોષ્ટકનો અંક ૦ છે. આ બધાંનો સરવાળો કરતાં ૨+૭+૧+૦=૧૦. તેને ૭થી ભાગતાં શેષ ૩ વધે છે અને વારના કોષ્ટકમાં ૩ નંબર બુધવારનો છે; એટલે ૧૯૩૦ના જાન્યુઆરીની પહેલી તારીખે બુધવાર આવશે. ખાતરી કરી જુઓ. એક બીજો દાખલો લઇએ. ૧૯૨૯ના મે માસની ૭મી તારીખે કયો વાર આવશે? તો ૨૯÷૭=૧ શેષ; ૨૯÷૪=૭ ભાજ્ય; મેનો કોષ્ટક અંક ૧; અને તારીખ ૭મી છે. એ સૌનો સરવાળો ૧+૭+૧+૭=૧૬. તેને ૭ વડે ભાગતાં ૨ શેષ વધે છે, અને ૨ નંબર મંગળવારનો છે; એટલે આવતી ૭મી મેએ મંગળવાર આવશે. આવે છે ને?

હરિલાલ પારેખ

મહાગુજરાત

ખંડખંડ વિસ્તરતો હિંદી મહાસાગર મહારેલ:
તીર તીર જઈ સ્થાપી ગૂર્જરી સંસ્થાનોની વેલ.
મહાસાગરનાં પૃથ્વી-વિશાળ
સરોવર કીધાં ગૂર્જરી બાળ.

કનકસેનના ગુર્જરસંઘે ગુર્જરરાષ્ટ્ર વસાવ્યું. તમે પૃથ્વીખોળે મહાગુજરાત વસાવ્યું.

૧૬૬૨ના ઇંગ્લંડના મહારાજા બીજા ચાર્લ્સ સ્પેઇનની રાજકુમારીને પરણ્યા, ને પહેરામણીમાં પેલો વિશ્વવિખ્યાત મચ્છીમારોનો ટાપુ મળ્યો. ૧૦૦ પૌંડમાં એ ટાપુ ઈસ્ટ ઇંડિયા કંપનીને ચાર્લ્સ મહારાજે વેચ્યો. આજે એ મુંબાઈ નગરી પાંચ કરોડ પૌંડે પણ જ્યોર્જ મહારાજ વેચે ખરા? એ મુંબાઈ નગરીની જાહોજલાલી કોણે જમાવી? રાજકારણ-નિપુણ થોડાક પ્રભુઓ સેક્રેટરિયેટ ચલાવતા એ ખરૂં: કેટલાક કોંકણસ્થો ને ચિત્તપાવનો બુદ્ધિના, જ્ઞાનના, શાસ્ત્રોના ભંડાર ઉઘાડતા એ ખરૂં: પણ મુંબઇનો જગતવ્યાપાર ખીલાવ્યો ને માછીમારના બેટની મુંબાઇ નગરી કીધી એ તો ગુજરાતીઓએ: સુરતના ઝવેરીઓ, અમદાવાદના શરાફો, કચ્છ-કાઠિયાવાડના કપોળ ને ભાટિયા, ખોજા ને મેમણો, શાંદેરસિદ્ધપુરના વહોરાઓ, નવસારી-સંજાણના પારસીઓ,—એ સૌ મુંબાઈ નગરીમાં ન હોય તો મુંબાઇની જાહોજલાલીનો દશાંશ પણ આજે હોય ખરો? મહાગુજરાતને ઓળખ્યા વિના ગુજરાત અધુરૂં જ ઓળખાય. પાંખો વિનાનો જાણે ગરુડ દીઠો, કલાપ વિનાનો જાણે મયૂર નિરખ્યો! મહાગુજરાત એટલે ગુજરાતનો કલાકલાપ.

દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, ઝંગબાર, એડન, મસ્કત, કરાંચી, મુંબાઈ, કોચીન, કોલંબો, મદ્રાસ, કલકત્તા, રંગુન, જાવા, હૉંગકૉંગ, ટોકિયો: સારા યે હિંદી મહાસાગરને કિનારે કિનારે ને પૅસિફિક મહાસાગરને પૂર્વ કાંઠે આજનું મહાગુજરાત વસેલું છે. હિંદી મહાસાગરને તીરે કોઇ મોટું બંદર નથી જ્યાં ગુજરાતીઓનું થાણું નથી. ઇતિહાસની વાડીઓ સરીખડો, ગુર્જર મહાપ્રજાની ક્યારીઓ સરીખડો અર્વાચીન મહાગુજરાત હિંદી મહાસાગરને આરે આરે વસેલો છે.

ગુજરાતીઓનાં સાહસ તે અર્વાચીન મહાગુજરાત. જ્યાં જ્યાં વિચર્યા ત્યાંત્યાં ગુજરાતીઓએ ગુજરાત વસાવ્યું. રામ-લક્ષ્મણ-જાનકી વિંધ્યાચળ ઓળંગી મહા અરણ્યમાં પ્રવેશ્યાં ને જ્યાંજ્યાં આશ્રય કીધા ત્યાંત્યાં આર્ય સંસ્કૃતિ વાવી, એમ ગુજરાતનાં તમે વનવાસી રામ-લક્ષ્મણ-જાનકીઓએ પૃથ્વીમાં જ્યાંજ્યાં પગલાં કીધાં ત્યાંત્યાં ગુજરાત સ્થાપ્યું. ને સંસ્કૃતિનાં મંડપો ને કુંજો માંડ્યાં.

'નગરે આંબો એક રહોરિયો,
એની ડાળ પડી દરિયાપાર.'

મહાગુજરાતીઓ! ગુર્જર દેશે આંબાનું થડ છે. એની ડાળો દરિયાપાર પડેલી છે. ગુર્જર સંસ્કૃતિનાં મૂળ દ્વારિકામાં, રૈવતનગરીમાં, પાટણમાં, સિદ્ધપુરમાં, અમદાવાદમાં, સુરતમાં છે: ને તમે મહાગુજરાતીઓ તો ગુજરાતના એ આંબાની કેરીઓ. તમારી મધુરપ ચાખીચાખીને જગત ગુર્જરસંસ્કૃતિના મુલ મુલવશે.

—કવિ નાનાલાલ

❀ આ રાષ્ટ્રનો સબળ હું સુકુમાર આત્મ ❀

બોપદેવ નિશાળમાં અત્યંત ઠોઠ. વ્યાકરણ તો જરા ય ન આવડે. સૌ એને પથરો કહેતા. આ ઠપકાથી કંટાળી બટકતાં બટકતાં એક દહાડો તળાવની પાળે પનિહારીઓએ ઘડા મુકવાથી ઘસાએલા પથરા એણે જોયા. એના દિલને સોંસરી ચોટ લાગી ગઈ કે ઘડા જેવી પોચી ચીજથી આ પથરા ઘસાયા તો મારૂં પથરાપણું કેમ ન જાય? અને એણે એવી મહેનત કરી કે જે વ્યાકરણમાં એ ઠોઠ હતો તેમાં એ પારંગત થઇ ગયો; એટલો બધો કે પોતે સ્વતંત્ર વ્યાકરણ લખ્યું જે હજી વખણાય છે.

—

પાતળામાં પાતળા સોનાના વરખ એક ઇંચના ૧૬ હજારમા ભાગ જેટલા બનાવી શકાય છે. પાણીની સપાટી પર પથરાએલા તેલના પડનું કઃ એક ઇંચના બે કરોડમા ભાગ જેટલું પાતળું થઇ શકે છે. સાબુના પાણીના પરપોટાનાં પડ એથી ય પાતળાં થઈ શકે છે.

—

અપશબ્દોથી જીભને અપવિત્ર નહિ કરનારી ઘણી પ્રજાઓ હશે; પણ જેની ભાષામાં અપશબ્દો કે ગાળો માટે શબ્દો જ ન હોય એવી તો દુનિયામાં માત્ર એક જ પ્રજા, એસ્કિમો છે.

—

હાવાઈ ટાપુઓમાંનો કિલ્પા નામનો જ્વાળામુખી દુનિયાભરમાં સૌથી મોટો છે. એનું મુખ ત્રણ માઈલ પહોળું છે.

—

એક જર્મે પોતાની દુકાનના પાટિયા પર આ પ્રમાણે લખ્યું હતું: 'બીજે ક્યાંય છેતરાવા ન જતા. અહીં જ આવજો!'

—

પૅરેફિનમાં બુગ બોળીને સોડા પર ઘસવાથી કાટના ડાઘ નીકળી જશે.

—

તેલમાં બોળેલા કપડામાં સોય ભરાવી રાખવાથી તેને કાટ ચડતો નથી.

—

જુના ગોળમાં થોડો કપુર મેળવી રોજ સવારે ખાવાથી આધાશીશી મટે છે.

—

૯૨મા અંકને ૪૯મે પાને એક રમમય ફુટનોટ આવી ગઇ. તમને યાદ રહી છે?



સો ફુટ લાંબા દોરડાના આટલા મજબુત બંધ બાંધેલા છતાં મિ. નૉરમન કૉયકેન્ડાલ સળગતા ચક્કર સોંસરો કુદી પાણીમાં કુદી પડીને માછલીની પેઠે તરીને બહાર આવવાની અદ્ભુત શક્તિ ધરાવે છે.

—

બીલીના મુરબ્બો મરડો મટાડે છે.

—

તાજમહાલ જોવા જનારા મુસાફરોમાંના બહુ જ ઓછા લોકોનું ધ્યાન ત્યાંનાં આ સુંદર ફાનસો તરફ ખેંચાય છે. તદ્દન બહારના ચોગાનમાં પ્રવેશચોકની બંને બાજુએ પિત્તળનાં નકશીદાર ને મનોહર ઘાટનાં આ ફાનસો, છેક નાનામાં નાની વગત સુધી પહોંચેલી આપણી જુની કલાકૃતિનો પુરાવો છે



કાચની એક શીશીને પાણીથી પોણી ભરી, રબ્બરનું સજ્જડ બુચ મારી, તેના કાણામાં એક કાચની નળી તળિયા સુધી બેસાડો. પછી કાચની એક બરણીને જરા તપાવી પેલી શીશી પર ઢાંકો. અંદર હવા ન જવા પામે તેટલા માટે બંનેને તળિયે બાનો બ્લૉટિંગ મુકજો. મોટી બરણીમાંની હવા ઠંડી પડતાં સંકોચાશે, અને તે ખાલી જગ્યા પુરવા શીશીમાંથી નળી વાટે પાણીનો ફુવારો ઉડશે.

—

સળગતી મીણબત્તી પર નારંગીની છાલમાંથી નીકળતી પાણીની ત્રણ ફુડાડી જોજો: દારૂખાનું ફુટવા જેવું થશે.

—

નામ પાડ્યા પછી જો મલાયા બાળક માંદું પડે તો તેનું એ નામ થોડા વખત માટે બીજા કોઇ કુટુંબમાં આપી દઇ નવું નામ પાડવામાં આવે છે.

—

ગોકળગાયને એક માઇલ ચાલતાં ૧૪ દિવસ અને ૫ કલાક લાગે.